અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
શ્રદ્ધા કપૂરની તબિયત બગડી, એરપોર્ટ પર અભિનેત્રી આ હાલતમાં જોવા મળી



પેજ-09
વર્લ્ડ કપની ફાઈનલમાં મેચ વિનિંગ કેચ ઝડપવા બદલ સૂર્યકુમારને મળ્યો...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 27.00 |
| વડોદરા | 30.00 | 27.00 |
| સુરત | 29.00 | 27.00 |

પેજ 5

વોરન બફેટે તેમની વસિયતમાં બદલાવ કર્યો: તેમના મૃત્યુ પછી બિલ...

02 JULY-2024 TUESDAY

ન માની શકાય પરંતુ શી-જિન-પિંગે ઐતિહાસિક પંચશીલ સિદ્ધાંતની...

પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 79476.19 | ▲ | 443.46 |
| નિફ્ટી | 24141.95 | ▲ | 131.35 |
| સોનું | 71,615.00 | ▲ | 033.00 |
| ચાંદી | 87,241.00 | ▲ | 074.00 |

વર્ષ-13 । અંક-228 । વિક્રમ સંવત-2079 । જેઠ વદ-11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

## રાહુલે સ્પીકરને કહ્યું- તમારે મોદીજી સાથે ઝૂકીને હાથ ના મિલાવવો જોઇએ

રાહુલે કહ્યું, 'જ્યારે મેં તમારી (ઓમ બિરલા) સાથે હાથ મિલાવ્યા ત્યારે તમે સીધા ઊભા હતા, જ્યારે મોદીજીએ તમારી સાથે હાથ મિલાવ્યા ત્યારે તમે નમીને હાથ મિલાવ્યા હતા.' સ્પીકરે કહ્યું, 'મારી સંસ્કૃતિ અને સંસ્કારમાં એવું શીખવવામાં આવ્યું છે કે જેઓ આપણાથી મોટા હોય તેમને નમન કરીએ અને જે નાના હોય તેમને સમાન ગણીએ.' રાહુલ ગાંધીએ કહ્યું, 'સ્પીકર સૌથી મોટા હોય છે, આપણે બધાએ સ્પીકર સાથે નમીને વાત કરવી જોઈએ. તમે આ ગૃહના નેતા છો. તમારે કોઈની સામે ઝૂકવું જોઈએ નહીં. રાહુલ ગાંધીએ કહ્યું, 'મેં ભાષણ આપ્યું તેને વારંવાર ખોરવવામાં આવ્યું. જો અમે બધા ઊભા થઈને કોઈ વસ્તુનો વિરોધ કરીએ છીએ તો તે સત્ય છે, અહિંસા છે, હિંમત છે.

# ગુજરાતમાં તમને હરાવીશું, લેખિતમાં લઈ લો : રાહુલ

## શિવજીની તસવીર બતાવી રાહુલે કહ્યું- BJP હિંસક છે


(એજન્સી) નવી દિલ્હી । તા. 01

સંસદ સત્રના છઠ્ઠા દિવસે લોકસભા અને રાજ્યસભા બંને ગૃહોમાં ભારે હોબાળો થયો હતો. રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા થઈ રહી હતી. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ભાજપને હિંસા કરનારી પાર્ટી ગણાવી હતી. વડાપ્રધાન મોદીએ ઊભા થઈને તેનો વિરોધ કર્યો હતો. અમિત શાહે માફી માગવાની માગ કરી હતી. આ પહેલાં રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું- RSSની વિચારધારા દેશ માટે ખતરનાક છે. તેના પર અધ્યક્ષ જયદીપ ધનખરે કહ્યું- RSS દેશ માટે કામ કરે છે. સારા લોકો આમાં સામેલ છે. તેના પર ખડગેએ કહ્યું- RSSની વિચારધારા મનુવાદી છે. રાજ્યસભામાં ગૃહના નેતા જેપી નડ્ડાએ રાજ્યસભાની કાર્યવાહીમાંથી તેમના નિવેદનને હટાવવાની માગ કરી હતી. ધનખરે તેમની માગ પર કાર્યવાહીમાંથી નિવેદન હટાવ્યું.

**ભાજપ ભય ફેલાવી રહ્યું છે :** રાહુલે કહ્યું- 'હિન્દુઓ ભય ફેલાવી શકતા નથી.' ભાજપ ભય ફેલાવી રહ્યું છે. હું અયોધ્યાથી શરૂઆત કરું છું. જ્યારે રાહુલે આ કહ્યું ત્યારે અમિત શાહ ઉભા થઈ ગયા. 'નિયમ આમની પર લાગુ પડતો નથી? તેઓ સમગ્ર ભાજપને હિંસા ફેલાવનાર ગણાવી રહ્યા છે. હાઉસ ઓર્ડરમાં નથી. ગૃહ આ રીતે ચાલશે નહીં.

### પ્રિયંકા ગાંધીએ કર્યો રાહુલ ગાંધીનો બચાવ
### મારો ભાઈ હિંદુઓનું અપમાન ન કરી શકે...

લોકસભા અને રાજ્યસભા બંને સદનોમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર ચર્ચા થઈ હતી. આ દરમિયાન વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ચર્ચા શરૂ કરી અને બંધારણના બહાને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે પોતાના હાથમાં બંધારણની નકલ સાથે ભાષણની શરૂઆત કરી હતી. આ દરમિયાન તેમણે એવું નિવેદન આપ્યું જેનાથી હોબાળો મચી ગયો.



### 'તમે નિયમથી બોલી રહ્યા નથી', સ્પીકરની રાહુલને ટકોર

આ દરમિયાન સ્પીકર ઓમ બિરલાએ રાહુલ ગાંધીને ટકોર કરતા કહ્યું કે 'તમે નિયમ-કાયદાથી બોલી રહ્યા નથી. તમે પોતે શિવને ભગવાન ગણો છો. તમે વારંવાર તેમનું નામ લઈ રહ્યા છો, ફોટા લહેરાવી રહ્યા છો. તમે નિયમ મુજબ બોલી રહ્યા નથી.' બીજી તરફ, ભૂપેન્દ્ર યાદવે નિયમ બતાવતાં વિરોધ વ્યક્ત કર્યો અને કહ્યું કે 'જ્યારે કોઈ સભ્ય સ્પીકરના સંજ્ઞાનમાં આવ્યા બાદ પણ વારંવાર આમ કરી રહ્યો છે તો તમે તેને બોલતાં રોકી શકો છો.'

### વડાપ્રધાન મોદીએ પણ વિરોધ વ્યક્ત કર્યો હતો

રાહુલ ગાંધીના નિવેદન પર શાસક પક્ષના સભ્યોએ હોબાળો શરૂ કર્યો હતો. વડાપ્રધાન મોદી પોતાની ખુરશી પરથી ઊભા થયા અને તેને ગંભીર મામલો ગણાવ્યો. તેમણે કહ્યું કે, 'સમગ્ર હિંદુ સમાજને હિંસક કહેવું ગંભીર બાબત છે.' તેના પર રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'વડાપ્રધાન મોદી અને ભાજપ આખો હિંદુ સમાજ નથી.'

### દેશ સમક્ષ રાહુલ ગાંધીએ માફી માગવી જોઈએ : શાહ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, વિપક્ષના નેતાએ જે કહ્યુ છે તેના પર એમને માફી માંગવી જોઈએ. આ ધર્મને કરોડો લોકો ગર્વથી હિંદુ કહે છે. હું તેમને વિનંતી કરુ છું કે, તેઓ ઈસ્લામમાં પહેલા અભવ મુદ્રા પર ઈસ્લામિક વિદ્વાનોની સલાહ લે. શાહે કહ્યું કે, રાહુલ માને છે કે દેશના કરોડો હિંદુ હિંસક છે? શું વિરોધ પક્ષના નેતા માફી માગશે? હિંસાને કોઈ ધર્મ સાથે જોડવું ખોટુ છે. દેશ સમક્ષ રાહુલ ગાંધીએ માફી માગવી જોઈએ.

### દિલ્હીના ઉપ-રાજ્યપાલ વીકે સક્સેના માનહાનિ કેસ
## મેઘા પાટકરને 5 મહિનાની જેલ 10 લાખનો દંડ પણ ફટકારાયો



(એજન્સી) નવી દિલ્હી । તા. 01

મેધા પાટકરને 5 મહિનાની જેલની સજા ફટકારવામાં આવી છે. દિલ્હીની સાકેત કોર્ટે લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેના દ્વારા દાખલ કરવામાં આવેલા અપરાધિક માનહાનિના કેસમાં એક્ટિવિસ્ટને આ સજા આપી છે. મેધા પાટકર પર લેફ્ટનન્ટ ગવર્નર વિરુદ્ધ પ્રેસ રિલીઝ જારી કરવાનો અને આમ જનતામાં તેમની છબીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવાનો આરોપ હતો. એટલું જ નહીં, કોર્ટે મેધા પાટકરને વિનય સક્સેનાને 10 લાખ રૂપિયાની રકમ આપવાનો આદેશ આપ્યો છે.

### અમે કોઈને બદનામ કરવાનો પ્રયત્ન કર્યો નથી: મેધા

કોર્ટના નિર્ણય બાદ મેધાએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, સત્યને ક્યારેય હરાવી શકાતું નથી. અમે કોઈને બદનામ કરવાનો પ્રયત્ન કર્યો નથી. અમે માત્ર કામ કરીએ છે. વિશેષમાં તેમણે જણાવ્યું હતું કે, અમે આ નિર્ણયને ઉચ્ચ અદાલતમાં પડકારીશું.

### પાટકર અને સક્સેના કેસમાં કોર્ટની વિશેષ ટિપ્પણી

નર્મદા બચાવો આંદોલન સાથે સંકળાયેલા મેધા પાટકરને 7 જૂન થયેલી સુનાવણીમાં દોષિત ઠેરવવામાં આવ્યાં હતા. જેમાં સજા માટેની તારીખ 1 જુલાઈ નક્કી કરવામાં આવી હતી. આ સમગ્ર બાબતે કોર્ટે વિશેષ ટિપ્પણી કરતાં કહ્યું હતું કે, સક્સેનાને દેશભક્ત નહીં પરંતુ કાયર ગણાવતા અને હવાલા વ્યવહારમાં તેમની સંડોવણીના આરોપમાં પાટકરે માત્ર બદનક્ષી નહીં પરંતુ નકારાત્મક ધારણા જે ઉશ્કેરવા માટે કરાયેલ છે.

## ગુજરાત સહિત 25 રાજ્યોમાં વરસાદનું રેડ એલર્ટ

### હવામાન વિભાગે કહ્યું ચોમાસું હવે દેશના લગભગ તમામ રાજ્યોમાં પહોંચી ગયુ

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

હવામાન વિભાગ (IMD) એ દેશનાં 25 રાજ્યોમાં આજે અને આગામી 5 દિવસમાં વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. તેમાં રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ, પંજાબ, હરિયાણા, ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી, બિહાર, ઝારખંડ, દક્ષિણ અને ઉત્તર-પૂર્વના રાજ્યોનો સમાવેશ થાય છે. હવામાન વિભાગે કહ્યું કે ચોમાસું હવે દેશના લગભગ તમામ રાજ્યોમાં પહોંચી ગયું છે. આગામી ત્રણ દિવસમાં તે રાજસ્થાન, પંજાબ અને હરિયાણાના બાકીના ભાગોને પણ આવરી લેશે. જૂનમાં દેશભરમાં 165.3 મિમીને બદલે 147.2 મિમી વરસાદ નોંધાયો હતો. આ સામાન્ય કરતાં 11% ઓછું છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસું 19 મેના રોજ નિકોબાર પહોંચ્યું હતું. આ વખતે ચોમાસું કેરળમાં બે દિવસ વહેલું એટલે કે 30મી મેના રોજ પહોંચ્યું હતું. તે જ દિવસે ઉત્તર-પૂર્વનાં રાજ્યોને પણ આવરી લેવામાં આવ્યાં હતાં. ત્યારબાદ 12 થી 18 જૂન (6 દિવસ) સુધી ચોમાસું બંધ થયું. ચોમાસું 6 જૂને મહારાષ્ટ્રમાં પ્રવેશ્યું હતું અને 11 જૂને ગુજરાતમાં પ્રવેશ્યું હતું. 12 જૂન સુધીમાં ચોમાસાએ કેરળ, કર્ણાટક, ગોવા, આંધ્રપ્રદેશ અને તેલંગાણાને સંપૂર્ણપણે આવરી લીધું હતું.

### સનાતનને ડેન્ગ્યુ અને હવે હિંદુઓને હિંસક....
## રાહુલે ફરી આપણી સંસ્કૃતિ અને ઓળખ પર પ્રહાર કર્યા : ધામી



(એજન્સી) દેહરાદૂન । તા. 01

18મી લોકસભાના પ્રથમ સત્ર દરમિયાન કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ સોમવારે (1 જુલાઈ) ગૃહમાં કેન્દ્ર સરકાર પર ઉગ્ર નિશાન સાધ્યું હતું. આ દરમિયાન રાહુલ ગાંધીએ ભાજપ અને હિન્દુ ધર્મને લઈને ગૃહમાં નિવેદન આપ્યું હતું. કોંગ્રેસ સાંસદે કહ્યું કે જેઓ પોતાને હિંદુ કહે છે તેઓ 24 કલાક હિંસા અને નફરતમાં વ્યસ્ત રહે છે. તમે હિન્દુ નથી, આ દરમિયાન ગૃહમાં ભારે હોબાળો થયો હતો. હવે ગૃહમાં ઉપસ્થિત નેતાઓ બાદ ભાજપના અન્ય નેતાઓની પ્રતિક્રિયાઓ પણ સામે આવી રહી છે.

### મુખ્યમંત્રી ધામીએ કહ્યું હિંદુઓ પ્રત્યે આટલી નફરત કેમ

ધામીએ સોશિયલ મીડિયા એકાઉન્ટ X પર લખ્યું કે, હિંદુઓ પ્રત્યે આટલી નફરત કેમ? રામને કાલ્પનિક, સનાતનને ડેન્ગ્યુ અને હવે હિંદુઓને હિંસક, નફરત ફેલાવનારા અને જુઠુ બોલીને કોંગ્રેસના નેતાએ ફરી એક વખત આપણી સંસ્કૃતિ અને ઓળખ પર પ્રહાર કર્યા છે. પરિવારવાદના રાજકારણ અને તુષ્ટિકરણની વિચારધારાથી પીડાતા કોંગ્રેસના નેતાની આ વિભાજનકારી વિચારસરણી નિંદનીય છે.

### જાણો શું બોલ્યા હતા રાહુલ ગાંધી

રાહુલ ગાંધીએ ભાષણમાં કહ્યું કે આપણા ભારતમાં તમામ ધર્મોના મહાપુરુષો રહ્યા છે. તમામે અહિંસાની વાત કરી છે. ડરને દૂર કરવાની વાત કરી છે. જે લોકો પોતાને હિંદુ કહે છે તેઓ 24 કલાક હિંસા, નફરત અને અસત્યની વાત કરે છે. તે હિંદુ હોઈ જ ન શકે. પીએમ મોદીએ એક વખત પોતાના ભાષણમાં કહ્યું હતું કે, ભારતે કોઈ પર આક્રમણ નથી કર્યું.

## મધ્યપ્રદેશના અલીરાજપુરમાં ઘરમાંથી 5 લોકોના લટકતા મૃતદેહ મળી આવતા ચકચાર

અલીરાજપુર : મધ્યપ્રદેશના અલીરાજપુરમાં એક ઘરમાં પતિ, પત્ની અને ત્રણ બાળકના મૃતદેહ લટકેલી હાલતમાં મળ્યા છે. આ હત્યા છે કે આત્મહત્યા એ હજુ સ્પષ્ટ થયું નથી. પોલીસે પાંચેય મૃતકોના મૃતદેહને પોતાની કસ્ટડીમાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. પોલીસ આ મામલે તપાસમાં વ્યસ્ત છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે FSLની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. તમને જણાવી દઈએ કે આ ઘટનાએ દિલ્હીના બુરારીમાં બરાબર 6 વર્ષ પહેલાં 1 જુલાઈ, 2018ના રોજ બનેલા બુરારી સામૂહિક આત્મહત્યા કેસની યાદો તાજી કરી દીધી છે.

## મોદીના મંત્રીની પત્નીને 50 લાખ આપશે TMC સાંસદ, માનહાનિ કેસમાં આદેશ

(એજન્સી) નવી દિલ્હી । તા. 01


ચૂંટણી દરમિયાન વિવિધ રાજકારણીઓ એકબીજા પર આરોપ-પ્રત્યારોપ લગાવતા હોય તે વાત સામાન્ય છે. પરંતુ કેટલીકવાર આ આરોપો ખોટા પણ હોય છે. જેના લીધે ઘણીવાર ખોટા આરોપ લગાવનાર રાજકારણીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. હાલ તૃણમુલ સાંસદ સાકેત ગોખલે પણ એવી જ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ઉલ્લેખનિય છે કે, દિલ્હી હાઈકોર્ટે આજે તૃણમુલ કોંગ્રેસના સાંસદ સાકેત ગોખલે વિરૂદ્ધ આદેશ આપ્યો છે. જે મુજબ સાકેતે માનહાનિના કેસમાં 50 લાખ રૂપિયા કેન્દ્રિયમંત્રી હરદીપ સિંહની પત્ની લક્ષ્મીપુરીને આપવા પડશે. ઉલ્લેખનિય છે કે, સાકેત ગોખલેએ કેન્દ્રિયમંત્રી હરદીપ સિંહની પત્ની લક્ષ્મીપુરી પર આરોપ લગાવ્યો હતો કે, તેમણે તેમની અઘોષિત સંપત્તિથી સ્વિટ્ઝરલેન્ડમાં પ્રોપર્ટી ખરીદી છે.



## દ્રૌપદીની જેમ મારૂં ચીરહરણ થયું, પણ જનતા મારી કૃષ્ણ બની : મહુવા મોઈત્રા

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

સોમવારે 18મી લોકસભાની રચના બાદ સંસદના પ્રથમ સત્રના છઠ્ઠા દિવસે રાહુલ ગાંધી સહિત અનેક વિપક્ષી નેતાઓએ શાસક પક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. વિરોધ પક્ષના નેતાના નિવેદનો પણ સંસદમાં ભારે હોબાળો મચ્યો હતો. NEET, અગ્નિવીરથી લઈને હિન્દુ સહિતના મુદ્દાઓ પણ ભારે રણસંગ્રામ મચ્યો હતો. આ બહેતી ગંગામાં ટીએમસીના સાંસદે પણ હાથ ધોયા હતા અને સરકાર પર ચાબખા માર્યા હતા. ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ પણ આજે શાસક પક્ષને ઘેર્યો અને કહ્યું કે, છેલ્લી વખત જ્યારે હું અહીં ઉભી હતી ત્યારે મને બોલવા દેવામાં નહોતી આવી. સંસદમાં એક ચૂંટાયેલા સાંસદનો અવાજ દબાવવા માટે સત્તાધારી પક્ષને ભારે કિંમત ચૂકવવી પડી છે. મારા અવાજને દબાવવાના પ્રયાસમાં જનતાએ તમારા 63 સાંસદોને કાયમ માટે ઘરે બેસાડી દીધા છે.



## NEET રિ-એક્ઝામનું પરિણામ જાહેર : ટોપર્સ ઘટીને 61 થયા

### નવા સ્કોરકાર્ડ પણ બહાર પાડવામાં આવ્યા: 1563 ઉમેદવારમાંથી 750 હાજર ન રહ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

NTAએ NEET UG રિ-એક્ઝામનું પરિણામ જાહેર કર્યું છે. રિ-એક્ઝામમાં હાજર રહેલા 813 ઉમેદવારો સત્તાવાર વેબસાઈટ exams.nta.ac.in પર જઈને તેમનું નવું સ્કોરકાર્ડ જોઈ શકે છે. રિ-એક્ઝામના પરિણામો જાહેર થયા બાદ ટોપર્સની સંખ્યા હવે 67થી ઘટીને 61 થઈ ગઈ છે. પરિણામમાં ગ્રેસ માર્ક્સ મેળવનારા 1563 ઉમેદવારો માટે NEET UG રિ-એક્ઝામ લેવામાં આવી હતી. જેમાંથી માત્ર 813 જ હાજર રહ્યા હતા. 720માંથી 720 માર્ક્સ મેળવનાર 6માંથી 5 વિદ્યાર્થીઓએ રિ-એક્ઝામમાં હાજરી આપી હતી.



### NEET UGની પરીક્ષા 23મી જૂને યોજાઈ હતી

NTAએ NEET UG પરીક્ષામાં ગ્રેસ માર્ક્સ મેળવીને પસંદ કરાયેલા 1563 ઉમેદવારો માટે 23 જૂને રિ-એક્ઝામ હાથ ધરી હતી. લોસ ઓફ ટાઈમના કારણે નુકસાનની ભરપાઈ કરવા માટે ગ્રેસ માર્ક્સ આપવામાં આવ્યા હતા.

### રિ-એક્ઝામમાં 750 ઉમેદવારો હાજર ન રહ્યા

NEET UG રિ-એક્ઝામમાં 750 ઉમેદવારો હાજર રહ્યા ન હતા. કુલ 1563માંથી માત્ર 813 ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. ચંદીગઢમાં 2 ઉમેદવારો માટે પરીક્ષા કેન્દ્ર બનાવવામાં આવ્યું હતું, તેમાંથી એકેય પરીક્ષા આપવા આવ્યા ન હતા. છત્તીસગઢના 602 ઉમેદવારોમાંથી કુલ 291, ગુજરાતમાંથી 1 ઉમેદવાર, હરિયાણાના 494 ઉમેદવારોમાંથી 287 અને મેઘાલયના તુરામાંથી 234 ઉમેદવારોએ પરીક્ષા આપી હતી.

## પોર્શ કેસઃ પુણે પોલીસ સગીરના જામીનની વિરુદ્ધ, સુપ્રીમમાં અરજી દાખલ કરશે

નવી દિલ્હી : પોર્શ કાર અકસ્માતમાં સગીર આરોપીની મુક્તિ સામે પુણે પોલીસ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી શકે છે. બોમ્બે હાઈકોર્ટે 25 જૂને સગીરને જામીન આપ્યા હતા. ત્યારે કોર્ટે કહ્યું કે અમારે આરોપી સાથે એ જ રીતે વ્યવહાર કરવો પડશે જે રીતે કાયદાનું ઉલ્લંઘન કરનાર અન્ય બાળક સાથે અમે વ્યવહાર કરીએ છીએ. ગુનો ગમે તેટલો ગંભીર હોય. . 18-19 મેની રાત્રે આરોપીએ પુણેના કલ્યાણી નગર વિસ્તારમાં આઈટી સેક્ટરમાં કામ કરતા એક બાઈક સવાર છોકરા અને છોકરીને ટક્કર મારી હતી, જેના કારણે બંનેના મોત નીપજ્યા હતા.

## મહારાષ્ટ્રમાં વધ્યું ભાજપનું ટેન્શન : કેમ સામસામે આવ્યા શિંદે અને પવાર?



(એજન્સી) મુંબઈ । તા. 01

મહારાષ્ટ્રમાં હાલ ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની NCPની ગઠબંધન સરકાર ચાલી રહી છે, પરંતુ આ ગઠબંધનમાં ઘર્ષણ ચાલી રહ્યો છે. લોકસભા ચૂંટણીમાં મહાયુતીના ખરાબ પ્રદર્શન બાદ ગઠબંધનમાં ઘર્ષણ ચાલી રહ્યો છે ત્યારે રાજ્યમાં ઓક્ટોબરના સમયગાળામાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. જે મુદ્દે ગઠબંધનના સહયોગી પક્ષો વચ્ચે સીટની વહેંચણી અંગે ટકરાવ જોવા મળી રહ્યો છે.

### વિધાનસભા બેઠક અંગે તણાવ

હાલમાં જ મુખ્યમંત્રી એકનાથ શિંદેની પાર્ટી શિવસેનાના નેતા અને પૂર્વ વિધાયક સદાનંદ ચૌહાણના નિવેદનથી રાજકીય તણાવ સર્જાયો છે. નેતાએ ચિપલૂન-સંગમેશ્વર બેઠકની વહેંચણી વખતે વિવાદાસ્પદ નિવેદન આપતા કહ્યું કે, ભાજપ-શિવસેના ગઠબંધનમાં NCP પાછળથી જોડાઈ છે, માટે આ બેઠક પર NCPનો કોઈ અધિકાર નથી. આ બેઠક અંગે મોટી વાત છે કે, 2019ની ગત વિધાનસભા ચૂંટણીમાં આ બેઠકથી NCPના શેખર નિકમે ચૂંટણી જીતી હતી. છતાં શિંદેના નેતાએ આ બેઠક પર દાવો કર્યો હતો. આ દાવાથી રાજ્યના સત્તાધારી ગઠબંધનના અસ્તિત્વ સામે સવાલો ઉઠી રહ્યા છે.

### તમામ સહયોગી પક્ષો વચ્ચે ઘર્ષણ

મહારાષ્ટ્રમાં NDA ગઠબંધનમાં ઝઘડો માત્ર શિવસેના અને એનસીપી વચ્ચે જ નથી પરંતુ અગાઉ ભાજપ અને શિવસેના વચ્ચે પણ ઘર્ષણની ઘટનાઓ સામે આવી છે. લોકસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર અને તત્કાલિન કેન્દ્રિય મંભી નારાયણ રાણે માત્ર થોડાક જ મતોના અંતરથી જીત મળી હતી ત્યારે નારાયણ રાણેના પુત્રએ આરોપ લગાવ્યો હતો કે રાજ્ય સરકારના મંત્રી ઉદય સામંતે તેમના વિસ્તારમાંથી મત ટ્રાંસફર નથી કર્યા હતા. જે મામલે નીતેશ રાણે અને ઉદય સામંત વચ્ચે ઘર્ષણ જોવા મળ્યો હતો.



ગુજરાતના વિવિધ વિસ્તારોમાં મેઘરાજાએ ક્યાંક ધીમી ધારે તો ક્યાંક મારફાડ શરૂઆત કરી છે ત્યારે ચાણસ્મા સહિત પંથકમાં આકાશમાં કાળાં ડીબાંગ વાદળો છવાતા જાણે હમણાં વરસાદ તુટી પડશે તેવો માહોલ ઉભો થાય છે પરંતુ માત્ર મેઘરાજા જાણે છંટકાવ કરી સંતોષ માનતા હોય તેવું જોવા મળી રહ્યું છે તો બીજી બાજું ખેડૂતોએ બી.ટી. કપાસ ની વાવણી કરી દીધી છે તો કેટલાક ખેડૂતોએ ચોમાસું સિઝનની વાવણી માટે ખેતરો ખેડી છાણીયું ખાતર ભરી દઈ વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યા પરંતુ કોણ જાણે ચાણસ્મા સહિત પંથકમાં વરસાદી વાતાવરણ સર્જાય છે પરંતુ મેઘરાજા હાથતાળી દઈ રહ્યા છે. નિતીન ઠાકર (ચાણસ્મા)

## આગામી તા.25 જુલાઈના 'જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજાશે

વિશાલ જે હરવરા : જામનગર

જામનગર તા. 01 જુલાઈ, મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય સરકાર તરફથી જિલ્લા કક્ષાના પ્રશ્નો કે ફરિયાદો માટે લોકોએ ઉચ્ચ કક્ષાએ ગાંધીનગર સુધી ન જવું પડે તે માટે જિલ્લા કક્ષાએ 'જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ દિવસ' નું આયોજન કરવા માટે સૂચન કર્યું છે. જામનગર જિલ્લા કક્ષાએ આગામી તારીખ 25/07/2024 ના રોજ 'જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' નું આયોજન કરવામાં આવ્યું છે. જે માટે જિલ્લા કક્ષાના પ્રશ્નો-ફરિયાદો તારીખ 10/07/2024 સુધીમાં રજૂ કરવાના રહેશે.

## જાફરાબાદના સામાકાંઠા તલાવડી વિસ્તારમાં આવેલી સ્ટ્રીટ લાઈટ બંધ હાલતમાં

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

જાફરાબાદ ના સામાકાંઠા વિસ્તારમાં હાલમાં સાગરખેડૂ ના ઘરે ઘરે મંગલીક પ્રસંગો લગ્ન યોજાઈ રહ્યા હોય વરસાદી ઝાપટા પડતાં રાત્રીના સમયે સ્ટ્રીટ લાઈટ બંધ હાલતમાં હોવાથી લોકોમાં મુશ્કેલી વેઠવી પડી રહી છે. તલાવડી વિસ્તારમાં જનાવરો અને જાનવરોની અવરજવર રહેતી હોય અહીં બાવળીયા અને ઝાડી ઝાંખરા હોવાથી અહીં અવારનવાર સિંહો આવી ચડતા હોય છે. આ અંધારપટ હોવાથી કોઈ જાનવર નાગરિકો ઉપર હુમલો કરે તેવી પણ લોકોમાં ભય છે. વરસાદી ઝાપટા પડતાં મોટા ભાગના વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો બંધ થઈ ગઈ છે. રાત્રીના સમયે સ્ટ્રીટ લાઈટો બંધ હોવાના કારણે અંધારપટ્ટ છવાયો હોવાથી લોકોને અવર-જવર માં મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે. જેથી માર્ગો પર બંધ પડે સ્ટ્રીટ લાઈટો રીપેરીંગ કરી ફરીથી ચાલું કરવામાં આવે તેવી લોકોમાંથી માંગ ઉઠી છે. જાફરાબાદ ચોમાસા નો પ્રારંભ સમયે વરસાદી ઝાપટા પડી રહ્યા છે. હજુ તો કોઈ એવો ધોધમાર વરસાદ પડ્યો નથી ત્યાં સ્ટ્રીટ લાઈટો બંધ થઈ ગઈ છે.

## જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા મહિલાઓ માટે જાગૃત્તિલક્ષી કાર્યક્રમનું આયોજન કરાયું



વિશાલ જે હરવરા : જામનગર

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના માર્ગદર્શન તળે જિલ્લા શ્રમયોગી કલ્યાણ બોર્ડ કચેરી ખાતે મહિલાઓ માટે જાગૃતિલક્ષી કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં કાયદાકીય સુરક્ષા, મહિલાઓને વિવિધ સરકારી યોજનાઓ અંગેની માહિતી DHEW ની ટીમ દ્વારા આપવામાં આવી હતી. આ ઉપરાંત સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર, મહિલા પોલીસ સ્ટેશન, 181 મહિલા હેલ્પલાઈન, નારી અદાલત, મહિલા સુરક્ષા, વહાલી દીકરી યોજના જેવી વિવિધ યોજનાકીય માહિતી મહિલાઓને આપવામાં આવી હતી. આ સાથે મહિલા સ્વાવલંબન યોજનાની વિસ્તૃત માહિતી અપાઈ હતી અને મહિલા સ્વાવલંબન યોજના અંતર્ગત 15 જેટલા લાભાર્થીઓના અરજી ફોર્મ ભરવામાં આવ્યા હતા.

## ચાણસ્માના સુણસર ગામે બહુચરાજી મામલતદારનો નિવૃત્ત થતા વિદાય સમારંભ યોજાયો

નીતિન ઠાકર : ચાણસ્મા



ચાણસ્મા તાલુકાના સુણસર ગામના રહેવાસી અને મહેસાણા જિલ્લાના બહુચરાજી ખાતે મામલતદાર તરીકે ફરજ બજાવી ચુકેલા અને વય મર્યાદા પુર્ણ થતાં નિવૃત્ત થયેલા મામલતદાર નો વિદાય સમારંભ પોતાના માદરે વતન ખાતે યોજાયો હતો જેમાં અધિકારીઓ પદાધિકારીઓ અને નેતાઓ પત્રકારો તથા સ્નેહીજનો હાજર રહી વિવિધ મોમેન્ટો આપી શુભેચ્છાઓ પાઠવી હતી મહેસાણા જિલ્લાના બહુચરાજી ખાતે ફરજ બજાવતા મામલતદાર જોગસિંહ એન દરબાર ને તારીખ 30 જુન ના રોજ વયમર્યાદાના કારણે નિવૃત થતા તેઓનો વિદાય સમારંભ પોતાના માદરે વતન ચાણસ્મા તાલુકાના સુણસર ગામે રાખવામાં આવ્યો હતો જેમાં સૌપ્રથમ નિવૃત્તિ પામેલ મામલતદાર જોગસિંહ દરબારનો ખુલ્લી જીપમાં વરઘોડો કાઢવામાં આવ્યો હતો ત્યારબાદ ગામની પ્રાથમિક શાળામાં કાર્યક્રમ યોજાયો હતો જેમાં સૌપ્રથમ તેઓના ધર્મપત્ની દ્વારા કુમકુમ તિલક કરી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભવો તેમજ મહેમાનો દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું તથા પાટણ જિલ્લા પત્રકાર એકતા પરિષદ દ્વારા પણ તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## ડાંગ જિલ્લાનાં સુબીર ખાતે એસ.યુ.સી.આઇ. (કમ્યુનિસ્ટ) દ્વારા હુલ ક્રાંતિ દિવસની ઉજવણી કરવામાં આવી

સુશીલ પવાર : ડાંગ




ડાંગ જિલ્લાના સુબીર ખાતે એસ. યુ.સી.આઇ. (કમ્યુનિસ્ટ) દ્વારા હૂલ ક્રાંતિ દિવસ (સંથાલ વિદ્રોહ દિવસ) ની 169 મી જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.તેમજ આદિવાસી સમાજના લોકોના હક અંગે પણ જાગૃતતા લાવવા માટેનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.ઝારખંડ રાજ્યના સંથાલ પરગણામાં અંગ્રેજો વિરુદ્ધ સ્થાનિક આદિવાસીઓ એ 30 જૂન,1855 માં વિદ્રોહ કર્યો હતો. જેન 'સંથાલી હુલ ક્રાંતિ' કે 'સંથાલી વિદ્રોહ' તરીકે ઓળખવામાં આવે છે.આ વિદ્રોહ 30 જૂન 1855 થી 1857 સુધી ચાલ્યો હતો.આ આંદોલનમાં કેટલાય લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.જેમની યાદમાં 30 જૂન ના રોજ હૂલ ક્રાંતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે ડાંગ જિલ્લાના સુબીર ખાતે એસ. યુ. સી. આઈ. (કમ્યુનિષ્ટ) દ્વારા હૂલ ક્રાંતિ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં સુબીર તાલુકાના આસપાસનાં ગામડાના લોકો - મહિલાઓ તેમજ યુવાનો એ ભાગ લીધો હતો.આ કાર્યક્રમમાં પ્રથમ આંદોલનના પ્રણેતા સીદુ, કાનુના ફોટો પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

## જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પી.સી.& પી.એન.ડી.ટી. એક્ટની સલાહકાર સમિતિની બેઠક યોજાઈ




વિશાલ જે હરવરા : જામનગર

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પી.સી.& પી.એન.ડી.ટી. એક્ટ- 1994 ની સલાહકાર સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટરશ્રી (ઈનચાર્જ) વિકલ્પ ભારદ્વાજની માર્ગદર્શક ઉપસ્થિતિમાં અને શ્રી તૃપ્તિ રાઠોડના અધ્યક્ષસ્થાને આયોજિત બેઠકમાં નવા રજીસ્ટ્રેશન માટેની એક અરજી તથા રીન્યુઅલ રજીસ્ટ્રેશન માટેની બે અરજી મંજુર કરવામાં આવેલી હતી. આ ઉપરાંત કલીનીક ઈન્સ્પેકશનનો રિવ્યુ કરવામાં આવ્યો હતો. આ સાથે તાલુકા હેલ્થ ઓફિસરશ્રીઓ, મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ, જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને ઈન્સ્પેકશન કામગીરી વધુ સુદ્રઢ બનાવવા માટે સુચના આપવામાં આવી હતી.

## નર્મદા જિલ્લામાં ચોમાસાની આકસ્મિક સ્થિતિને પહોંચી વળવા NDRF અને SDRFની એક-એક ટીમ સ્ટેન્ડબાય રાખવામાં આવી



ભરત શાહ : રાજપીપળા

સમગ્ર દક્ષિણ ગુજરાત સહિત નર્મદા જિલ્લામાં ચોમાસુ સિઝનની શરૂઆત થતા વરસાદ વરસી રહ્યો છે. અગમચેતી અને તકેદારીના ભાગરૂપે જિલ્લા આપત્તી વ્યવસ્થાપન એકમ દ્વારા અગાઉ પ્રિ-મોન્સુન એક્ટિવિટીના ભાગરૂપે નીચાળવાળા વિસ્તારના તથા નદી કિનારાના ગામોમાં જઈને નાગરિકોને બચાવ અને રાહત કામગીરી અંગેની તાલીમો આપવામાં આવી હતી. જિલ્લામાં હાલ વરસાદની સિઝન હોય આકસ્મિક સ્થિતિ કે વરસાદી આફતને પહોંચી વળવા માટે તેમજ બચાવ અને રાહતની કામગીરી ઝડપથી થઈ શકે તે માટે નર્મદા જિલ્લામાં નાંદોદ તાલુકાના રામપુરા ખાતે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) અને ગરૂડેશ્વર તાલુકાના ગોરા ખાતે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF) ની ટીમો અદ્યતન સાધનો સાથે સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટનાઓને પહોંચી વળવા જરૂરી સાધનો સાથે પડકારો સામે લડવા માટે આ ટીમો સુસજ્જ છે. એન.ડી.આર.એફ. ટીમ પાસે પૂરના પાણી વચ્ચે ફસાયેલા લોકોના બચાવ અને આ જગ્યાઓ સુધી સરળતાથી પહોંચવા માટે ફ્લડ વોટર રેસ્ક્યુ માટેના વિવિધ સાધનો ઉપલબ્ધ છે.

## મલેકપુર ગામના લોકો છેલ્લા 4 વર્ષથી ગોડાઉનમાંથી આવતી ગેસની દુર્ગંધથી હેરાન



જગદીશ ત્રિવેદી : લુણાવાડા

મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુર ગામે ગામની વચોવચ્ચ ઈન્ડિયન ગેસ ગોડાઉન બનાવ્યું છે. આ ગોડાઉનમાં ખાનપુર અને મલેકપુર વિસ્તારના થઈ એક હજાર કરતાં પણ વધારે ગેસના બોટલનો સ્ટોક હોય છે. રહેણાક વિસ્તારમાં ગામની વચ્ચે ગેસ ગોડાઉનની પરમિશન તંત્ર દ્વારા આપવામાં આવી છે તે પણ નિયમ વિરુદ્ધ - કેટલું વ્યાજબી કહી શકાય? સ્થાનિક સહિત બાજુમાં આવેલ પ્રાથમિક શાળા અને સ્કૂલમાં એક હજારથી પણ વધારે બાળકો અભ્યાસ કરી રહ્યા છે તેમજ ગામમાં રહેણાંક મકાનો પણ આવેલા છે. ગામના લોકો છેલ્લા 4 વર્ષથી ગોડાઉનમાંથી આવતી ગેસની દુર્ગંધથી હેરાન પરેશાન બની રહ્યા છે. ત્યારે બાળકોના આરોગ્ય સાથે પણ ચેડાં થઈ રહ્યા છે. જેથી ગેસ ગોડાઉન નિયમ મુજબ ગામથી દુર લઈ જવા કે કોઈપણ ઘટના બને અને કોઈ પણ જાન હાની ન થાય તેવી જગ્યા લઈ જવા ગામ લોકો છેલ્લા ચાર વર્ષ થી લડત ચલાવી રહ્યા છે.

## પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં લોકજાગૃતિ માટે નવા કાયદા અંગે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું



વિશાલ જે હરવરા : જામનગર

જામનગર સહિત સમગ્ર ભારત માં તારીખ ૧ જુલાઈ ૨૦૨૪ થી IPC ઈન્ડિયન પિનલ કોડના સ્થાને ભારતીય ન્યાય સંહિતા નામનો કાયદો અમલમાં આવ્યો છે. જે ટૂંકમાં BNS તરીકે ઓળખાશે. જૂના કાયદામાં 511 કલમો હતી, હવે નવા કાયદામાં 358 કલમો રાખવામાં આવી છે. સુધારાઓ સાથે તેમાં નવા 20 ગુનાઓ સામેલ કરવામાં આવ્યા છે. 33 ગુનાઓ માટે સજાની મુદત વધારવામાં આવી છે. 83 ગુનાઓમાં દંડની રકમ માં પણ વધારો કરવામાં આવ્યો છે. કલમો: હત્યાનો અપરાધ IPC 302 હેઠળ હતો તે હવે BNS ની કલમ 101 હેઠળ આવ્યો છે. હત્યા પ્રયાસની કલમ IPC 307 હતી તે હવે BNS 109 તરીકે ઓળખાશે. દુષ્કર્મના ગુનાઓ માટે IPC 376 હતી તે હવે BNS_63 તરીકે ઓળખાશે. સામૂહિક બળાત્કારના કેસમાં BNS 70 નો ઉપયોગ થશે. છેતરપિંડીઓ અને વિશ્વાસઘાતમાં IPC 420 હતી તેના સ્થાને હવે BNS 316નો ઉપયોગ થશે.

## એકલવ્ય રેસીડેન્સીયલ સ્કૂલમાં પ્રવેશ ન આપવા બાબતે કોંગ્રેસ યુવક પ્રમુખનું કલેકટરને આવેદનપત્ર



સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લામાં આવેલ એકલવ્ય રેસીડેન્સીયલ સ્કૂલોમાં ડાંગ જિલ્લાના વિદ્યાર્થીઓને બદલે અન્ય જિલ્લાના વિદ્યાર્થીઓને એડમિશન આપવામાં આવે છે. જેના કારણે ડાંગ જિલ્લાના વિદ્યાર્થીઓનું ભણતર બગડી રહ્યું હોય તેવા આક્ષેપો સાથે ડાંગ જિલ્લા યુવક કોંગ્રેસ સમિતિનાં મંત્રી સંતોષભાઈ ભૂસારાએ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ હતુ.ડાંગ જિલ્લામાં 8 જેટલી એકલવ્ય મોડેલ સ્કૂલો આવેલ છે.જેમાં ડાંગ જિલ્લાનાં આદિવાસી વિદ્યાર્થીઓના બદલે અન્ય જિલ્લાના વિદ્યાર્થીઓને એડમિશન આપવામાં આવી રહ્યો છે.ત્યારે ડાંગ જિલ્લાના વિદ્યાર્થીઓએ એડમિશન માટે ખૂબ જ ધક્કા ખાવા પડી રહ્યા છે.ડાંગ જિલ્લામાં ગરીબ આદિવાસી પ્રજા વસવાટ કરે છે ત્યારે ગરીબ બાળકોના અભ્યાસ માટે પૈસાની ખૂબ જ અગવડ પડતી હોય છે.

## કુશળ કારીગરોને ટેક્નિકલ એક્સપર્ટ તરીકે ગણે એવી ભલામણ ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખને કરાઈ

ભરત શાહ : રાજપીપળા



સરદાર સરોવર નર્મદા બંધ પાવર હાઉસમાં મેન્ટેનન્સ ઓપરેશનનું કામ કરતી ખાનગી કંપની ફીટવેલ કન્ટ્રક્શન દ્વારા આગામી 2024-25 ના બે વર્ષ માટે નવા ટેન્ડર આગામી દિવસો માં પડાસે , ટેન્ડર પડે અને વર્ષોથી કર્મચારીઓ સાથે થતા અન્યાય ને અટકાવવા કર્મચારીઓ ટેન્ડરમાં કેટલીક શરતો કર્મચારીઓ ને લાભ માટેની મુકવા ઈચ્છી રહ્યા છે. ત્યારે ફીટવેલ કન્ટ્રક્શન કંપનીને ટેન્ડર જાહેર કરતા પહેલ કેટલીક શરતો ઉમેરો કરે એવી રજૂઆત ધારાસભ્ય નાંદોદ ડો.દર્શનાબેન દેશમુખ ને કરી છે. ધારાસભ્ય દ્વારા કંપનીના મુખ્ય સંચાલકને આ બાબતે રજૂઆત કરી ને તેમની માંગને સંતોષવા સૂચના પણ આપી છે. સરદાર સરોવર નર્મદા બંધના RBPH અને CHPH માં ઓપરેશન માં કામ કરતા 100 થી વધુ કર્મચારીઓ ફિટવેલ કંપનીમાં કામગીરી કરે છે કંપની ના ટેન્ડર માં સરકારના નિયમ પ્રમાણે કુશળ કારીગર અને અર્ધ કુશળ કારીગર પ્રમાણે પગાર ધોરણ નક્કી કરવામાં આવતું હોય છે.

## વડોદરા ડિવિઝનના 35 રેલવે કર્મચારીઓને ડીઆરએમ એવોર્ડ મળ્યો



વડોદરા : પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી જિતેન્દ્ર સિંઘે ડિવિઝનના 35 રેલવે કર્મચારીઓને સુરક્ષિત ટ્રેન સંચાલનમાં શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કર્યા હતા. આ રેલવે કર્મચારીઓને ફરજ દરમિયાન તેમની સતર્કતા અને તકેદારીના કારણે અનિચ્છનીય ઘટનાઓને રોકવામાં તેમના યોગદાન બદલ પ્રમાણપત્રો અને મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી જિતેન્દ્ર સિંહે આ જાગૃત સંરક્ષા રેલ પ્રહરી ને પ્રોત્સાહિત કર્યા હતા.શ્રી સિંહે જણાવ્યું હતું કે મુસાફરોની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને જ્યારે રેલવે કર્મચારીઓ તેમની ફરજ દરમિયાન સતર્કતા અને તકેદારી સાથે કામ કરે છે, ત્યારે તે સુરક્ષિત ટ્રેનના કામમાં મદદ કરે છે. અમને આ રેલવે કર્મચારીઓ પર ગર્વ છે.

## જામનગર જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં 8 પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ આવ્યો



વિશાલ જે હરવરા : જામનગર

મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજય તરફથી મળેલ સૂચના અનુસાર જિલ્લા કક્ષાના પ્રશ્નો માટે લોકોએ તેમની ફરિયાદ માટે ઉચ્ચ કક્ષાએ, ગાંધીનગર સુધી જવું ન પડે તે માટે જિલ્લા કક્ષાએ ''જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ'કાર્યક્રમ અંતર્ગત ગત તારીખ 29/06/2024ના રોજ જામનગર જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ કલેકટર કચેરી જામનગર ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં સબંધિત વિભાગ અને કચેરીના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રીએ રૂબરૂ લોકોના પ્રશ્નો અને રજૂઆત સાંભળેલી હતી અને તેમના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ કર્યું હતું. આ કાર્યક્રમમાં કુલ 8 પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો જે તમામ પ્રશ્નોનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

## જાફરાબાદમાં સાગરખેડૂઓના આંગણે ઢબુક્યા ઢોલ : અરબી સમુદ્ર કિનારો ગુંજી ઉઠ્યો ઠેકઠેકાણે ઘરેઘરે લગ્ન આનંદ મંગલનો અવસર

કિશોર આર. સોલંકી : જાફરાબાદ



જાફરાબાદ કે જે અરબી સમુદ્ર કિનારે વસેલું બંદર છે. અહીં વસવાટ કરતા ખારવા સમુદાયમાં અષાઢ માસ એટલે સાગરખેડૂ ઓમા લગ્નોના આનંદ મંગલનો અવસર કહેવાય છે. દરિયામાં એક થી બે માસનું માછીમારી વેકેશન આવતા જ સાગરખેડૂ પરિવારોમાં લગ્ન સરાની સિઝનની ધૂમ મચી છે. બંદર પર રોશનીનો ઝગમગાટ, દિકરા દિકરીઓના લગ્ન લેવાયાં બજારમાં ખરીદી નીકળી ઢોલ શરણાઈ ડીજે ના નાદ ગૂંજીયા ગોરબાપા ના મંગલ શ્લોકો સાથે લગ્નનો માહોલ છવાયો નવ માસ સુધી દરિયા દેવના ખોળે રમતા સાગરખેડૂ જીવ સટોસટની બાજી ખેલી માછીમારી નો વ્યવસાય કરી પોતાનું ગુજરાન ચલાવે છે. આ આઠ થી નવ માસ દરમિયાન મધદરિયે દરિયો ખેડવા જતા હોય છે. મધદરિયે અનેક આફતો અનેકવાર કુદરતી આફતનો સામનો કરવો પડતો હોય છે. અનેકવાર તોફાન, બોટ ઊંધલી પડવી દરિયામાં અકસ્માતે પડી જવું અને જીવ ગુમાવવો દરિયાઈ ફીશિંગ વખતે બિમાર પડી જવું માછીમારી કરતી વખતે જાળ દરિયામાં મુકતી વખતે પવનના મોજાં માં બોટ હલકડોલક થવાથી પાડું તથા હાથમાં દોરડું આવી જતાં અકસ્માત ઘણી ખરી વખત થતાં હોય છે. વાપસ જાળ ખેંચતી વખતે દોરડું તુટી જાવા થી હાથ પાટું ભાંગી તથા એવા ગંભીર અકસ્માત થતાં હોય છે. તથા હાર્ટએટેક તથા અન્ય સમસ્યાઓ નો સામનો કરતો બળકંદો સાહસિક સમાજ જ્યારે અષાઢ માસ આવે ત્યારે વધારે ખુશ ખુશાલ બની જાય છે. ઘરેઘરે લગ્નની શરણાઈ ઓ અને ડીજે ઢોલ ઢબૂકી ઊઠે છે. લગ્નોના કારણે દીકરા દીકરી ઓના લગ્નની ખરીદી કરતા હોવાથી વેપારીઓને પણ બજારમાં રોનક દેખાવા લાગે છે સાગરખેડૂ ઓ સ્થાનિક ખરીદી ઉપરાંત રાજુલા, ઉના, મહુવા, સુરત, વેરાવળ, પોરબંદર, મુંબઈ, ખરીદી માટે જાય છે. ખારવા સમાજમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઠેકઠેકાણે લગ્નના મંડપો રોશનીથી સજાવવામાં આવ્યા છે. હાલ માછીમારી સિઝનની બંધ હોય નવ થી આઠ માસ દરમ્યાન સાગરખેડૂ દરિયો ખેડવા જાય છે. મહા મહિના ના પંદર દિવસ સમાજિક કર્યો માટે બોટો બંધ રાખવામાં આવતી હોય છે. તે દરમિયાન ખારવા સમાજમાં સગાઈ તેમજ લગ્ન માંગવામાં આવે છે. આઠ માસ પછી સિઝનનું વેકેશન માં અષાઢ મહિનામાં એટલે ચોમાસા માં માંગલિક પ્રસંગો એટલે લગ્નના આ રુડાં અવસર માટે અગાઉથી છોકરી વાળા લાડકવાયી દીકરી માટે તમામ કરિયાવર દાગીના થી લઈને તમાંમ ઘરવખરી ની ખરીદી કરવામાં આવે છે. છોકરાવાળા લુગડા તેમજ વરરાજા ઓ ના ઘરના તમામ પરિવારોની ખરીદી કરવા માટે પણ જતા હોય છે.



## સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જન્મ દિવસની ઉજવણી કરી

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

શ્રી મહેશભાઈ કસવાલા જરૂરિયાત મંદ બાળકો સાથે જન્મદિવસ ની ઉજવણી કરી પુરાવા ના અભાવે શાળા માં નામાંકન ન થતુ હોવાના કિસ્સા માં તાત્કાલિક જરૂરી મદદ કરવા નો નિર્ધાર સાવરકુંડલા લીલીયા વિધાનસભાના લોકપ્રિય યુવાનોના આદર્શ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સાહેબ પોતા ના 52 વર્ષ પૂર્ણ કરી 53 મા વર્ષમા પ્રવેશ કરી રહા હોય ત્યારે ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ પોતાના જન્મ દિવસની સાવરકુંડલા શહેરમા ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટ જેમા શિક્ષણથી વંચિત એવા બાળકો સાથે તેમને અભ્પાસ મા ઉપયોગી કીટ તેમજ મીઠાઈ અને નાસ્તો કરાવી સાથે સાથે વૃક્ષારોપણ કરીને અનોખી રીતે ઉજવણી કરી આ બાળકો માટે શિક્ષણ આપતી શિક્ષકટીમને ધારાસભ્યશ્રી એ અભીનંદન પાઠવ્યા હતા.

## ઢોલાર ગ્રામપંચાયત ના મહિલા સરપંચ અને ઉપ સરપંચ વિરુદ્ધ અવિશ્વાસ ની દરખાસ્ત

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકા પંચાયતના ઢોલાર ગામના મહિલા સરપંચ સુધાબેન વસાવા અને ઉપ સરપંચ સુશીલાબેન વસાવા વિરુદ્ધ ગ્રામપંચાયત ના પાંચ સભ્યો એ અવિશ્વસની દરખાત કરતા તાલુકા પંચાયત વિસ્તાર મા રાજકારણ ગરમાયુ છે. ગ્રામપંચાયતના 8 સભ્યો માંથી 5 સભ્યો જો સરપંચ થી નારાજ હોય તો ગ્રામપંચાયત માં સરપંચ ને પોતાની ખુરસી ટકાવી રાખવી મુશ્કેલ પડે, હવે સરપંચ સામાન્ય સભા ક્યારે બોલાવે છે કે પછી ટીડીઓ જાતે બોલાવે છે તે જોવું રહ્યું. એક સરપંચ અને 8 સભ્યોની ઢોલાર ગ્રામ પંચાયત ના સરપંચ સુધાબેન વસાવા તથા ઉપ સરપંચ સુશીલાબેન વસાવા વિરુદ્ધ પાંચ સભ્યો માં વિક્રમ વસાવા, સુભદ્રા બેન વસાવા, જયશ્રીબેન વસાવા, લતાબેન વસાવા, અને શિલ્પાબેન વસાવા આ પાંચ સભ્યો એ લેખિતમાં ગ્રામપંચાયત માં અવિશ્વાસની દરખાસ્ત મૂકી રજૂઆત કરી કે ઢોલાર ગ્રામ પંચાયતના સરપંચ અને ઉપ સરપંચ બંને ગ્રામ પંચાયતના સભ્યોને વિશ્વાસમાં લીધા વગર વહીવટ કરે છે.

# ગીર સોમનાથના PI ની દાદાગીરી CCTVમાં કેદ

## ટોલનાકા પર સંચાલક અને કર્મચારીને પિસ્તોલ બતાવી, 20 લોકોનાં ટોળા બંનેના હાથ-પગ તોડી ફોન લઈ ફરાર

જુનાગઢ | જુનાગઢ જિલ્લાના વંથલી નજીક આવેલા ટોલનાકા પર ગીર સોમનાથના પી.આઈ આર.એ. ભોજાણીએ ટોલ નાકા પર બબાલ કર્યાની ઘટના સામે આવી છે. જેમાં ગાદોઈ ટોલનાકાના પર પોતાનું પ્રાઈવેટ વાહનમાં આવી પીઆઈએ તેનું આઈ કાર્ડ બતાવ્યું હતું. ત્યારબાદ ટોલ વસૂલતા કર્મચારી સાથે બોલાચાલી થતા પીઆઈ આર.એ.ભોજાણી ટોલબુથમાં ઘૂસી ટોલ ટેક્સના કર્મચારીનો કાઠલો પકડી બહાર લઈ જતાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. હાલમાં પી.આઈ આર એ ભોજાણી સહિત તેમના 20થી વધુ મળતીયાઓ પર હત્યાની કોશિશ, લૂંટ રાયોટિંગનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ બનાવ બાદ પીઆઈ આર. એ.ભોજાણી અને ત્રણ ફોર વ્હીલમાં આવેલા 20થી વધુ અજાણ્યા શખ્શોએ ટોલનાકા સંચાલક અને કર્મચારી પર જીવલેણ હુમલો કરી મોબાઈલની લૂંટ ચલાવી હતી. ત્યારે ગંભીર રીતે ઘવાયેલ ટોલનાકાના બંને માણસોને સારવાર માટે જૂનાગઢ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઇ જવામાં આવ્યા હતા. જ્યાં ડોક્ટરે બંને ઈજાગ્રસ્તોના હાથ પગમાં ફ્રેક્ચરને ગંભીર ઈજાઓ થયાની જણાવ્યું હતું. જેને લઇ વંથલી પોલીસે પીઆઈ આર. એ. ભોજાણી સહિત 20થી વધુ અજાણ્યા ઈસમો વિરૂદ્ધ હત્યાની કોશિશ, લૂંટ, રાયોટિંગ સહિતનો ગુન્હો નોંધ્યો છે. હાલ જુનાગઢ પોલીસે પીઆઈ આર.એ ભોજાણી સહિત તેના 20થી વધુ મળતિયાઓને પકડવા અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી છે.

ઘટના બાબતે ટોલનાકાના સંચાલક રાજેશ છૈયા સાથે વાતચીત કરતા તેઓએ જણાવ્યું હતું કે, હું ગાદોઈ ટોલનાકામાં સંચાલક તરીકે ફરજ બજાવી રહ્યો છું. અમારા ટોલનાકા પર બ્લેક કલરની સ્કોર્પીયો ગાડી આવી અને અમને કાર્ડ બતાવ્યું હતું.



### ટોલનાકા સંચાલકના પગ તોડી નાખ્યાં

પીઆઈએ કરેલ ટોલનાકા પર માથાકૂટ મામલે જુનાગઢ એસપી હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનારના પી.આઈ આર.એ ભોજાણી તેનો સ્કોર્પીયો લઈ ગાદોઈ ટોલનાકે નીકળેલ હતા. ત્યારે પીઆઈ ભોજાણીએ ટોલનાકાના મેનેજર અને ટોલ વસૂલતા કર્મચારી સાથે માથાકૂટ થઈ હતી.

પીઆઈ આર.એ ભોજાણી તેમજ ત્રણ ફોર વ્હીલ ગાડીઓમાં 20થી વધુ માણસોએ ટોલનાકાના મેનેજર અને કર્મચારી પર જીવલેણ હુમલો કર્યો હતો. પીઆઈ તેમજ 20થી વધુ ઈસમોએ હુમલો કરતા ફરિયાદી ટોલનાકાના સંચાલક રાજુભાઈ છૈયા અને ભાવેશ ટાટમિયાને ગંભીર ઈજાઓ અને પગમાં ફેક્ચર થયેલ છે. ઈજાગ્રસ્ત ટોલનાકાના સંચાલક અને કર્મચારી હાલ જુનાગઢ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.ત્યારે ભોગવનાર ટોલ નાકા સંચાલક રાજેશ છૈયાએ પીઆઈ આર. એ ભોજાણી સહિત 20થી વધુ લોકો પર લુટ, હત્યાની કોશિશ અને રાયોટીંગનો ગુનો નોંધાવ્યો છે.

## ન્યૂઝ કોર્નર

### વિજાપુરના બસ સ્ટોપ પાસે પાર્ક કરેલા બાઈકને ઉઠાવી ગયા




મહેસાણા | મહેસાણા જિલ્લામા વાહન ચોરીના બનાવો સતત વધી રહ્યો છે.ત્યારે વધુ એક બાઈક ચોરીની ઘટના વિજાપુરમા ખાતે બસ સ્ટોપ પાસે પાર્કિગ માં રહેલા બાઇકની અજાણ્યા તસ્કરો ચોરી કરી ફરાર થઇ ગયા હતા. સમગ્ર કેસમાં 9 હજારના બાઈક ચોરી અંગે વિજાપુર પોલીસમાં ફરિયાદ નોંધાઇ છે. વિજાપુર તાલુકામાં આવેલા ધનપુરા મહાકાળી માતાજીના મંદિર પાસે રહેતા ભરત કુમાર ચૌહાણ પોતાનું GJ09AK4114 નંબર નું બાઈક લઈ વિજાપુર બસ સ્ટોપમાં આવેલા પાર્કિગમાં પાર્ક કરી કામ અર્થે ગયા હતાં.કામ પૂર્ણ કર્યા બાદ બસ સ્ટોપમાં પાર્ક કરેલા બાઈકને લેવા જતા બાઈક જોવા મળ્યું નહોતું.સમગ્ર કેસમાં બાઈકની શોધખોળ કરવા છતાં બાઈક ક્યાંય ન મળતા તેઓએ વિજાપુર પોલીસ મથકમાં 9 હજાર કિંમતના બાઈક ચોરી મામલે અજાણ્યા તસ્કરો સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

### હિંમતનગર, સૂરજપુરા, ગાંભોઈમાં 38 લોકો પર શ્વાનનો હુમલો

સાબરકાંઠા | સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના ગાંભોઈ, સૂરજપુરા અને હિંમતનગર ના કેટલાક વિસ્તારમાં ગઈકાલે મોડી સાંજે હડકાયા શ્વાને અલગ અલગ જગ્યાએ 38 લોકો પર શ્વાને હુમલો કર્યો હતો. જેને લઈને તમામ લોકો સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં સારવાર આપ્યા બાદ રજા અપાઈ હતી. બીજી તરફ હડકાયા શ્વાનને હિંમતનગર ફાયર બ્રિગેડની ટીમે રાત્રી સુધી શોધખોળ કરી હતી પરંતુ કોઈ પત્તો લાગ્યો નથી. આ અંગેની વિગત એવી છે કે, હિંમતનગરના સૂરજપુરામાં રવિવારે મોડી સાંજે એક સફેદ શ્વાન હડકાયું હતું. જે રોડ પર આવતા જતા બાઈક ચાલકો પાછળ પડતું હતું અને લોકો પર હુમલા કરતું હતું.

## સૌરાષ્ટ્ર અને દ.ગુજરાતમાં આજે રેડ એલર્ટ: ખંભાળિયામાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ, ગ્રામ્ય વિસ્તારમાં નદી-નાળાં છલકાયાં

# પોરબંદરના કુતિયાણામાં 8 ઈંચ વરસાદથી પાણી જ પાણી



**કુતિયાણામાં 8 ઈંચ વરસાદ ખાબક્યો :** પોરબંદર જિલ્લામાં અનારાધાર મેઘકૃપા, કુતિયાણામાં 8 ઈંચ વરસાદ સમગ્ર રાજ્યમાં મેઘરાજાની કૃપા જોવા મળી રહી છે. ત્યારે પોરબંદર જિલ્લામાં પણ રવિવારની રાત્રીના મેઘરાજા મનમુકી વરસ્યા હતા. સાર્વત્રિક 2થી 7 ઈંચ જેટલો વરસાદ પડતા લોકોમાં ખુશી જોવા મળી રહી છે. તેમાં કુતિયાણામાં અનરાધાર વરસ્યો હોય તેમ 8 ઈંચ વરસાદ નોંધાયો હતો, આ વિસ્તાર જળમગ્ન બની ગયો હતો.

રાજ્યમાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. આજે મેઘરાજા સવારથી સૌરાષ્ટ્રમાં ભુક્કા બોલાવી રહ્યા છે. ગીરનાર અને માણાવદર, ઉપલેટા સહિતમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. જેને પગલે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ ઉભી થઈ છે. માણાવદરમાં આઠ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જેને પગલે કમરસુધી પાણી ભરાયા છે. જૂનાગઢના દામોદરકુંડમાં પણ ભરપૂર પાણીની આવક થઈ હતી. તો બીજી તરફ દ્વારકા જિલ્લામાં પણ ધોધમાર વરસાદ વરસ્યો છે. ત્યારે આજે પણ રાજ્યના અનેક જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. આજે સવારે 6 વાગ્યાથી 10 વાગ્યા સુધીમાં રાજ્યના 154 તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ ખંભાળિયામાં સવા પાંચ ઈંચ વરસાદ વરસ્યો છે.

આજે રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદની શક્યતા છે. જેમાં કેટલાક જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની શક્યતાઓ તથા મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગમાં ભારે વરસાદની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આ ઉપરાંત ગુજરાત રાજ્યમાં રેડ ઓરેન્જ અને યેલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે.

કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલી

બનાસકાંઠા, પાટણ, મોરબી, રાજકોટ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, ભરૂચ, છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, મહેસાણા, ખેડા, આણંદ, સુરેન્દ્રનગર, બોટાદ,

જૂનાગઢના જોષીપરા અંડર બ્રિજમાં પાણી ભરાયા હતા. જોષીપરા વિસ્તારમાં અવર જવર કરવામાં મુશ્કેલી પડી રહી છે. જોષીપરાના રસ્તાને ડાયવર્ટ કરાયો છે. બાર ફૂટ સુધી પાણી ભરાયા છે.

### કોઝવે બંધ કરાયો

તાપી નદીમાં નવા નીર આવતા બંને કાંઠે વહેતી જોવા મળી રહી છે. કોઝ વેનાં નયનરમ્ય દશ્યો જોવા મળ્યા છે. તો બીજી તરફ સવારથી જ એકધારો વરસાદ વરસી રહ્યો છે. કોઝવે ની સપાટી વહેલી સવારે 6 મીટર સુધી પહોંચી જતા તંત્ર દ્વારા તત્કાળ બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. તાપી નદીના જળચરમાં વધારો થતા વાહન વ્યવહાર માટે કોઝવે અગમ ચેતીના ભાગરૂપે બંધ કરી દેવામાં આવે છે. આજથી સીઝન માં પહેલી વખત કોઝવે બંધ કરાયો છે. પાણીનું સ્તર નીચું આવ્યા બાદ જ કોઝવે શરૂ કરાશે.

### તાપી જળસ્તરમાં વધારો

સુરત જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતાં તાપી નદીમાં નવા નીર આવ્યા, સિઝનમાં પ્રથમવાર કોઝ વેની સપાટી 6 મીટર પહોંચતા વાહનવ્યવહાર માટે બંધ કરાયો હતો.

### ઓસમ પર્વત પર કુદરતી ધોધ વહેતો થયો

ધોરાજી તાલુકાના ઓસમ પર્વત પર વરસાદ પડવાના કારણે કુદરતી ધોધ વહેતો થયો હતો. પાટણવાવના ઓસમ ડુંગર પર આવેલ શ્રી ટપકેશ્વર મહાદેવ મંદિર પાસેના ધોધના કુદરતી દ્રશ્યો જોવા મળ્યા હતા. વરસાદ પડવાના કારણે અહીંયાનો કુદરતી ધોધ વહેતો થતા આકર્ષણનું કેન્દ્ર બન્યું હતો કુદરતી ધોધની સાથે સાથે પાટણવાવ ઓસમ પર્વત પર કુદરત સોળે કળાએ ખીલી ઉઠી

જૂનાગઢમાં ભારે વરસાદને પગલે માણાવદર તાલુકાના ત્રણ રસ્તા બંધ કરાયા છે. સમેગા-કોડવાવ રસ્તા પર સમેગા તળાવનું પાણી ભરાતા રસ્તો બંધ કરાયો છે. કોયલાણા - કોઠડી ઓજત નદીનું પાણી આવતા રસ્તો બંધ કરાયો છે. બૉડકા - પીપલાણા ઓજતનું પાણી આવતા રસ્તો બંધ કરાયો છે.

### જામજોધપુરમાં માર્ગ પર નદીની જેમ પાણી વહેતા થયા

જામજોધપુરના નરમાણા ગામ તેમજ આજુબાજુ સમાણા શેઠવડાળા વિસ્તારમાં ધોધમાર વરસાદ. જામજોધપુરના ગ્રામ વિસ્તારમાં વરસાદ વરસ્યો નરમાણા ગામમા રસ્તામાં પાણી ફરી વળ્યા. માર્ગ પર નદીની જેમ પાણીનો વહેણ જોવા મળ્યો. સોગઠી ડેમ ઓવર ફ્લો થયો ખેડૂતો ખુશખુશાલ. નરમાણા તથા આજુબાજુ સમાણા શેઠવડાળા વિસ્તારમા વરસાદ.. જામનગર જિલ્લાના તાલુકામા કાલાવડમાં આજે સવારે બે કલાકમાં ત્રણ ઈંચ વરસાદ, લાલપુર, જામજોધપુરમાં એક ઈંચ વરસાદ. જામજોધપુર તાલુકામાં સાર્વત્રિંક વરસાદ વરસ્યો. સમાણા અને શેઠવાડા ગામે પાંચ -પાંચ ઈંચ વરસાદ ખાબક્યો હતો. સોરઠી ડેમ ઓવરફ્લો થયો છે. જામનગરના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. જે બાદ શહેરમાં પણ મેઘરાજાની ધામાકેદાર એન્ટ્રી થઈ હતી. સવારના 6 થી 10 વાગ્યા સુધીમાં જામનગર શહેરમાં સવા ઈંચ, કાલાવડમાં સવા ત્રણ ઈંચ, જામજોધપુર લાલપુરમાં એક એક ઈંચ વરસાદ વરસ્યો હતો. જામનગર શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા.

### ઓજત વિયર વંથલી ડેમ ઓવરફ્લો

જૂનાગઢના ઓજત વિયર વંથલી ડેમ ઓવરફ્લો થયો છે. વંથલી તાલુકામાં 6 ઈંચ વરસાદ ખાબક્યો હતો. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ડેમ ઓવરફ્લો થયો છે. વંથલી તાલુકાના નાના કાજલીયારા, શાપુર સહિતના ચાર ગામોને સાવચેત કરાયા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગઈકાલે રવિવારથી મેઘરાજાના મંડાણ થયા છે. અત્યારે આજે સવારે 10 વાગ્યા સુધીમાં ખંભાળિયા અને દ્વારકા તાલુકામાં આઠ ઈંચ સુધીનો ધોધમાર વરસાદ વરસી ગયો છે. ખંભાળિયામાં આજે ચાર કલાકમાં સવા પાંચ ઈંચ વરસાદ વરસ્યો હતો. મુશળધાર વરસાદના પગલે ખંભાળિયાની ઘી તથા તેલી નદીમાં ઘોડાપૂર. કલ્યાણપુરમાં સાડા પાંચ, ભાણવડમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો.

# આરક સિસોદ્રા ગામે રાત્રે ઘરમાં સૂતેલા પરિવારના 4 સભ્યો પર દિવાલ પડી...

(એજન્સી) નવસારી | તા.01

નવસારી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદ જામ્યો છે સાથે જ ભારે પવન ફૂંકાતા કાચા મકાનો પણ પ્રભાવિત થયા છે. નવસારી જિલ્લાના આરક સિસોદ્રા ગામે રાત્રે ઘરમાં સુતેલા પરિવારના સભ્યો પર ઘરની દિવાલ પડતાં ત્રણ ઈજાગ્રસ્ત થતા સારવાર હેઠળ ખસેડાયા છે ગ્રામ્ય પોલીસે જાણવા જોગ દાખલ કરી તપાસ હાથ ધરી છે. રામ રાખે તેને કોણ ચાખે તેવી કહેવત નવસારીના આરક સીસોદ્રા ગામમાં સાચી થતી જોવા મળી છે. ગોરટ ફળિયામાં રહેતા આશિકભાઈ બાબુભાઈ હળપતી ખેતીમાં મજૂરી કરી ઘરનું ગુજરાન ચલાવે છે 29 મી જૂનના રાત્રે 9:45 વાગે પુત્ર તરલ આશિકભાઈ હળપતી દીકરી દેવાંશી અને પત્ની વર્ષાબેન આશિકભઈ હળપતી ઘરમાં આરામ કરી રહ્યા હતા. ત્યારે સંભવત ભારે પવનને કારણે ઘરની દીવાલ એકાએક તૂટી પડી હતી જેમાં તમામ દબાયા હતા. જોકે કોઈની પણ જાનહાનિ થઈ નથી ચાર સભ્યો પૈકી 3 ને વધારે ઈજા થતાં સૌપ્રથમ વેસ્માની અમ્રુતલાલ હોસ્પિટલ ખાતે લઇ ગયા બાદ વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા હતા. જો કે પુત્ર તરાલને વધુ સારવાર માટે સુરત સિવિલ ખસેડવામાં આવ્યો છે.

# સાર્વત્રિક વરસાદથી તાપી નદીમાં નવા નીર આવ્યા, સિઝનમાં કોઝ-વેની સપાટી 6 મીટર પહોંચતા વાહનવ્યવહાર માટે બંધ

(એજન્સી) સુરત | તા.01

દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર જોવા મળી રહી છે. છેલ્લા 3 દિવસથી સુરત જિલ્લામાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે આજે પણ સુરત શહેરમાં વહેલી સવારથી વરસાદી માહોલ છે. કાળા ડિબાંગ વાદળો સાથે વહેલી સવારથી જ વરસાદ વરસી રહ્યો છે. તાપી નદીમાં નવા નીર આવતા સુરતનો વિયર કમ કોઝ વે પણ ઓવરફ્લોની નજીક છે. જેથી વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે.

તાપી નદીમાં નવા નીર આવતા બંને કાંઠે વહેતા પાણીના દ્રશ્યો દેખાય રહ્યા છે. કોઝ-વેનાં નયનરમ્ય દશ્યો જોવા મળ્યા છે. બીજી તરફ સવારથી જ એકધારો વરસાદ વરસી રહ્યો છે. કોઝ-વેની સપાટી વહેલી સવારે 6 મીટર સુધી પહોંચી જતા તંત્ર દ્વારા તત્કાળ બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. તાપી નદીના જળસ્તરમાં વધારો થતા વાહન વ્યવહાર માટે કોઝ-વે અગમચેતીના ભાગરૂપે બંધ કરી દેવામાં આવ્યો છે. આજથી સિઝનમાં પહેલી વખત કોઝ-વે બંધ કરાયો છે. પાણીનું સ્તર નીચું આવ્યા બાદ જ કોઝ-વે શરૂ કરાશે.



કોઝ-વે અડાજણ રાંદેરથી સિંગણપોર જવાનો સૌથી વ્યસ્ત માર્ગ છે. રોજના હજારોની સંખ્યામાં અહીંથી વાહનચાલકો પસાર થતા હોય છે. સવારથી કોઝ-વે બંધ કરી દેતા વાહનચાલકો પરેશાન થયા હતા. ઘણાખરા વાહન ચાલુ રહેતા લોકોને બંધ કરવામાં આવ્યો હોવાની માહિતી ન મળતા ફેરો પડી ગયો હતો. એક તરફ ચોક બજાર થઈને સિંગણપુર તરફ જવું મુશ્કેલ બની રહ્યું છે. કારણ કે, મેટ્રોનું કામ ચાલતું હોવાને કારણે રસ્તો બ્લોક કરવામાં આવ્યો છે. મોટાભાગના વાહનચાલકોએ ડભોલી ચાર રસ્તા અને જહાંગીરપુરા ને જોડતા બ્રિજનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી.




*Since 2021. | #in terms of capacity.

**Disclaimer: Bansal Wire Industries Limited** is proposing, subject to, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offer of its Equity Shares and has filed the DRHP dated January 18, 2024 with SEBI on January 19, 2024 and the RHP dated June 27, 2024 with the RoC, Delhi and Haryana at New Delhi. The RHP is available on the website of the Company at www.bansalwire.com, SEBI at www.sebi.gov.in, as well as on the websites of the BRLMs, i.e. www.sbicaps.com and www.damcapital.in and the websites of National Stock Exchange of India Limited and BSE Limited at www.nseindia.com and www.bseindia.com, respectively. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see "Risk Factors" of the RHP, on page 34. Potential investors should not rely on the DRHP for making any investment decision but can only rely on the information included in the Red Herring Prospectus.

This announcement does not constitute an offer of Equity Shares for sale in any jurisdiction, including the United States, and the Equity Shares offered in the Issue may not be offered or sold in the United States absent registration under the U.S. Securities Act of 1933 or an exemption from registration. Any public offering of the Equity Shares to be made in the United States will be made by means of a prospectus that may be obtained from the Company and that will contain detailed information about the Company and management, as well as financial statements. However, the Equity Shares offered in the Issue are not being offered or sold in the United States.

BANSAL
www.bansalwire.com
Adfactors

# ભાવનગર જિલ્લાના 10 તાલુકામાં ઝરમરથી લઈ પોણા 2 ઇંચ વરસાદ

(એજન્સી) ભાવનગર | તા.01

ભાવનગર જિલ્લાના ૧૦ તાલુકામાં આજે રવિવારે ઝરમરથી લઈ પોણા બે ઈંચ સુધી વરસાદ નોંધાયો હતો. કેટલાક તાલુકામાં સારો વરસાદ હતો તેથી રોડ પર પાણી ફરી વળ્યા હતા અને ખેડૂતોમાં ઉત્સાહની લાગણી ફરી વળી હતી. રોડ પર પાણી ભરાતા વાહન ચાલકોની મૂશ્કેલીઓ વધી હતી. કેટલાક તાલુકામાં ઓછો વરસાદ પડયો હતો તેથી લોકોમાં કચવાટ ફેલાયો હતો. વરસાદની આગાહી વચ્ચે ભાવનગર જિલ્લાના ૧૦ તાલુકામાંથી કેટલાક તાલુકામાં સારો વરસાદ પડયો હતો અને કેટલાક તાલુકામાં ઓછો વરસાદ પડયો હતો, જેમાં વલ્લભીપુર તાલુકામાં ૪૧ મીલીમીટર અને ઉમરાળા તાલુકામાં ૩૭ મીલીમીટર એટલે કે પોણા બે ઈંચ વરસાદ વરસ્યો હતો. ઘોઘા તાલુકામાં ૨૧ અને તળાજા તાલુકામાં ૨૧ મીલીમીટર એટલે કે આશરે એક ઈંચ વરસાદ પડયો હતો. સિહોર તાલુકામાં ૧૭ અને પાલિતાણા તાલુકામાં ૧૫ મીલીમીટર એટલે કે અડધા ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. ભાવનગર તાલુકામાં ૮ મીમી, ગારિયાધાર તાલુકામાં ૭ મીમી, મહુવા તાલુકામાં ૭ મીમી અને જેસર તાલુકામાં ૧ મીમી વરસાદ પડયો હતો તેમ ડિઝાસ્ટર વિભાગના સુત્રોએ જણાવ્યુ હતું. જિલ્લાના વલ્લભીપુર અને ઉમરાળા પંથકમાં સારો વરસાદ પડતા રોડ પર ઠેર ઠેર પાણી ભરાયા હતાં. નદી, નાળામાંથી પાણી વહેવા લાગ્યા હતા અને ખેતરમાંથી પણ પાણી જતા જોવા મળ્યા હતાં. સારો વરસાદ પડતા ખેડૂત સહિતના લોકોમાં આનંદની લાગણી ફરી વળી હતી.

## ન્યુઝ ફ્લેશ

### કપડવંજમાં વીજ પોલ પર લટકતા વાયરો અંગે કાર્યવાહી કરવા માંગ

કપડવંજ : બસ સ્ટેશન પાછળ આવેલી કાલી બસ્તીના રહીશોએ એમજીવીસીએલના અધિકારીને વીજ પોલ ઉપર લટકતા આડેધડ કેબલો દૂર કરવા રજૂઆત કરી હતી. કપડવંજના કાલી બસ્તીના રહિશોએ એમજીવીસીએલના ડેપ્યુટી ઈજનેર શૈલેષ કડિયાને લેખિત રજૂઆત કરી હતી કે, તાજેતરમાં સમજોતાનગર ખાતે વીજ કરંટ લાગતા મહિલાનું મોત નિપજ્યું હતું. અગાઉ પણ ગેરકાયદે ઓપ્ટિકલ કેબલો અને ચેનલોના વાયરો દૂર કરવા માટે રજૂઆતો કરી હોવા છતાં વીજ કચેરી દ્વારા કાર્યવાહી ના કરાતા તંત્રની બેદરકારીના લીધે મહિલાનું મોત નિપજ્યું હોવાના આક્ષેપ લગાવ્યા હતા.

### પેટલાદમાં એક ઇંચ વરસાદ પડયો, આખો દિવસ જિલ્લામાં વરસાદ ચાલુ રહ્યો

આણંદ : આણંદ શહેર સહિત જિલ્લાભરમાં છેલ્લા બે દિવસથી વાદળછાયા વાતાવરણ વચ્ચે અષાઢી માહોલ જામ્યો છે. સમગ્ર જિલ્લામાં આજે વહેલી સવારથી જ હળવા વરસાદી ઝાપટા વરસવાનું ચાલુ રહ્યું હતું. જો કે ગત રોજ બપોરના સુમારે આણંદ શહેરમાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ રહેતા સ્થાનિકોને અવરજવર કરવામાં હાલાકી વેઠવી પડી હતી. આણંદ જિલ્લામાં આજે સવારે ૬ કલાકે પુરા થતા ચોવીસ કલાક દરમ્યાન તારાપુર તાલુકામાં ૬ મીમી, સોજિત્રા તાલુકામાં ૪ મીમી, ઉમરેઠ તાલુકામાં ૧૩ મીમી, આણંદ તાલુકામાં ૪૯ મીમી, પેટલાદ તાલુકામાં ૩૪ મીમી, ખંભાત તાલુકામાં ૬ મીમી, બોરસદ તાલુકામાં ૪૪ મીમી અને આંકલાવ તાલુકામાં ૧૯ મીમી વરસાદ નોંધાયો છે.

### નડિયાદ પશ્ચિમ અને વડતાલમાં જુગાર રમતા 7 શખ્સ ઝડપાયા

નડિયાદ : નડિયાદ પશ્ચિમ ઈન્દિરા નગરી વિસ્તારમાં જુગાર રમતા ૬ ઇસમો અને વડતાલ રેલવે સ્ટેશન વિસ્તારમાં વરલી મટકાનો જુગાર લખતો એક શખ્સ પોલીસે કુલ રૂા. ૧૪ હજારની રોકડ સાથે ઝડપી પાડયા હતા. આ બનાવ સંદર્ભે જે તે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. નડિયાદ ઈન્દિરા નગરી જોગણી માતા ફળિયામાં શનિવારે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પત્તા પાનાનો હાર જીતનો જુગાર રમી રહ્યા હતા. જેથી એલસીબી ખેડા પોલીસે રેડ પાડતા જુગાર રમતા ગોપાલ ગોવિંદભાઈ તળપદા, અંકિત રમેશભાઈ રાજપુત, સત્તાર ઉર્ફે ગલ્લો મુસ્તુફા, પ્રદીપ ગોપાલભાઈ તેમજ દિનેશ રમણભાઈ પટેલ જુગાર રમવાના સાધનો તેમજ રોકડ રૂ.૧૨,૮૦૦ સાથે ઝડપી પાડયા હતા. આ બનાવ અંગે એલસીબી ખેડાની ફરિયાદ આધારે નડિયાદ પશ્ચિમ પોલીસે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

---

જવાહર મેદાન રાજ્ય સરકાર, રમત-ગમત મંત્રાલય કે કોર્પો.ને સોંપવું જોઈએ


# ભાવેણાના મહારાજા કૃષ્ણકુમારસિંહજીને ભારતરત્નથી સન્માનિત કરવા રજૂઆત

(એજન્સી) ભાવનગર | તા.01

ભાવેણાના મહારાજા કૃષ્ણકુમારસિંહજીને ભારતરત્નથી સન્માનિત કરવા તથા ભાવનગરથી લાંબા અંતરની વિવિધ ટ્રેન ફાળવવાની રજૂઆત કરવામાં આવી છે. જિલ્લા ભાજપના અગ્રણી અને વંદેમાતરમ્ સેવા સંઘના ચેરમેન કિશોરભાઈ ભટ્ટ દ્વારા વડાપ્રધાન, મુખ્યપ્રધાન, કેન્દ્રિય ગૃહમંત્રી અને રેલવે મંત્રીને કરવામાં આવેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, દેશને આઝાદી મળી ત્યારે ભાવનગરના પ્રજાવત્સલ અને પ્રાત:સ્મરણીય મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ સૌપ્રથમ પોતાનું રાજ્ય દેશને સમર્પિત કર્યું હતું. તેમને મરણોત્તર ભારત રત્નથી સન્માનિત કરવા જોઈએ તેવી જનતાની પ્રબળ લાગણી અને માગણી છે.

રજૂઆતમાં તેમણે જણાવ્યું હતું કે, ભાવનગર શહેરની મધ્યમાં આવેલ જવાહર મેદાન ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય હસ્તક છે. જેમાં વારંવાર ગીચ જાડી થઈ જાય છે. પેશકદમી રોજિંદી બિના છે. વર્ષ ૨૦૦૫માં વર્ષોથી વસવાટ કરતા દબાણકર્તાઓને વૈકલ્પિક હાઉસિંગ બોર્ડના મકાનો ફાળવી દબાણો દૂર કરી મેદાન ફરતી દિવાલ બનાવાઈ હતી. પરંતુ આ દિવાલ હાલ મેઈન્ટેનન્સ અને નિયમિત દેખરેખ, સંચાલનના અભાવે તૂટી ગયેલ છે, જર્જરિત થઈ ગયેલ છે. ખરાબા અને કચરાના ઢગલાના કારણે શહેરનું પર્યાવરણ પણ દૂષિત થાય છે. જેનો કાયમી ઉકેલ થાય, બોર્ડર ફરતું વૃક્ષારોપણ થાય, વ્યવસ્થા જળવાય, સૂચારું સંચાલન વ્યવસ્થા થાય તે માટે રાજ્ય સરકાર, રમત-ગમત મંત્રાલય અથવા ભાવનગર મ્યુ. કોર્પોરેશનને સોંપવા ત્વરિત પગલા ભરાય તે ખૂબ જરૂરી છે. આ ઉપરાંત, ભાવનગર-અયોધ્યા સાપ્તાહિક ટ્રેન, ભાવનગર-સુરત વંદે ભારત ડેઈલી ટ્રેન, ભાવનગર-ધ્રાંગધ્રા-કચ્છ-ભૂજ ડેઈલી ટ્રેન, ભાવનગર-દિલ્હી વંદે ભારત સાપ્તાહિક ટ્રેન ફાળવવા પણ તેમણે માગણી કરી છે. તેમણે ભાવનગર-ઓખા ટ્રેનના સમયમાં બદલાવ કરવા માગણી કરતા જણાવ્યું હતું કે, ભાવનગર-ઓખા ટ્રેન રાત્રે ૧૦ વાગ્યે ઉપડે છે. જે દ્વારકા પહોંચે ત્યારે દ્વારકાધિશ મંદિર બંધ થી જાય. રીટર્નમાં ઓખા-ભાવનગર બપોરે ૩ વાગ્યાની ટ્રેન છે. આથી દર્શનાર્થીઓને ફરજિયાત રાત્રી રોકાણ કરવું પડે. તેના બદલે ભાવનગરથી આ ટ્રેન રાત્રે ૭.૩૦થી ૮ વાગ્યે ઉપડે તો સવારે ૯.૩૦થી ૧૦ વાગ્યે દ્વારકા પહોંચી જાય. જેથી પહોંચીને દર્શન કરી શકે. એ જ પ્રકારે રીટર્નમાં જો આ ટ્રેન બપોરે ૫ વાગ્યે ત્યાંથી પ્રસ્થાન કરે તો યાત્રીઓ રાત્રે પરત ભાવનગર આવી શકે.

### યાત્રાધામોને રેલવે યોજનાથી જોડવા માગણી



ગઢડા (સ્વામિના) ઐતિહાસિક તીર્થધામ છે. જે અગાઉ ભાવનગર-ધોળા-નિંગાળા રેલવે સુવિધાથી જોડાયેલું હતું. પરંતુ ઈ.સ.૧૯૮૩-૮૪માં સુવિધા ઝૂંટવાઈ ગઈ હતી. આ યોજનાને પુનઃઅમલી કરવા અને ગઢડા-ગારિયાધાર-વલ્લભીપુર-જેસર તાલુકા રેલવે સુવિધાથી વંચિત હોવાથી તેને સુવર્ણ ચતુર્ભૂજ રેલવે યોજનાથી અમરેલી-ગારિયાધારે-પાલિતાણા-ઢસા-ગઢડા-બોટાદ-સાળંગપુર રેલવે લિકિંગ યોજના તળે અને બોટાદ-ગઢડા સ્વામિના-ઢસા-પાલિતાણા-જેસર તથા પૂજ્ય બજરંગદાસ બાપાનું ધામ બગદાણા-તળાજા-મહુવા રેલવે સુવિધાથી જોડાય તેવી જનતાની પ્રબળ લાગણી અને માગણી છે.

---

# તારાપુરના ગોરાડ ગામે વીજ કરંટ લાગતા 9 વર્ષના બાળકનું મોત

(એજન્સી) તારાપુર | તા.01

તારાપુર તાલુકાના ગોરાડ ગામે રમવા બહાર નીકળેલા ૯ વર્ષના બાળકનું વીજ થાંભલે અડી જતા કરંટ લાગવાથી મોત નિપજ્યું હતું. તારાપુર પોલીસે ઘટના અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. તારાપુર તાલુકાના ગોરાડ ગામે રહેતા ચંન્દ્રદિપસિંહ ગોહિલનો પાંચમાં ધોરણમાં અભ્યાસ કરતો ૯ વર્ષિય પુત્ર ધુરવરાજસિંહ શુક્રવારના રોજ સાંજે સાડા પાંચેક વાગ્યાના અરસામાં ઘર આગળના ગોહિલ ફળિયામાં મિત્રો સાથે રમવા બહાર નીકળ્યો હતો. દરિમયાન વીજ થાંભલે હાથ અડી જતા કરંટ લાગ્યો હતો. ઘટના બાદ તાબડતોબ ધુરવરાજસિંહને તારાપુર સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના ડોકટરે બાળકને મૃત જાહેર કર્યો હતો. મૃતક બાળકનાં પિતા ચંન્દ્રદિપસિંહ ગોહિલે તારાપુર પોલીસ મથકે જાણ કરતા તારાપુર સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ગઈકાલે પોસ્ટમોર્ટમ બાદ બાળકનો મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો હતો. ગઈકાલે સવારે બાળકની અંતિમ વિધિ કરાઇ હતી.

---

મહિલાનું મૃત્યુ થઈ જવાની જાણ હોવા છતાં તબીબે સારવાર ન આપી

# ભાવનગરના મહિલાનું તબીબની બેદરકારીથી મોત થયાની ફરિયાદ

(એજન્સી) ભાવનગર | તા.01

ભાવનગર શહેરના આનંદનગરના મહિલાનું તબીબની બેદરકારીના કારણે મૃત્યુ નિપજ્યું હોવાની ફરિયાદ નિલમબાગ પોલીસ મથકમાં નોંધાઈ છે. પોલીસે તબીબ વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે જાણવા મળતી વિગત અનુસાર ભાવનગર શહેરના આનંદનગર વિસ્તારમાં આવેલા અપ્પુ ટ્રેડર્સ પાછળ રહેતા વિપુલભાઈ મનસુખભાઈ ગોહિલે શહેરના નિલમબાગ પોલીસ સ્ટેશનમાં શહેરના આંબાવાડીમાં રહેતા ડો. જયેશભાઈ ભાલચંદ્રભાઈ શુક્લ (ઉ.વ.૪૬) વિરૂદ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતાના પત્ની નિશાબેનને પિતાશયમા પથરી હોય અને તેનુ ઓપરેશન કરાવવાનુ હોય જેથી તા ૩-૮-૨૦૨૩ ના રોજ શહેરના કાળાનાળા, કાળુભા રોડ સૌલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અને ગઇ તા ૪-૮-૨૦૨૩ ના રોજ સૌલ હોસ્પિટલમાં ડો.જયેશ શુક્લ પાસે આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડમાં નિશાબેનનું પિત્તાશયમાં પથરી હોય તેનું ઓપરેશન કરાવેલ હોવા છતા ડો જયેશ શુક્લએ રૂપિયા ૨૦,૦૦૦ લીધેલ અને તા ૦૬ ૦૮ ૨૦૨૩ ના રોજ નિશાબેનને સારવારમાંથી રજા આપેલ ત્યારે ડો. જયેશ શુક્લ તેના સ્ટાફ દ્વારા તેની પાસે રૂપિયા ૧૫,૦૦૦ મંગાવતા જે રૂપિયા આપવાની ના પાડતા ડો.જયેશ શુક્લએ ઉગ્ર થઇ વિપુલભાઈને કહેલ કે રૂપિયા ન આપવા હોય તો હોસ્પિટલમાં ન આવતા તેમ કહેતા બોલાચાલી થયેલ પરંતુ ત્યાર બાદ નિશાબેનનું પેટ ફુલાઈ ગયેલ અને ઓપરેશન દરમ્યાન મુકેલ નોજરમાંથી રસી નીકળતી હોય તેમજ નિશાબેનને ખૂબ જ દુ:ખાવો થતો હોવાને કારણે નનીશાબેનને ફરી વખત સૌલ હોસ્પિટલમાં બતાવવા ગયેલ પરંતુ ડો. જયેશ શુક્લને રૂપિયા આપેલ ન હોય તે બાબતે રાગદ્વેષ રાખી જરૂરી સારવાર અને રિપોર્ટ કરવામાં નહી આવે તો નિશાબેનનું મૃત્યુ થઇ શકે છે.

તેવું જાણતા હોવા છતા નિષ્કાળજી દાખવી જાણી જોઈને નિશાબેનને તપાસેલ નહી કે કોઈ રિપોર્ટ કરાવેલ નહી કે અન્ય કોઈ જરૂરી સારવાર નહી આપતા તા. ૧૨-૦૮-૨૦૨૩ ના રોજ નિશાબેનની તબિયત બગડતા તેને ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરેલ અને કલાક ૧૨.૪૯ કલાકે મોત નીપજ્યું હતું. આ અંગે ડોકટરની ગંભીર બેદરકારીના કારણે નિશાબેનનું મોત થયું હોવાની ફરિયાદ વિપુલભાઈએ નીલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૦૪ મુજબ ડા. જયેશ શુક્લ વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ કરી છે.

---



# માતરના મહેલજ ગામમાં વીજ કરંટથી 3 ના મોત

(એજન્સી) નડિયાદ | તા.01

ખેડા જિલ્લામાં વીજ કરંટના કારણે ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો છે. માતર તાલુકાના મહેલજ ગામમાં દુકાનનું શટલ ખોલતી વખતે મહિલા અને તેના બે પુત્રોને કરંટ લાગ્યો હતો. આ ઘટનાક્રમમાં એકનો આબાદ બચાવ થયો છે. જે હાલ સારવાર હેઠળ છે .ઘટનાને જાણ થતા ઉચ્ચ હોદ્દેદારો અને અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. વરસાદના કારણે શટલમાં કરંટ ઉતરતા ૩ના મોતની ઘટના બની છે. માતર તાલુકાના મહેલેજમાં બહારપુરા વિસ્તારમાં રહેતા સાજીદખાન પઠાણની અનાજ કરિયાણાની દુકાન આવેલી છે. રવિવારે બપોર બાદ તેઓનો પુત્ર ઓવેશ (ઉ.વ.૧૭ ) ઘરમાં આવેલ દુકાન ખોલવા ગયા હતા. વરસાદના કારણે શટલ ભીનું થયું હતું જેવા દુકાન ખોલવા માટે શટલને હાથ અડાવ્યું તરત કરંટ લાગતા તેઓએ બૂમ પાડતા બાજુમાંથી તેની માતા યાસ્મીનબાનુ પઠાણ દોડી આવ્યા હતા અને પુત્રને બચાવવા જતા તેમને પણ વીજ કરંટ લાગ્યો હતો. આ જોઈ પાડોશમાં રહેતા સોહેલ પણ બચાવવા દોડતા તે પણ વીજ કરંટ ભોગ બન્યા હતા.



# નડિયાદ શહેરમાં શારદા મંદિર સ્કૂલ જવાના રોડ ઉપર કાદવ કીચડ

(એજન્સી) નડિયાદ | તા.01

: નડિયાદ મરીડા રોડ થી કેર હોસ્પિટલ, શારદા મંદિર સ્કૂલ થઈ ચકલાસી ભાગોળને જોડતો રોડ ઘણા વર્ષોથી બિસ્માર હાલતમાં છે.આ રોડનું સમારકામ ન થતા શાળાના વિદ્યાર્થીઓ કાદવ કિચડમાં થઈને અવરજવર કરવા મજબૂર બન્યા છે ત્યારે સત્તાધીશો દ્વારા વહેલી તકે રોડનું સમારકામ હાથ ધરવા માગણી ઉઠવા પામી છે. નડિયાદ શહેરના મરીડા રોડથી કેર હોસ્પિટલ શારદા મંદિર સ્કૂલ થઈ ચકલાસી ભાગોલ ડાકોર રોડને જોડતો રોડ છેલ્લા ઘણા વર્ષોથી બિસ્માર હાલતમાં છે. જેના કારણે આ રોડ ઉપર આવેલ ૨૫ જેટલી સોસાયટી તેમજ બેસ્ટ સ્કુલ,શારદા મંદિર સ્કૂલના વિદ્યાર્થીઓને અવરજવર કરવામાં ઘણી જ મુશ્કેલી વેઠવી પડે છે. આ ઉપરાંત હાથજ,મરીડા સહિતના ગ્રામ્ય વિસ્તારના લોકોને શાળા, કોલેજ તેમજ હોસ્પિટલમાં જવા આ રોડ આશીર્વાદરૂપ છે.આ રોડ ઘણો જ બિસ્માર હાલતમાં હોવા ઉપરાંત રોડ પર ગટરો ઉભરાતા તેમજ વરસાદના કારણે કાદવ કિચડ સર્જાતા રીક્ષા,સ્કુલવાન કે એમ્બ્યુલન્સ જેવા વાહનો નીકળી ન શકે તેવી વિકટ સ્થિતિ સર્જાય છે.



# ભાવનગર જિલ્લામાં નબળી ગુણવત્તાના બીયારણો ધાબડી દેવાતા હોવાની વ્યાપક રાવ

(એજન્સી) ભાવનગર | તા.01

ભાવનગર જિલ્લાભરમાં આવેલા અનેક એગ્રોવાળાઓ દ્વારા કપાસ, શીંગના બીયારણો નબળી ગુણવત્તાના ખેડૂતોને ધાબડી દેતા હોવાની વ્યાપક પ્રમાણમાં રાવ ઉઠવા પામેલ છે. હાલમાં વાવણીની સીઝનમાં ખેડૂતોને કપાસ, સીંગ વગેરેના બિયારણની જરૂરત હોય તેવા સમયે મહુવા અને તળાજામાં અનેક એગ્રોવાળાઓ શીંગના બીયારણમાં એકમણે ૫૦૦ ગ્રામથી દોઢ કિલો પથ્થર ભેળવેલ બીયારણ ધાબડી દેતા હોવાનો ખેડૂત આગેવાનોએ એક નિવેદનમાં આક્ષેપ કર્યો છે. ભાવનગર જિલ્લામાં ખેતીવાડી વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સઘન તપાસ કરાવી નકલી ભેળસેળયુક્ત બીયારણો અને રાસાયણિક ખાતરો તેમજ દવાઓનું વેચાણ બંધ કરાવવામાં નહિ આવે તો તેના વિરોધમાં ખેડૂત કલ્યાણ સંઘના આગેવાનો દ્વારા આઠ દિવસ બાદ ભાવનગર ખેતી નિયામકની કચેરી, જિલ્લા ખેતીવાડી, કલેકટર કચેરીએ આવેદનપત્રો પાઠવી તંત્રવાહકોની મનમાનીભરી કાર્યપધ્ધતિની પોલ ખુલ્લી કરવામાં આવી હતી.



# ભરતનગરમાં હાઉસીંગ બોર્ડનુ 3 માળનુ બિલ્ડીંગ ધરાશાઈ

(એજન્સી) ભાવનગર | તા.01

ભાવનગર શહેરના ભરતનગર વિસ્તારમાં આવેલ મારૂતીનગરમાં હાઉસીંગ બોર્ડનુ ત્રણ માળનુ મકાન ધરાશાઈ થતા દોડધામ મચી જવા પામી હતી. બિલ્ડીંગ જર્જરીત હોવાથી મનપાએ અગાઉ નોટિસ આપી ખાલી કરાવ્યુ હતુ, જેના પગલે કોઈ જાનહાની થઈ ન હતી. આ બનાવની જાણ થતા મહાપાલિકાનો સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો અને કામગીરી હાથ ધરી હતી. શહેરના ભરતનગર વિસ્તારમાં આવેલ મારૂતીનગરમાં આજે રવિવારે સવારે ૮.૩૦ કલાકના સમય આસપાસ હાઉસીંગ બોર્ડનુ ત્રણ માળનુ જર્જરીત બિલ્ડીંગ પડયુ હતુ, જેના પગલે દોડધામ મચી જવા પામી હતી. ઘટના સ્થળ પર સ્થાનિક લોકો ઉમટી પડયા હતાં. આ બનાવની જાણ થતા મહાપાલિકાના એસ્ટેટ, ફાયર વગેરે વિભાગના અધિકારી-કર્મચારીઓ દોડી ગયા હતાં. મહાપાલિકાના કમિશનર પણ સ્થળ પર ગયા હતા અને નિરીક્ષણ કર્યુ હતું.

---

ભાવનગર નિરમા કંપનીમાં લવાતો આફ્રિકન કોલ રસ્તામાં ઉતારી દીધો

# નિરમા કંપની સાથે 3 ટ્રક ચાલકો દ્વારા રૂા. 9.58 લાખની છેતરપિંડી

(એજન્સી) ભાવનગર | તા.01

આ બનાવની પ્રાપ્ત થતી માહિતી અનુસાર નિરમા કોલોનીની બેચલર હોસ્ટેલમાં રહેતા અને નિરમા કંપનીમાં સિક્યુરિટી સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા દેવબાદુર મેઘબહાદુર ગુરુંગ (ઉં.વ ૫૨ )એ વેળાવદર ભાલ પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, નિરમા કંપની સુધી કોલ ટ્રાન્સપોટીંગનુ કામ કરનાર રાજ ચાંમુડા ટ્રાન્સપોર્ટ દ્વારા હજીરા પોર્ટ ખાતેથી ૧ ટીપર ટ્રક નંબર જીજે ૧૬ એડબલ્યુ ૪૬૭૬ મા વજન ૩૨૮૮૦ કિંમત રૂ.૩,૩૪,૨૨૫ નો આફ્રીકન કોલ ભરી ડ્રાઈવર હરપાલસિંહ અજીતસિંહ જાડેજા (રહે. શામપરા તા.જી.ભાવનગર)ને તેમજ ૨ ટીપર નંબર જીજે ૦૪ એ ડબલ્યુ ૮૩૩૮ મા વજન ૨૯૯૫૦ રૂ.૩,૦૪,૪૪૨ નો આફ્રીકન કોલ ભરી ડ્રાઈવર પ્રવીણ સાંમતભાઈ વીઝુંડા (રહે સાવરકુંડલા જી અમરેલી)ને તેમજ ૩ ટીપર નંબર જીજે ૦૫ બીઝેડ ૮૯૦૮ મા વજન રૂ ૩,૧૯,૯૯૪ નો ડ્રાઈવર વિપુલ બાબુભાઈ ગરાસિયા (રહે. ખંજેલી ફળીયુ ગારડુ જાલોદ જી દાહોદ)ને તેઓના ટીપરોમા સાઉથ આફ્રીકન કોલ તારીખ ૨૫-૬-૨૦૨૪ ના રોજ ભરી નિરમા કંપની કાળાતળાવ જવા મોકલી આપેલ હતો. ઉપરોક્ત ત્રણેય ટીપરો ડમ્પરોના ડ્રાઈવરો તેમજ ત્રણેય ટીપરો ડમ્પરોના માલીકો દ્વારા ભેગા મળી હજીરા પોર્ટ સુરતથી નિરમા કંપની કાળાતળાવ સુધી રસ્તામા ત્રણેય ગાડીઓમા ભરેલ અસલ આફ્રીકન ઉતારી લઈ તેઓના આર્થીક ફાયદા સારૂ ભેળશેળવાળો કાળો પદાર્થ ભરી કોલમાં ભેળસેળ કરી નિરમા કંપનીમા આવી ઉપરોક્ત ટીપરોના ત્રણેય ડ્રાઈવરો તેમજ તેના માલીકોએ અમારી કંપની સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ વેળાવદર ભાલ પોલીસ મથકમા નોધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

---

રાત્રીના 3.30 થી 4 વાગ્યાના અરસામાં નિંદ્રાધિન હતા ત્યારે

# બોટાદમાં પુત્રએ માતાને ગળાટૂંપો આપી ઓશિકા વડે મોઢું દબાવી મોત નિપજાવ્યું

(એજન્સી) ભાવનગર | તા.01

બોટાદના સાળંગપુર રોડ પર આવેલ પોસ્ટ ઓફિસ સામે મહંમદ ગફુર સોસાયટીમાં રહેતા માતાને પુત્રએ રાત્રિના સમયે ગળેટૂંપો આપી ઓશીકા વડે મોઢું દબાવી મોતને ઘાટ ઉતારી દીધાની ફરિયાદ બોટાદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. માતાને શખ્સ સાથે આડો સંબંધ હોવાની શંકા રાખી પુત્રએ આ કૃત્ય આચર્યાનું ફરિયાદમાં જણાવાયું હતું.

આ બનાવની ઉપલબ્ધ થતી માહિતી અનુસાર બોટાદના સાળંગપુર રોડ પર આવેલ પોસ્ટ ઓફિસ સામે મહંમદ ગફુર સોસાયટી ખાતે રહેતા એજાજખાન ગનીખાન પઠાણે બોટાદ પોલીસ સ્ટેશનમાં પોતાના ભાઈ આફતાબ ગનીખાન પઠાણ વિરૂદ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતાના પિતા ગનીખાન મજીદભાઈ પઠાણનું સને ૨૦૧૫માં અવસાન થયેલ છે. પોતે પરિણીત છે અને સંયુક્ત કુટુંબમાં રહે છે. દરમિયાનમાં, ગઈ કાલ તા. ૨૯-૬-૨૦૨૪ના રોજ રાત્રીના ૧૦ વાગ્યાના અરસામાં પોતે રૂમમાં સૂતા હતા ત્યારે પોતાના માતા અફસાનાબેન રાત્રીના સાડા દસેક વાગ્યે ઘરે આવતા પોતે પોતાના માતાને પૂંછ્યું હતું કે, તમે જમ્યા ? આથી માતાએ કહેલ કે, હું જમીને આવેલ છું.

દરમિયાનમાં, માતા અફસાનાબેન રસોડા પાસે આવેલા હોલમાં ખાટલા ઉપર સુઈ ગયા હતા અને પોતે પોતાના રૂમમાં સુવા માટે જતો રહ્યો હતો. જ્યારે પોતાનો ભાઈ આફતાબ ગનીખાન પઠાણ હજુ સુધી ઘરે આવ્યો ન હતો. વહેલી સવારના સાડા ત્રણ ચારેક વાગ્યાના અરસામાં પોતાના ભાઈ આફતાબે રૂમનો દરવાજો ખખડાવીને કહ્યું હતું કે, માતાને કંઈક થઈ ગયું છે, બોલાવતા કાંઈ બોલતા નથી. જેથી તુરંત જ માતા અફસાનાબેનને રિક્ષામાં હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં ફરજ પરના તબીબે અફસાનાબેનને મૃત જાહેર કર્યા હતા. આ બનાવને લઈને પરિવાર શોકમગ્ન હતો ત્યારે નાના પુત્ર આફતાબ પર શંકા પડતા પરિવારજનોએ આફતાબને શંકાની દ્રષ્ટિએ પૂછતા તેણે જણાવેલ કે, માતાને ખોજાવાડીમાં રહેતા લાલો ઉર્ફે ઈરફાન ખોખર સાથે આડા સંબંધ હોવાથી લાગી આવતા પોતાને ખીજ ચડતા ગળુ દબાવી તથા ઓશિકાથી મોંઢા પર ડુચો દઈ દેતા મમ્મી મરણ ગયેલ હતા. તેમ ફરિયાદમાં જણાવાયું હતું.

---




# આણંદના તુલસી ગરનાળાથી મોગરી જતાં કાંસની સફાઈમાં વેઠ ઉતારાઈ

(એજન્સી) આણંદ | તા.01


આણંદ શહેરની તુલસી ગરનાળાથી મોગરી તરફ જતા કાંસની સાફ-સફાઈ બાબતે તંત્રએ ધુપ્પલ કામગીરી કરી હોવાની ફરિયાદો ઉઠી છે. અમીન ઓટો નજીકના કાંસમાં ગંદકી તથા જંગલી વનસ્પતિનું સામ્રાજ્ય યથાવત જોવા મળી રહ્યું છે. ત્યારે સંબંધિત તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉઠયાં છે.આણંદ જિલ્લા કલેક્ટર દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરી અંતર્ગત યોજાયેલી બેઠકમાં એમજીવીસીએલ, કાંસ વિભાગ તથા પાલિકા જેવા વિવિધ વિભાગોને ચોમાસા દરમિયાન સમસ્યાઓનું ત્વરિત નિરાકરણ લાવવા સૂચિત કરાયા હતા. પરંતુ આણંદ જિલ્લામાં પ્રિ-મોન્સૂનની કામગીરી ઠેકઠેકાણે અધૂરી અથવા તો નહિંવત્ કામગીરી થઈ હોવાનું જોવા મળી રહ્યું છે.

---


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
આજનો દિવસ વિશેષ યોગદાન આપી રહ્યો છે અને નિષ્ણાતની સલાહ તમારા માટે ઉપયોગી સાબિત થશે. ક્ષેત્રમાં તમારા કામ દરેકને અસર કરશે અને ખ્યાતિ પણ વધશે.




**વૃષભ (બ,વ,ઉ)**
વિદેશમાં વસતા પરિવાર તરફથી તમને સારા સમાચાર મળશે. સારા લગ્ન પ્રસ્તાવ મળશે. ક્ષેત્રમાં પ્રગતિ થશે અને અચાનક પૈસાથી લાભ થશે.




**મિથુન (ક,છ,ઘ)**
કોઈ ખાસ પ્રસંગની વ્યવસ્થા કરવામાં પસાર થશે. ક્ષેત્રમાં રચનાત્મક પરિવર્તન તમારી કાર્યકારી શૈલીમાં સુધારો લાવશે અને તમારા સૂચનોને પણ ટેકો મળશે.




**કર્ક (ડ,હ)**
આકસ્મિક ધન લાભના યોગ બની રહ્યા છે અને પિતૃ સંપત્તિથી સંપત્તિ પ્રાપ્ત થવાના સંકેત મળશે. તમે પરિવારની સમસ્યાઓ તમારા પોતાના પર હલ કરવાનો પ્રયાસ કરશો.




**સિંહ (મ,ટ)**
બાળકોની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે અને પારિવારિક વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે. વ્યવસાયમાં ભાગીદારો બનશે. ભવિષ્યને મજબૂત બનાવવા માટે કાર્ય કરશો.




**કન્યા (પ,ઠ,ણ)**
પરિવારના નાના સભ્યો સાથે સમય વિતાવવાથી માનસિક શાંતિ મળશે. સામાજિક કાર્યોમાં ફાળો ઓછો રહેશે તેમ છતાં આદર રહેશે.




**તુલા (ર,ત)**
તમારે કાનૂની બાબતોમાં સફળતા માટે થોડો સમય રાહ જોવી પડી શકે છે. બાળકોની પ્રગતિ સાથે તમને શ્રેષ્ઠ સંપત્તિ પ્રાપ્ત થશે અને તમને સમર્થન પણ મળશે.




**વૃશ્ચિક (ન,ય)**
વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ સાથે સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડશે અને નવી તકો મળશે.




**ધન (ભ,ધ,ફ)**
વ્યવસાયિક સ્થાનાંતરિત કરવાનો તમારો વિચાર સારો સાબિત થશે. નજીકના સહયોગી પ્રત્યે સાચી નિષ્ઠા રાખીને તમે લોકોનું હૃદય જીતી શકો છો.



**મકર (ખ,જ)**
પરિવર્તન માટે સમય યોગ્ય નથી. શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ માટે આ સમય કેટલાક અવરોધો સાથે આવી શકે છે. લોન લેતા પહેલા પરિવાર સાથે સલાહ લો.



**કુંભ (ગ,શ,સ)**
ધંધાકીય બાબતોમાં આવતી અડચણો દૂર થશે અને સામાજિક ક્ષેત્રે તમારું માન વધશે. ઘરેલુ સ્તરે મંગલ કાર્યોનું આયોજન થઈ શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**
રાજકારણથી સંબંધિત લોકોના પ્રભાવના ક્ષેત્રમાં વિકાસ થશે અને નવા કાર્યની રૂપરેખા પણ તૈયાર કરશે. નજીકના મિત્રની સલાહ અને ટેકોથી તમે તમારી ખરાબ બાબતોને સુધારી શકો છો.

## વિદેશી રોકાણકારોની લેવાલીના પગલે શેરબજારમાં ઉછાળો, 265 શેર્સ વર્ષની નવી ટોચે

સ્થાનિક અને વૈશ્વિક સ્તરે સકારાત્મક પરિબળોના પગલે વિદેશી રોકાણકારો હવે ફરી પાછા ભારતીય શેરબજાર તરફ વળ્યા છે. સેન્સેક્સ અને નિફ્ટીએ નવા માસ અને નવા સપ્તાહની શરૂઆત પોઝિટીવ નોટ સાથે કરી છે. સેન્સેક્સ નજીવા સુધારા સાથે ખૂલ્યા બાદ રોકાણકારોની મૂડી રૂ. 2.57 લાખ કરોડ વધી છે. સેન્સેક્સ 10.45 વાગ્યા સુધીમાં 265 પોઈન્ટ ઉછળી 79297ના હાઈ લેવલે પહોંચ્યો હતો. ઉલ્લેખનીય છે કે, શુક્રવારે સેન્સેક્સે 79671.58ની ઐતિહાસિક ટોચ નોંધાવી હતી. નિફ્ટી 50 આજે સમાચાર લખાયા ત્યાં સુધી 70 પોઈન્ટના ઉછાળા સાથે ટ્રેડ થઈ રહ્યો હતો. 11.00 વાગ્યે નિફ્ટી 75.80 પોઈન્ટ ઉછળી 24086.40 પર ટ્રેડ થઈ રહ્યો હતો. સેન્સેક્સ 203.81 પોઈન્ટ ઉછળી 79236 પર ટ્રેડ થઈ રહ્યો હતો. વિદેશી રોકાણકારોએ એપ્રિલ અને મે માસમાં મોટાપાયે વેચવાલી નોંધાવ્યા બાદ જૂન માસમાં આકર્ષક 3.2 અબજ ડોલરની ખરીદી નોંધાવી છે. અગાઉ માર્ચમાં 4.2 અબજ ડોલરની લેવાલી દર્શાવી હતી. જ્યારે એપ્રિલમાં 1.04 અબજ ડોલર અને મેમાં 3.1 અબજ ડોલરની વેચવાલી કરી હતી. ગત સપ્તાહે સેન્સેક્સ અને નિફ્ટી સહિત વિવિધ સેક્ટોરલ ઈન્ડેક્સ રોજ નવી ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યા હતા. આકર્ષક તેજીના કારણે માર્કેટની વેલ્યૂએશન ઉંચી થઈ છે.

## LPG સિલિન્ડરના ભાવમાં થયો ઘટાડો

મોંઘવારીના માર વચ્ચે રાહતના સમાચાર મળી રહ્યા છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ફેરફાર કર્યા છે. 19 કિલોગ્રામવાળા કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવ આજથી 31 રૂપિયા સુધી ઘટી ગયા છે. દિલ્હીમાં હવે કોમર્શિયલ સિલિન્ડર 1676 ના બદલે 1646 રૂપિયામાં મળશે. કલકત્તામાં આ સિલિન્ડર હવે 1756 રૂપિયામાં મળી રહ્યો છે. પહેલાં તેના ભાવ 1787 રૂપિયા હતો. મુંબઈમાં સિલિન્ડરનો જૂનો ભાવ 1629 રૂપિયા હતો જે હવે 1598 રૂપિયા થઇ ગયો છે. ચેન્નઈમાં સિલિન્ડર 1809.50 રૂપિયામાં મળી રહ્યો છે. જોકે 14.2 KG વાળા ઘરેલૂ ગેસ સિલિન્ડરના ભાવમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. દિલ્હીમાં આ 803 અને મુંબઇમાં 802.50 નો મળી રહ્યો છે. ઘરેલૂ એલપીજી સિલિન્ડરના ભાવમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. તેમાં છેલ્લે 9 માર્ચ 2024 ના રોજ ફેરફાર કરવામાં આવ્યો હતો અને ભાવમાં 100 રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. દિલ્હીમાં હવે ઘરેલૂ એલપીજી સિલિન્ડરનો ભાવ 803 રૂપિયા, કલકત્તામા6 829 રૂપિયા, મુંબઈમાં 802.50 રૂપિયા અને ચેન્નઈમાં 818.50 રૂપિયા છે.

## કાળા નાણાં પરના અંકુશ માટે ભારતની પ્રોત્સાહક કામગીરી

નવી દિલ્હી : કાળું નાણું સફેદ થતું અટકાવવા માટે વિશ્વવ્યાપી દેખરેખ કરતી સંસ્થા ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) એ કહ્યું છે કે ભારતે તેની માર્ગદર્શિકા અનુસાર ઉચ્ચ સ્તરીય તકનીકી અનુપાલન સ્તર પ્રાપ્ત કર્યું છે. પરંતુ તેણે કેટલાક બિન-નાણાકીય ક્ષેત્રોમાં નિવારક પગલાં લાગુ કરવા અને દેખરેખને મજબૂત કરવા માટે વધુ કરવું જોઈએ. ટાસ્ક ફોર્સે એક સંક્ષિપ્ત નિવેદનમાં, ભારતને નિયમિતપણે દેખરેખ હેઠળની શ્રેણીમાં મૂક્યું છે અને કહ્યું છે કે તેણે મની લોન્ડરિંગ અને આતંકવાદી ધિરાણ સંબંધિત કેસોમાં મુકદ્દમાના વહેલા નિકાલ માટે પગલાં લેવાની જરૂર છે. કેન્દ્રીય નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ટાસ્ક ફોર્સના મૂલ્યાંકનમાં ભારતનું પ્રદર્શન આપણા ઝડપથી વિકસતા અર્થતંત્ર માટે ખૂબ જ ફાયદાકારક છે કારણ કે તે આપણી નાણાકીય વ્યવસ્થાની એકંદર સ્થિરતા અને અખંડિતતાને પ્રતિબિંબિત કરે છે. ટાસ્ક ફોર્સને કોઈપણ કાયદા દ્વારા સમર્થન ન હોવા છતાં, વૈશ્વિક રોકાણકારો તેના તારણોને ખૂબ મહત્વ આપે છે. ટાસ્ક ફોર્સએ પોતાના એસેસમેન્ટ રિપોર્ટમાં ભારત વિશે આ વાત કહી છે. રિપોર્ટમાં મની લોન્ડરિંગ અને આતંકવાદી ધિરાણ જેવા મુદ્દાઓ સાથે વ્યવહાર કરવા માટે ભારત દ્વારા લેવામાં આવેલા પગલાંની અસરકારકતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

# બંસલ વાયર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનો રૂ.7,450 મિલિયનનો આઈપીઓ બુધવાર, 3 જુલાઈ, 2024ના રોજ ખૂલશે

(એજન્સી) અમદાવાદ । તા. 01

બંસલ વાયર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (બંસલ વાયર અથવા કંપની) બુધવાર, 3 જુલાઈ, 2024ના રોજ ઈક્વિટી શેર્સના તેના પબ્લિક ઇશ્યૂના સંદર્ભે તેની બિડ/ઇશ્યૂ ખોલશે. (પ્રત્યેક રૂ. 5ની ફેસ વેલ્યુના) ઈક્વિટી શેર્સની કુલ ઇશ્યૂ સાઈઝમાં રૂ. 7,450 મિલિયન સુધીના (કુલ ઇશ્યૂ સાઈઝ) મૂલ્યના ફ્રેશ ઇશ્યૂનો સમાવેશ થાય છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ મંગળવાર, 2 જુલાઈ, 2024 રહેશે. બિડ/ઇશ્યૂ બુધવાર, 3 જુલાઈ, 2024ના રોજ ખૂલશે અને શુક્રવાર, 5 જુલાઈ, 2024ના રોજ બંધ થશે. ઇશ્યૂની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર




રૂ. 243થી રૂ. 256 નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ 58 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 58 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે. કંપની ઈક્વિટી શેર્સના ફ્રેશ ઇશ્યૂમાંથી મળનારી કુલ આવકનો ઉપયોગ આ પ્રમાણે કરવા ધારે છેઃ (1) અમારી કંપની દ્વારા લેવાયેલા અંદાજિત રૂ. 4,526.83 મિલિયનના કેટલાક ઉછીના નાણાંની પૂર્વચૂકવણી કે પુનઃચૂકવણી માટે (2) રૂ. 937.08 મિલિયન જેટલા તેના બાકીના દેવા પૈકીની તમામ અથવા આંશિક પુનઃચૂકવણી કે પૂર્વચૂકવણી માટે અમારી પેટાકંપનીમાં રોકાણ (3) અમારી કંપનીની કાર્યશીલ મૂડી જરૂરિયાતોને રૂ. 600 મિલિયન જેટલું ફંડ પૂરું પાડવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે (ઇશ્યૂનો હેતુ). આ ઈક્વિટી શેર નવી દિલ્હી ("આરએચપી") ખાતે કંપનીના રજિસ્ટ્રાર, દિલ્હી અને હરિયાણામાં ફાઈલ કરાયેલ તારીખ 27 જૂન, 2024ના રોજ કંપનીના રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા જારી કરવામાં આવી રહ્યા છે અને બીએસઈ લિમિટેડ ("બીએસઈ") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("એનએસઈ") પર લિસ્ટિંગ કરવાની યોજના છે. આ ઇશ્યૂ સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન 31 સાથે વાંચેલા અને સુધારેલા મુજબ 1957ના સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન્સ) રૂલ્સના નિયમ 19(2)(બી)ની શરતોમાં કરવામાં આવી રહ્યો છે. સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન 6(1)ના અનુપાલનમાં બુક બિલ્ડીંગ પ્રક્રિયા દ્વારા આ ઇશ્યૂ ઓફર કરવામાં આવી રહ્યો છે.

## સાણંદમાં મુખ્યાલય ધરાવતી મમતા મશીનરી લિમિટેડે ડીઆરએચપી ફાઇલ કર્યું

(એજન્સી) સાણંદ । તા. 01

સાણંદ (ગુજરાત)માં મુખ્યાલય ધરાવતી મમતા મશીનરી લિમિટેડે શેરબજાર નિયામક સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) પાસે તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઇલ કર્યું છે. બીલાઇન કેપિટલ એડવાઇઝર્સ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યૂના એકમાત્ર બુક રનિંગ લીડ મેનેજર (બીઆરએલએમ) છે. ઓફરના ઉદ્દેશ્યો (1) સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા 7,382,340 સુધીના ઈક્વિટી શેર્સનો ઓફર ફોર સેલ હાથ ધરવો, (2) સ્ટોક એક્સચેન્જીસ ઉપર ઈક્વિટી શેર્સના લિસ્ટિંગના લાભો મેળવવા છે. મમતા મશીનરી લિમિટેડ પ્લાસ્ટિક બેગ અને પાઉચ બનાવતા મશીન, પેકેજિંગ મશીન અને એક્સ્ટ્રુઝન ઉપકરણોનું ઉત્પાદન અને નિકાસ કરે છે. કંપની બ્રાન્ડ "વેગા" અને "વિન" હેઠળ તેના મશીનનું વેચાણ કરે છે તેમજ 31 મે, 2024 સુધીમાં કંપનીએ વિશ્વભરના 75 દેશોમાં 4,500થી વધુ મશીન સ્થાપિત કર્યાં છે. કંપનીના ગ્રાહકોમાં બાલાજી વેફર્સ પ્રાઈવેટ લિમિટેડ, દાસ પોલીમર્સ પ્રાઈવેટ લિમિટેડ, જેફ્લેક્સી પેકેજિંગ પ્રાઈવેટ લિમિટેડ, યુફોરિયા પેકેજિંગ પ્રાઈવેટ લિમિટેડ, સનરાઈઝ પેકેજિંગ, ગંગા જ્યુટ પ્રાઈવેટ લિમિટેડ, વેસ્ટર્ન ઈન્ડિયા કેશ્યૂ કંપની પ્રાઈવેટ લિમિટેડ અને એન.એન. પ્રિન્ટ એન્ડ પ્રાઈવેટ લિમિટેડ, ગિટ્સ ફૂડ પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ અને એમિરાટ્સ નેશનલ ફેક્ટરી ફોર પ્લાસ્ટિક ઈન્ડ એલએલસી સામેલ છે.

## NPS સબસ્ક્રાઈબર્સ માટે ખુશખબર: 1 જુલાઈથી થશે મોટા ફેરફાર, જાણો શું થશે અસર

પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA) 1 જુલાઈથી નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) કસ્ટમર્સ માટે મોટો ફેરફાર કરવા જઈ રહી છે જેનો T+0 સેટલમેન્ટને સરળ ભાષામાં સમજીએ તો કોઈપણ રોકાણ અથવા ક્લેમ પર તે જ દિવસે સેટલમેન્ટ કરવામાં આવે છે. એવી જ રીતે T+1નો અર્થ ક્લેમ અથવા રોકાણ કરવાના એક દિવસ બાદ સેટલમેન્ટ કરવામાં આવે છે. PFRDAએ NPS હેઠળ આ જ પ્રકારના નિયમોમાં ફેરફાર કર્યા છે અને 1 જુલાઈથી T+0 સેટલમેન્ટ લાગુ કરશે. સીધો ફાયદો NPS સબસ્ક્રાઈબર્સને મળશે. PFRDA NPS હેઠળ T+0 સેટલમેન્ટ લાગુ કરવા જઈ રહ્યું છે, જે 1 જુલાઈથી અમલમાં આવી જશે. નવા નિયમ હેઠળ કોઈપણ સેટલમેન્ટ ડે પર સવારે 11:00 વાગ્યા (T) સુધી ટ્રસ્ટી બેંક દ્વારા પ્રાપ્ત NPS કોન્ટ્રિબ્યૂશન એ જ દિવસે રોકાણ કરવામાં આવશે અને ગ્રાહકોને એ જ દિવસે NAV (નેટ એસેટ વેલ્યુ)નો લાભ મળશે.

T+0 સેટલમેન્ટને સરળ ભાષામાં સમજીએ તો કોઈપણ રોકાણ અથવા ક્લેમ પર તે જ દિવસે સેટલમેન્ટ કરવામાં આવે છે. એવી જ રીતે T+1નો અર્થ ક્લેમ અથવા રોકાણ કરવાના એક દિવસ બાદ સેટલમેન્ટ કરવામાં આવે છે. PFRDAએ NPS હેઠળ આ જ પ્રકારના નિયમોમાં ફેરફાર કર્યા છે.

## એસબીઆઈએ "એમએસએમઈ સહજ-એન્ડ ટુ એન્ડ ડિજિટલ ઈનવોઈસ ફાઈનાન્સિંગ" રજૂ કર્યું

એજન્સી મુંબઈ તા 01

દેશની ટોચની બેન્ક સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ એમએસએમઈના ઈનવોઈસ ફાઈનાન્સિંગ માટે વેબ આધારિત ડિજિટલ બિઝનેસ લોન્સ સોલ્યુશન્સ "એમએસએમઈ સહજ" લોન્ચ કરવાની જાહેરાત કરી છે. ડેટા આધારિત ઈનોવોઈસ ફાઈનાન્સિંગ ક્રેડિટ એસેસમેન્ટ એન્જિન પર વિકસિત આ સોલ્યુશનન લોનની અરજી, ડોક્યુમેન્ટેશન અને લોનની ફાળવણી સહિતની તમામ પ્રક્રિયા 15 મિનિટમાં પૂર્ણ કરે છે. જેમાં કોઈ મેન્યુઅલ દખલગીરી થશે નહીં. લોનની ક્લોઝર ડેટ પણ ઓટોમેટેડ છે. જે સિસ્ટમ દ્વારા કેરિ ફોરવર્ડ થશે. એમએસએમઈ સહજની મદદથી બેન્કના જે ગ્રાહકો જીએસટી રજિસ્ટર્ડ વેચાણો કરી રહ્યા છે, તેમને માત્ર 15 મિનિટમાં રૂ. 1 લાખ સુધીની લોન મળી શકશે. આ પ્રોડક્ટ મશીન લર્નિંગ મોડલ પર આધારિત છે. જેમાં GSTIN, ગ્રાહકના બેન્ક સ્ટેટમેન્ટ અને સીઆઈસી ડેટા આધારે ઓથેન્ટિક ડેટાનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રોડક્ટનો હેતુ જીએસટી હેઠળના માઈક્રો એસએમઈ યુનિટની તાત્કાલિક ટૂંકાગાળાની કાર્યકારી મૂડીની જરૂરિયાતો ઓન ટેપ (આંગળીના ટેરવે) પૂરી કરવાનો છે. એસબીઆઈના ગ્રાહકો યોનો (Yono) એપ પરથી પણ ડિજિટલ મોડ મારફત આ પ્રોડક્ટનો લાભ લઈ શકશે. જે એમએસએમઈના લિક્વિડિટી પડકારોને સંબોધિત કરતાં ઝડપથી રોકડ ઉપલબ્ધ કરાવશે. એમએસએમઈ સહજના લોન્ચિંગ સાથે એસબીઆઈએ ફરી એકવાર એમએસએમઈ ધિરાણમાં નવા માપદંડો સેટ કર્યા છે. આગામી પાંચ વર્ષ માટે બેન્ક દ્વારા એમએસએમઈ લેન્ડસ્કેપને કેન્દ્રબિંદુ તરીકે અલગ તારવવામાં આવ્યું છે. આ ઈનોવેટિવ ડિજિટલ પ્રોડક્ટ તેની ડિજિટલ ધિરાણ ક્ષેત્રે નોંધપાત્ર સફળતા દર્શાવે છે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના સોલ પ્રોપ્રેટરશીપ નોન-ક્રેડિટ ગ્રાહકો આ પ્રોડક્ટનો લાભ લઈ શકશે, તેઓ બેન્ક સાથે ચાલુ ખાતુ ધરાવતા હોવા જોઈએ. આ ઈનોવેટિવ સ્કિમ બેન્કના ઈન્ટરનેટ બેન્કિંગ એપ્લિકેશન મારફત ઉપલબ્ધ થશે. એસબીઆઈના ચેરમેન શ્રી દિનેષ ખારાએ જણાવ્યું હતું કે, "એસબીઆઈ એસએમઈ બિઝનેસ લોનમાં ડિજિટલ સોલ્યુશન્સ રજૂ કરી ઈન્ડસ્ટ્રી માટે નવો બેન્ચમાર્ક સેટ કરવા પ્રતિબદ્ધ છે.

## રિલાયન્સના માર્કેટ-કેપમાં એક સપ્તાહમાં 1.52 લાખ કરોડનો વધારો

એજન્સી મુંબઈ તા 01

માર્કેટ કેપિટલાઈઝેશનના સંદર્ભમાં, દેશની ટોચની 10 કંપનીઓમાંથી 9ના માર્કેટ કેપમાં ગયા સપ્તાહે સંયુક્ત રીતે રૂ. 2.89 લાખ કરોડનો વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ટોપ ગેઈનર રહી છે.




સપ્તાહના ટ્રેડિંગ દરમિયાન તેનું મૂલ્યાંકન રૂ. 1,52,264.63 કરોડ (1.52 લાખ કરોડ) વધ્યું છે. હવે કંપનીનું માર્કેટ કેપ 21.19 લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. અગાઉ કંપનીનું માર્કેટ કેપ 19.67 લાખ કરોડ રૂપિયા હતું. LICનું મૂલ્ય રૂ. 22,043 કરોડ ઘટીને રૂ. 6.26 લાખ કરોડ થયું

આ સિવાય ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS), ICICI બેન્ક, ભારતી એરટેલ, ઈન્ફોસિસ, HDFC બેન્ક, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI), હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (HUL) અને ITC પણ આ સમયગાળા દરમિયાન બજારમાં ઉછળ્યા છે.

ઈન્સ્યોરન્સ કંપની લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC) એકમાત્ર એવી કંપની હતી જેનું બજાર મૂલ્ય ઘટ્યું છે. સપ્તાહના ટ્રેડિંગમાં કંપનીનું મૂલ્ય રૂ. 22,042.61 કરોડ ઘટીને રૂ. 6.26 કરોડ થયું છે.

# એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડનો ઇક્વિટી શેર્સનો આઈપીઓ 3 જુલાઈ, 2024ના રોજ ખૂલશે

(એજન્સી) અમદાવાદ । તા. 01

એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ (કંપની) બુધવાર, 03 જુલાઈ, 2024ના રોજ તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ (ઓફર) ખોલવાની દરખાસ્ત કરે છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફર સમયગાળો બિડ/ઓફર ખુલવાની તારીખ એટલે કે મંગળવાર, 2 જુલાઈ, 2024ના કામકાજના એક દિવસ પહેલા રહેશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, 5 જુલાઈ 2024 રહેશે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 960થી રૂ. 1,008 રહેશે. બિડ્સ લઘુતમ 14 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 14 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે. એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ (કંપની) ના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર્સ (ઈક્વિટી શેર્સ)ના આઈપીઓ જેનું મૂલ્ય રૂ. સુધીના (ઓફર)ના ઈક્વિટી શેર દીઠ રૂ. ના કેશ પ્રાઈઝમાં (જેમાં ઈક્વિટી શેરદીઠ રૂ. ના શેર પ્રીમિયમનો સમાવેશ થાય છે. જેમાં પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના સુધીના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઇશ્યૂ, જેનું મૂલ્ય કંપની દ્વારા રૂ. 8,000.00




મિલિયન સુધીનું થાય છે (ફ્રેશ ઇશ્યૂ) અને પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 11,428,838 ઈક્વિટી શેર્સ સુધીની ઓફર ફોર સેલ જેનું મૂલ્ય રૂ. મિલિયન છે જેમાં સતીશ રમણલાલ મહેતા દ્વારા રૂ. મિલિયન સુધીના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 4,20,000 ઈક્વિટી શેર્સ, નમિતા વિકાસ થાપર દ્વારા રૂ. મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 12,68,600 ઈક્વિટી શેર્સ, સમિત સતીશ મહેતા દ્વારા રૂ. મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 10,000 સુધીના ઈક્વિટી શેર્સ અને સુનીલ રજનીકાંત મહેતા દ્વારા રૂ. મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 40,000 સુધીના ઈક્વિટી શેર્સ તથા બીસી ઈન્વેસ્ટમેન્ટ્સ 5 લિમિટેડ દ્વારા રૂ. મિલાયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 72,34,085 ઈક્વિટી શેર્સ આરએચપીના એનેક્સ્ચર એ હેઠળ નક્કી કરાયેલા પ્રમોટર ગ્રુપ સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા રૂ. મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 13,42,586 ઈક્વિટી શેર્સ અરૂણકુમાર પુરષોત્તમલાલ ખન્ના દ્વારા રૂ. મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 3,00,00 સુધીના ઈક્વિટી શેર્સ અને આરએચપીના એનેક્સ્ચર હેઠળ નક્કી કરાયેલા અન્ય સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા રૂ. મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 8,13,568 ઈક્વિટી શેર્સ અને પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ, પ્રમોટર ગ્રુપ સેલિંગ શેરહોલ્ડર્સ, ઈન્ડિવિઝ્યુઅલ સેલિંગ શેરહોલ્ડર અને ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર્સ સાથે સેલિંગ શેરહોલ્ડર્સ તથા સેલિંગ શેરહોલ્ડર તરીકે દરેક વ્યક્તિ તથા સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની આવી ઓફર ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે.

## EPFOએ બદલ્યો નિયમ: હવે કર્મચારીઓની વધી જશે ઈન -હેન્ડ સેલેરી


નોકરી કરતા લોકો માટે સારા સમાચાર સામે આવ્યા છે. એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO) એ 1 સપ્ટેમ્બર, 2013 પછી કાર્યરત કર્મચારીઓ માટે ગ્રુપ લાઈફ ઈન્સ્યોરન્સ (GIS)ના નિયમોમાં ફેરફાર કર્યો છે. પ્રોવિડન્ટ ફંડના નિયમોમાં આ ફેરફારને કારણે કર્મચારીઓની ટેક હોમ સેલરી વધવા જઈ રહી છે. આ નિર્ણયથી એવા કર્મચારીઓને ફાયદો થશે જેઓ 1 સપ્ટેમ્બર 2013 પછી જોડાયા છે.

નિયમો બદલાયા, પગાર વધશે એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO)એ સરકારી કર્મચારીઓ માટે ગ્રુપ લાઈફ ઈન્સ્યોરન્સ (GIS) હેઠળની કપાત તાત્કાલિક અસરથી રોકવાનો નિર્ણય લીધો છે. EPFOએ આ અંગે એક સરક્યુલેશન બહાર પાડ્યું છે. જેમાં તમામ કર્મચારીઓના પગારમાંથી ગ્રુપ ઈન્સ્યોરન્સ સ્કીમ હેઠળની કપાત રોકવા માટે કહેવામાં આવ્યું છે. આ યોજના બંધ થવાથી, જે કર્મચારીઓ હવે GIS નો ભાગ નહીં હોય તેમના પગારમાંથી અત્યાર સુધી જેટલી પણ રકમ કાપવામાં આવી છે તે તેમને એકસાથે પરત કરવામાં આવશે. જો તેમના પગારમાંથી GIS કાપવામાં ન આવે, તો તેમનો ઈનહેન્ડ પગાર વધી શકે છે. આ સ્કીમમાંથી બાકાત કરાયેલા કર્મચારીઓનો ટેક હોમ સેલરી વધશે, પરંતુ પગાર કેટલો વધશે તે હજુ સ્પષ્ટ નથી. તમને જણાવી દઈએ કે દર મહિને કર્મચારીઓના પગારની થોડી ટકાવારી GISને મોકલવામાં આવે છે, જે નિવૃત્તિના સમયે એક મોટી રકમ બની જાય છે. EPFOની જૂથ વીમા યોજના (GIS) 1 જાન્યુઆરી, 1982ના રોજ શરૂ કરવામાં આવી હતી, જેમાં પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO) હેઠળ કર્મચારીઓ અને તેમના પરિજનોને સામાજિક-આર્થિક સુરક્ષા પૂરી પાડવામાં આવે છે. આ યોજના હેઠળ, જે કર્મચારીનું મૃત્યુ થાય છે, તેના પરિવારને આર્થિક સહાય

## વોરન બફેટે તેમની વસિયતમાં બદલાવ કર્યો: તેમના મૃત્યુ પછી બિલ ગેટ્સ ફાઉન્ડેશનને દાન નહીં મળે

એજન્સી નવી દિલ્હી તા 01

પીઢ અમેરિકન રોકાણકાર વોરેન બફેટે પોતાની વસિયતમાં ફેરફાર કર્યા છે. હવે તેમના મૃત્યુ બાદ બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનને મળતું દાન બંધ થઈ જશે. તેના બદલે તેની સંપત્તિ તેના ત્રણ બાળકોની દેખરેખ હેઠળ ચેરિટેબલ ટ્રસ્ટને આપવામાં આવશે. વોરેન બફેટે ઘણી વખત તેમની ઈચ્છા બદલી છે. આ વખતે તેમણે તેમના બાળકોના મૂલ્યો અને તેમના વારસાને સંભાળવાની



તેમની ક્ષમતામાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. બફેટે કહ્યું- મને મારા બાળકો અને તેમના મૂલ્યોમાં પૂરો વિશ્વાસ છે. અગાઉ, બફેટે તેમની 99% થી વધુ સંપત્તિ ગેટ્સ ફાઉન્ડેશન અને 4 ફેમિલી ચેરિટી સંસ્થાને દાનમાં આપવાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો. હમણાં માટે, તે તેમના જીવનકાળ દરમિયાન ગેટ્સ ફાઉન્ડેશનને દાન આપવાનું ચાલુ રાખશે. વોરન બફેટ 18 વર્ષથી ફાઉન્ડેશન માટે ઉદાર બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનના સીઈઓ માર્ક સુસમેને જણાવ્યું હતું કે, 'વોરેન બફે 18 વર્ષથી ફાઉન્ડેશન માટે અવિશ્વસનીય રીતે ઉદાર છે. તેમણે બફેટના તાજેતરના દાન અને અંદાજે $43 બિલિયન (આશરે રૂ. 3 લાખ કરોડ)ના કુલ યોગદાન માટે આભાર વ્યક્ત કર્યો હતો.

ગયા વર્ષે, બફેટે તેમના પરિવારની સખાવતી સંસ્થાઓને લગભગ $870 મિલિયન અને 2022 માં લગભગ $750 મિલિયનનું દાન કર્યું હતું. આ દાન પછી, બફેટ પાસે બર્કશાયર હેથવેના 207,963 વર્ગ A શેર અને 2,586 વર્ગ B શેર છે, જેનું મૂલ્ય આશરે $128 બિલિયન છે. વોરેન બફેટ વિશ્વના 10મા સૌથી ધનિક વ્યક્તિ વોરેન બફે વિશ્વના 10મા સૌથી ધનિક વ્યક્તિ છે.

## ઈલેક્ટોરલ બોન્ડ ખરીદનારી 1300 કંપનીઓ ફસાઈ!

ઈલેક્ટોરલ બોન્ડ ખરીદી રાજકીય પક્ષો દ્વારા ફંડ એકત્ર કરનારી કંપનીઓ પર ટેક્સ ઓથોરિટી ચાંપતી નજર રાખી રહી છે. જે કંપનીઓએ રાજકીય પક્ષોને દાન આપ્યું હતું તેમને હવે ટેક્સ ઓથોરિટી તરફથી નોટિસો મળી રહી હોવાનું જાણવા મળ્યું છે. ફેબ્રુઆરીમાં સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડને ગેરબંધારણીય જાહેર કર્યા હતા.

મીડિયા રિપોર્ટ મુજબ કેટલીક કંપનીઓને આ સંદર્ભે નોટિસ મળી છે. જેમણે ચેરિટીમાં યોગદાન માટે ટેક્સ મુક્તિનો દાવો કર્યો હતો તેવી કંપનીઓ જેમ કે, ઈન્ફોસિસ, એમ્બેસી ગ્રૂપ, મેઘા એન્જિનિયરિંગ, આદિત્ય બિરલા ગ્રૂપ, JSW સ્ટીલ, ટોરેન્ટ ફાર્મા, લ્યુપિન, ઈન્ટાસ, ભારતી એરટેલ અને એલેમ્બિક ફાર્મા સહિતની કંપનીઓમાંથી 1300 જેટલી કંપનીઓને ઈનકમ ટેક્સની નોટિસ મળી છે. ઈલેક્ટોરલ બોન્ડની જાન્યુઆરી 2018થી શરૂઆતથી અત્યારસુધીમાં રાજકીય રોજ, દેશની સુપ્રીમ કોર્ટે તેને ગેરબંધારણીય ઠેરવ્યો હતો. જેનાથી કોર્પોરેટ દાતાઓમાં તેમના યોગદાન પર ટેક્સની અસરો અંગે ચિંતા વધી હતી.

## હીરો-ટાટાનાં વાહનો મોંઘાં થયાં!:કોમર્શિયલ ગેસ સિલિન્ડર સસ્તું થયું

એજન્સી નવી દિલ્હી તા 01

નવો મહિનો એટલે કે જુલાઈની આજથી શરૂઆત થઇ ચૂકી છે. આજથી 19 કિલોનો કોમર્શિયલ ગેસ સિલિન્ડર 31 રૂપિયા સસ્તો થયો છે. હવે તમે PhonePe, Cred, BillDesk જેવી ફિનટેક કંપનીઓ દ્વારા 26 બેંકોના ક્રેડિટ કાર્ડથી પેમેન્ટ કરી શકશો નહીં. આ સિવાય જો સિમ કાર્ડ ચોરાઈ જાય કે બગડી જાય તો હવે તમારે નવું સિમ લેવા માટે 7 દિવસ રાહ જોવી પડશે. અગાઉ તે તરત જ મળી જતું હતું. હીરો મોટોકોર્પનાં વાહનો પણ આજથી મોંઘાં થયાં છે. કંપનીએ કેટલાંક પસંદગીનાં વાહનોની કિંમતમાં 1,500 રૂપિયાનો વધારો કર્યો છે. અમે તમને જુલાઈ મહિનામાં થયેલા 7 ફેરફારો વિશે જણાવી રહ્યા છીએ...

1. કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં 31 રૂપિયાનો ઘટાડો આજથી 19 કિલોના કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં 31 રૂપિયાનો ઘટાડો થયો છે. દિલ્હીમાં કિંમત હવે 30 રૂપિયા ઘટીને 1646 રૂપિયા થઈ છે. પહેલાં આ ભાવ 1676 રૂપિયા હતો. આ સિલિન્ડર હવે કોલકાતામાં 1756 રૂપિયામાં ઉપલબ્ધ છે, પહેલાં તેની કિંમત 1787 રૂપિયા હતી. મુંબઈમાં સિલિન્ડરની કિંમત 1629 રૂપિયાથી 31 રૂપિયા ઘટીને 1598 રૂપિયા થઈ ગઈ છે. ચેન્નાઈમાં સિલિન્ડર 1809.50 રૂપિયામાં મળશે. જોકે, 14.2 KG ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તે દિલ્હીમાં 803 અને મુંબઈમાં 802.50માં ઉપલબ્ધ છે. . હીરોની ગાડીમાં આજથી 1500 રૂપિયાનો ભાવવધારો હીરો મોટોકોર્પનાં વાહનો આજથી મોંઘાં થશે. કંપનીએ કેટલાંક પસંદગીનાં વાહનોની એક્સ-શોરૂમ કિંમતોમાં રૂ. 1,500નો વધારો કરવાની જાહેરાત કરી છે. હીરો મોટોકોર્પએ કહ્યું કે કોમોડિટીના ભાવમાં વધારાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ, 3 જૂન, 2023ના રોજ કંપનીએ સ્કૂટર અને બાઈકનાં કેટલાંક મોડલની એક્સ-શોરૂમ કિંમતમાં લગભગ 1.5% વધારો કર્યો હતો. ગત નાણાકીય વર્ષમાં એટલે કે 2023-24 (FY24), કંપનીએ સૌથી વધુ 53.95 લાખ વાહનોનું વેચાણ કર્યું હતું. 3. ટાટા મોટર્સનાં વાહનો પણ 2% મોંઘાં થયાં આજથી ટાટા મોટર્સનાં વાહનો પણ 2% મોંઘાં થયાં છે. વિવિધ મોડલ્સ અને વેરિયન્ટ્સ અનુસાર ભાવવધારો થયો છે. કંપનીએ કહ્યું કે ખર્ચમાં વધારાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ટાટાએ 19 જૂને તેની એક્સચેન્જ ફાઈલિંગમાં આ માહિતી આપી હતી.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2079, જેઠ વદ-11

# નીટ મામલે બોધપાઠ

ભારત દેશના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપીને નોકરી મેળવવા માટે વર્ષો સુધી તપશ્ચર્યા કરતા હોય છે અને છેલ્લી ઘડીએ પરીક્ષાખંડમાં જાય ત્યારે ખબર પડે કે પેપર લીક થઈ ગયું છે અને કાં તો પરીક્ષા મોકૂફ થાય છે અથવા તો રદ થાય છે. અને ત્યારબાદ તારીખ પર તારીખનો સિલસિલો ચાલતો રહે છે. ક્યારેક પરીક્ષા લેવાઈ ગયા બાદ રદ થઈ જાય છે, તો ક્યારેક પરિણામ આવી ગયા બાદ સમગ્ર ભરતી-પ્રક્રિયા રદ થઈ જાય છે. એનું કારણ એ છે કે કેટલાંક મુઠ્ઠીભર કૌભાંડીઓ ષડ્યંત્ર રચે છે. કરોડો રૂપિયાની કમાણી કરવાની લ્હાયમાં તેઓ નિર્દોષ યુવાનોની કારકિર્દીને હોડમાં મૂકીને કેટલાક ગરજવાન નોકરીવાંચ્છુઓને પોતાની માયાજાળમાં ફસાવીને રોકડી કરી નાખે છે. ત્યારે હકીકત એ છે કે કમ સે કમ ૧૪૦ કરોડની વસ્તી ધરાવતા આ દેશમાં મેડિકલ કોલેજોમાં અભ્યાસ માટે કુલ સવા લાખ જેટલી બેઠકો ઉપલબ્ધ છે. જે પૈકી ૫૫ હજાર બેઠકો સરકારી કોલેજોની છે. જ્યારે બાકીની ૭૦ હજાર બેઠકો ખાનગી સંસ્થાઓની છે કે જ્યાં નફાખોરી ચાલતી હોય છે. દા.ત. સરકારી કોલેજોમાં પ્રવેશ મળે તો વિદ્યાર્થીને દર વર્ષે ૫૦ હજારથી લાખ રૂપિયા એટલે કે પાંચ વર્ષમાં પાંચથી સાત લાખ રૂપિયામાં શિક્ષણની ફી ભરીને એક આશાસ્પદ યુવાન ડૉક્ટર બની શકે છે. હોસ્ટેલ અને અન્ય ખર્ચા અલગ થતા આ ખર્ચ સામાન્ય પરિવારને પોસાય તેમ છે. જ્યારે ખાનગી મેડિકલ કોલેજોમાં ફીનું પ્રમાણ ૩૦ લાખથી ૩ કરોડ સુધી પહોંચી જાય છે. અલબત્ત, માલેતુજાર વર્ગ ફી ઉપરાંત એક કે બે નંબરમાં ડોનેશન કે એનઆરઆઈ કે મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવી શકે છે. અલબત્ત, આ તમામ પ્રક્રિયા એક સિસ્ટમ આધારિત હોય છે. અને મોટેભાગના પ્રવેશ નીટમાં મેળવેલા સ્કોર આધારિત હોય છે. ૨૦૧૭થી સમગ્ર દેશમાં નીટ આધારિત મેડિકલ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયાની પદ્ધતિ શરૂ થઈ છે. આ પરીક્ષાપદ્ધતિમાં અત્યાર સુધી ગેરરીતિના આક્ષેપો થતા હતા. પરંતુ આ વખતે પાક્કા પાયે ગેરરીતિઓ પકડાઈ રહી છે અને હવે શંકા એવી જાય છે કે ટોપ ટુ બોટમ સુધી સંડોવણી ન હોય તો આ પ્રકારનાં કૌભાંડ શક્ય જ નથી. ઉદાહરણ તરીકે નીટની પરીક્ષાની જાહેરાત ૯ ફેબ્રુઆરીએ થઈ અને ૯મી માર્ચ સુધીમાં ફોર્મ ભરવાની આખર તારીખ હતી, છતાં પણ આ તારીખ ચાર વખત લંબાવવામાં આવી. એટલું જ નહીં, વિદ્યાર્થીઓને કેન્દ્ર બદલવાની પણ છૂટ મળી ગઈ. દા.ત. ગુજરાતના ગોધરા ખાતે ઝારખંડ, ઓડિશા, મહારાષ્ટ્ર, બિહારના યુવાનો પરીક્ષા આપવા આવી પહોંચ્યા, કારણ કે તેઓને વડોદરા ખાતેની એક એજન્સીએ લાખો રૂપિયા લઈને નીટમાં પાસ કરાવવાની ગેરન્ટી આપી હતી? તપાસમાં અત્યારે જે માહિતી મળી રહી છે એ અનુસાર વડોદરાની એક કન્સલ્ટન્સી કંપનીએ નીટમાં પ્રવેશ ઇચ્છતા વિદ્યાર્થીઓને એડવાન્સમાં રૂપિયા લઈને લલચાવ્યા હતા.

## 2047માં ભારત વિકસિત રાષ્ટ્ર બને એ દિશામાં ભારતીય આર્થશાસ્ત્રીઓનું કેવડીયા ખાતે મનોમંથન

# આગામી 10 વર્ષમાં ભારતનો આર્થિક ગ્રોથ 5 ટ્રિલિયન જેટલો થશે

ભરત શાહ : રાજપીપળા

ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICMAI) 61મું નેશનલ કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ્સ નું ત્રિ દિવસીય કન્વેન્શન નર્મદા જિલ્લાના કેવડીયા એકતાનગર ખાતે નર્મદા ટેન્ટ સિટી 2 ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ICMAI ની સમગ્ર ટીમ અને ભારતના તજજ્ઞો અર્થશાસ્ત્રીઓ જોડાયા હતા. CMA પ્રમુખ અશ્વિન જી દલવાડી, સેક્રેટરી કૌશિક બેરનજી, ઉપ પ્રમુખ CMA બી બી નાયક, CMA મનોજ કુમાર આનંદ, કાઉન્સિલ મેમ્બર, ICMAI અનુક્રમે કેવડિયા એકતાનગર ખાતે મળેલા 61 મા NCMAC ની ત્રિદિવસીય શિબિર માં મુખ્ય વિષય 'વિકસીત ભારત 2047 ' રાખવામાં આવ્યો હતો . અને સંકલ્પથી સિદ્ધિ માટે સંકલન ઉત્પ્રેરક કરવું છે જે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના 2047માં સ્વતંત્રતાના 100મા વર્ષે ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવવાના વિઝનને અનુરૂપ દેશની આર્થિક સંસ્થાઓ ભેગી મળી ને ભારતના ઉત્કર્ષ માટે ચર્ચા કરવામાં આવી, જેમાં ખાસ કરીને ભારતને આર્થિક સદ્ધરતા વધારવા ઈકોનોમી ગ્રોથ માટે જરૂરી ચર્ચા કરવામાં આવી



અને ત્રિદિવસીય શિબિરમાં થયેલ ચર્ચા નો રિપોર્ટ બનાવી સરકાર સાથે કેવા સુધારા વધારા કરવા. આ સાથે 2047 માં વિકસિત ભારત કેવી રીતે બનાવવું જેનો રોડ મેપ તૈયાર કરવામાં આવ્યો. NCMAC- 24 વિકસિત ભારત 2047 ની થીમ પર આ શિબિર માં 400 થી વધુ અર્થ વિદ્વાનો જુદી જુદી સંસ્થાઓ માંથી હાજર રહ્યા ત્રણ દિવસ દરમ્યાન ભારતના આર્થિક વિકાસ, નવીનતા, સ્થિરતા અને વૃદ્ધિ કરવી, ભારતને વિકસીત ભારત તરફ આગળ વધારવા માટે જરૂરી વિઝન સાથે આમારી ટીમ આગળ વધી રહી છે અને આ બેઠક માં બધાએ ભેગા થઈ વિકસિત ભારત નો રોડ મેપ તૈયાર કર્યો છે. ભારતના ઈતિહાસમાં ICMAI ચેરમેન પ્રથમ ગુજરાતી બન્યા અશ્વિનભાઈ દલવાડી એક ઈકોનોમિસ્ટ તરીકે ICMAI સંસ્થામાં કામ કરે છે. હાલ તેઓ ICMAI ના પ્રેસિડન્ટ છે, આટલા વર્ષોમાં એક ગુજરાતી પ્રેસિડન્ટ પ્રથમ વાર બન્યા છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ કોસ્ટ એન્ડ વર્ક્સ એકાઉન્ટન્ટ્સ" તરીકે નોંધાયેલ આ સંસ્થા ભારત સરકારના કોર્પોરેટ બાબતોના મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ છે.સંસ્થા કોલકાતા, દિલ્હી, મુંબઈ અને ચેન્નાઈ ખાતે ચાર પ્રાદેશિક પરિષદો ધરાવે છે, ભારતમાં 117 ચેપ્ટરો, અને 11 વિદેશી કેન્દ્રો ધરાવે છે આ સંસ્થા વિશ્વની સૌથી મોટી કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટિંગ સંસ્થા છે જેમાં લગભગ 1 લાખ CMA, અને 50 હજાર થી વધુ વિદ્યાર્થીઓ CMA કોર્સને અનુસરે છે. (AFA) ના સહયોગી સભ્ય અને ઈન્ટરનેશનલ ઈન્ટિગ્રેટેડ રિપોર્ટિંગ કાઉન્સિલ (IIRC), UK ના સભ્ય પણ છે.

# નર્મદા જિલ્લામાં વવાયેલા પાકો ઉપર કાચું સોનું બની વરસતો વરસાદ

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લામાં તા.૦૧ જુલાઈ, ૨૦૨૪ ને સોમવારના રોજ સવારના ૬=૦૦ કલાકે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સૌથી વધુ નાંદોદ તાલુકામાં- ૪૩ મિ.મિ. અને સૌથી ઓછો ગરૂડેશ્વર તાલુકામાં - ૧૧ મિ. મિ. વરસાદ નોંધાયો છે. આ સિવાય જિલ્લાના તિલકવાડા તાલુકામાં. ૨૭ મિ.મિ., દેડિયાપાડા તાલુકામાં ૨૨ મિ.મિ. અને સાગબારા તાલુકામાં ૨૦ મિ.મિ. વરસાદ નોંધાતા છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૩ મિ.મિ. વરસાદ નોંધાયો છે. નર્મદા જિલ્લામાં ખેડૂતો દ્વારા વવાયેલા પાકો ઉપર આકાશમાંથી કાચું સોનું વરસી રહ્યું છે. જિલ્લામાં ચાલુ વર્ષના મોસમના કુલ વરસાદની આજદિન સુધીની પરિસ્થિતિ જોઇએ તો નાંદોદ તાલુકો



૧૭૩ મિ.મિ. વરસાદ સાથે જિલ્લામાં મોખરાનાં સ્થાને રહ્યો છે. જ્યારે તિલકવાડા તાલુકો- ૧૩૯ મિ.મિ. સાથે દ્વિતિય સ્થાને, સાગબારા તાલુકો- ૧૨૨ મિ.મિ. સાથે તૃતિય સ્થાને, દેડિયાપાડા તાલુકો ૧૧૭ મિમિ સાથે ચોથા અને ગરુડેશ્વર તાલુકો- ૫૨ મિ.મિ.સાથે પાંચમા સ્થાને રહેવા પામ્યો છે. આ સાથે નર્મદા જિલ્લામાં આજદિન સુધી સરેરાશ કુલ- ૧૨૦.૬૦ મિ.મિ. વરસાદ નોંધાયો છે. જિલ્લાના વિવિધ ડેમોની સપાટીની પરિસ્થિતિ જોઇએ તો નર્મદા ડેમ-૧૧૯.૭૨ મીટર, કરજણ ડેમ-૧૦૨.૪૧ મીટર, નાના કાકડીઆંબા ડેમ- ૧૮૦.૯૦ મીટર અને ચોપડવાવ ડેમ- ૧૭૯.૪૦ મીટરની સપાટી તેમજ નર્મદા નદીનું ગરૂડેશ્વર પાસેનું ગેજ લેવલ ૧૫.૪૦ હોવાના અહેવાલ પણ નર્મદા જિલ્લા પૂર નિયંત્રણ કક્ષ તરફથી પ્રાપ્ત થયાં છે.

# સબ સબરજીસ્ટાર નાંદોદ અને ગરુડેશ્વરનાઓ વય નિવૃત્ત થતા વિદાય સમારંભ યોજાયો

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા મુખ્ય મથક રાજપીપલા ખાતે કાર્યરત સબરજીસ્ટાર કચેરી, નાંદોદમાં છેલ્લા દોઢ વર્ષથી હેડ ક્વાર્ટર સબરજીસ્ટાર (ગ્રેડ -૧) તરીકે ફરજ બજાવતા ફારૂક એ. પટેલ તથા સબરજીસ્ટાર કચેરી ગરુડેશ્વર ખાતે સબરજીસ્ટાર તરીકે ફરજ બજાવતા એસ.બી.ભેદી તારીખ ૩૦ જુન ૨૦૨૪ ના રોજ વયનિવૃત્ત થતા તેમનો વિદાય સમારોહ રાખવામાં આવ્યો હતો. આ વિદાય સહ અભિવાદન સમારોહ તાજેતરમાં જ બઢતીથી નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી વેલ્યુએશન તરીકે નિમણૂક પામેલ ડી. જે.જાડેજા, આર.એમ.પંચાલ (ઈ.ચા.નોંધણી નિરીક્ષક, નર્મદા) સંજયભાઈ વસાવા (નાયબ મામલતદાર મહેસુલ), નીરવ વસાવા (સર્કલ ઓફિસર) મામલતદાર કચેરી, નાંદોદ તથા જેમુભાઈ પરમાર (હેડ એકાઉન્ટ જિલ્લા તિજોરી કચેરી નર્મદા) ની વિશેષ હાજરીમાં યોજાયો હતો. આ સમારોહમાં નિવૃત્ત થતા બંને સબરજીસ્ટારોનું ઉપસ્થિતિ



મહાનુભાવો, સ્ટાફ મેમ્બર, દસ્તાવેજ નોંધણી કામગીરી સાથે સંકળાયેલા સ્ટેમ્પવેન્ડરો, વકીલો, બોન્ડ રાઈટરો, તથા સમાજના મોભીઓ દ્વારા પુષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિ ભેટ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. વક્તાઓ તથા ઉપસ્થિત આમંત્રિતો દ્વારા બંને સબરજીસ્ટાર ની સેવાઓને બિરદાવી નિવૃત જીવન સુખ-શાંતિ સંતોષીથી પસાર થાય તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સી.એમ.પટેલ (સબ રજીસ્ટાર, દેડિયાપાડા ) દ્વારા કરવામાં આવ્યું હતું.

# રાજપીપળા કરજણ નદી કિનારે માદા મગર અને તેના 20થી વધુ બચ્ચાઓ જોવામાં મળતા લોકોમાં કુતૂહલ

ભરત શાહ : રાજપીપળા

રાજપીપળા ની કરજણ નદીના કિનારે સિકોતર માતા મંદિર નીચે માદા મગરની સાથે આશરે તેના 20 જેટલા મગરના નાના નાના બચ્ચાઓ જોવા મળતા લોકોમાં ભારે કુતૂહલ જોવા મળ્યું હતું. જવલ્લેજ જોવા મળતા એકાદ બે મગર ના બદલે હાલમાં મોટી સંખ્યામાં બચ્ચાંઓ પણ દેખા દેતા તેને જોવા લોકટોળા ઉમટી પડ્યા હતા જમવા મળ્યા મુજબ જે રીતે પક્ષીઓ ઝાડ ઉપર પોતાનો માળો બનાવે છે એ જ રીતે મગર પાણીમાં પોતાનો માળો બનાવે છે અને એમાં ઈંડા મૂકે છે. ઈંડા મૂકવાના અમુક અઠવાડિયા બાદ બચ્ચાઓ બહાર આવી જાય છે ત્યારે એવું લાગી રહ્યું છે કે અત્યારે આ બચ્ચાઓ બહાર આવ્યા હશે અને માદા મગર તેની આસપાસ પાણીમાં બેસીને આ બાળકોનું રક્ષણ કરી રહી હોય તેવું લાગી રહ્યું છે. આ સમગ્ર ઘટના




કેમેરા માં કેદ થઈ ત્યાં મંદિરની સાચવણી કરતા રાજુભાઈ રાઉલજી દ્વારા આ બાબતની પૂરી જાણકારી આપવામાં આવી હતી. મગર અચાનક હુમલો કરી શિકાર કરવા માટે જાણીતું છે તે શિકારને પોતાની નજીક આવવા દે છે અને ત્યારબાદ અચાનક તેના પર હુમલો કરે છે ત્યારે આશા રાખીએ છીએ કે રાજપીપળા માં વન વિભાગ દ્વારા મગરથી બચવા માટેની જે ચેતવણીના બોર્ડ મારવામાં આવ્યા છે તેને ધ્યાને લઈ ત્યાં આવતા લોકો અથવા અજાણ્યા પ્રવાસીઓ પોતાની સલામતીની ચિંતા પહેલા કરે કારણ કે નર્મદા જિલ્લો પ્રવાસન માટે જાણીતો છે અને નવા નવા પ્રવાસીઓ અહીં આવતા હોય છે તેવામાં આનંદ માણવા જતાં કોઈ દુર્ઘટના ન સર્જાય એવી તકેદારી લોકો રાખે તે ખૂબ જ જરૂરી છે અને તંત્ર દ્વારા આપમાં આપવામાં આવતી ચેતવણીઓને ધ્યાન પર લેવી પણ અત્યંત જરૂરી છે.

# ડેડીયાપાડાના કંકલા ગામે ગૌચર જમીનનું દબાણ દૂર કરાવી તાલુકા વિકાસ અધિકારીએ વૃક્ષારોપણ કરાવ્યું

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના કંકલા (પીપલા) ગામે આવેલી ગૌચરની જમીનમાં ગેરકાયદેસર છેલ્લાં ૧૦ વર્ષથી થયેલા દબાણને તાલુકા વિકાસ અધિકારીએ દૂર કરાવી એ જગ્યા ઉપર વૃક્ષારોપણ કરાવ્યું હતું.

ડેડીયાપાડા તાલુકા વિકાસ અધિકારી ને ગૌચરમાં થયેલા ગેરકાયદેસર દબાણો અંગેની અરજી મળી હતી. જેમાં કંકાલા (પીપલા) ગામનાં રાજેશ વસાવા દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી ગૌચરની જમીનમાં ગેરકાયદેસર રીતે દબાણ કરી ખેતી કરવામાં આવતી હતી. અને આટલા વર્ષોથી કોઈ પણ અધિકારી દ્વારા કોઈ કાર્યવાહી થઈ નથી ત્યારે સૌ પ્રથમ વખત વિકાસ કમિશનર ની ગાઈડ લાઈનનું પાલન કરી ડેડીયાપાડાના તાલુકા વિકાસ અધિકારી દ્વારા આ અરજીને ધ્યાને લઇ તાલુકા વિકાસ અધિકારી જગદીશ સોની તેમજ મદદનીશ તાલુકા વિકાસ અધિકારી દિવ્યેશ વસાવા, અ.મ.ઈ. અક્ષર સોનાણી તેમજ ત.ક.મંત્રી સાથે સ્થળ ઉપર પહોંચી ગયા હતા અને ગૌચરની જમીન ખાલી કરાવી દબાણ દૂર કર્યું હતું. આ ગૌચરની જમીન ઉપર સામાજિક વનીકરણ



ડેડીયાપાડાની મદદથી વૃક્ષારોપણ કરાવ્યું હતું. ડેડીયાપાડા તાલુકા વિકાસ અધિકારીએ લીધેલા કડક વલણને કારણે ડેડીયાપાડા તાલુકામાં ગામડાઓમાં ગૌચરની જમીન માં ગેરકાયદેસર દબાણો કરી જમીન ખેડતા વ્યક્તિઓ માં ફફડાટ ફેલાયો છે. આ બાબતે પત્રકારો સાથેની વાતચીતમાં તાલુકા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું કે ગેરકાયદેસર રીતે દબાણ કર્યાની અરજી મળશે તો તરત કાર્યવાહી કરી દબાણ દૂર કરવામાં આવશે જેમાં કોઈપણ ચરણબધીને છોડવામાં નહીં આવે કારણ કે સરકારનો પણ દબાણ બાબત કડક અભિગમ છે જેથી અમને અરજી મળશે તો તાત્કાલિક ધોરણે દબાણો દૂર કરવા આવશે અથવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# સાણંદ સ્ટેશન સીપીઆર વર્કશોપ અને હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન



(એજન્સી) અમદાવાદ । તા. 01

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના સાણંદ રેલવે સ્ટેશન સીપીઆર વર્કશોપ અને હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.એચસીજી હોસ્પિટલના ક્રિટિકલ કેર કન્સલ્ટન્ટ ડો. બિનીત ઝવેરીએ બેઝિક લાઈફ સપોર્ટ (બીએલએસ) અને સીપીઆર તકનીકોની તાલીમ આપી અને ડો. કે.વી ગિરીશ અને પેરામેડિકલ ટીમ દ્વારા 66 રેલ્વે કર્મચારીઓની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. આસ્વાસ્થ્ય પરીક્ષણ કેમ્પમાં હાઈપરટેન્શન તથા ડાયાબીટીસ અને અન્ય ટેસ્ટ કરવામાં આવ્યા હતા. ઉપરાંત આરોગ્ય નિરીક્ષકો દ્વારા રેલ્વે કોલોનીમાં ફોગીંગ અને મેલેરીયા વિરોધી દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો અને આરોગ્ય જાગૃતિને લગતા પોસ્ટરોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. મુખ્ય ચિકિત્સા અધિક્ષક શ્રીમતી ડો. ભાનુમતી શેખરે જણાવ્યું હતું કે કાર્ડિયોપલ્મોનરી રિસસિટેશન (સીપીઆર) એક જીવનરક્ષક ટેકનિક છે જે કટોકટીની પરિસ્થિતિઓમાં ઉપયોગી થાય છે જેમાં કોઈના શ્વાસ કે હૃદયના ધબકારા બંધ થઈ જાય તો સીપીઆર આપીને લોકોના જીવ બચાવી શકાય છે.

# તાલુકા પંચાયત પ્રમુખની અધ્યક્ષતામાં રાજપીપળા ખાતે દિવ્યાંગ સાધન સહાય વિતરણ કેમ્પ કાર્યક્રમ યોજાયો

ભરત શાહ : રાજપીપળા


તાલુકા પંચાયત પ્રમુખ વનિતાબેન વસાવાની અધ્યક્ષતામાં સરદાર ટાઉન હોલ, રાજપીપલા ખાતે દિવ્યાંગ સાધન સહાય વિતરણ કેમ્પ કાર્યક્રમ યોજાયો હતો. જેનો મુખ્ય ઉદ્દેશ નાંદોદ તાલુકાના દિવ્યાંગ લાભાર્થીઓને સ્વનિર્ભર તથા આધુનિક જીવન જીવવા પ્રેરણા તેમજ સહયોહ થવા સહાયરૂપ બને

હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. (HUDACO) ના CSR કાર્યક્રમ અંતર્ગત એલિમ્કો-ભારત સરકારના સાહસ દ્વારા આયોજીત તથા જિલ્લા વહીવટી તંત્ર, બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા કચેરીના સહયોગથી એલીમ્કો- દિવ્યાંગ સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો હતો.આ કેમ્પ કાર્યક્રમમાં હડકો-CSR) ચેરમેન અને મેનેજીંગ ડાયરેકટર સંજય કુલેશ્રેષ્ઠએ પ્રાસંગિક ઉદબોધન આપતા જણાવ્યું કે, નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના નગરપાલિકા સહિત ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલ તમામ દિવ્યાંગ લાભાર્થીઓને મળેલ સાધનો જીવનમાં ઉપયોગો બને. વધુમાં જણાવ્યું કે, ભારત સરકારની અનેક



કંપનીઓ છે. જે સમાજને ધ્યાનમાં લઈને અનેક સેવાઓ કરી રહી છે. ત્યારે હાઈસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. (HUDACO) ના CSR અંતર્ગત અમને નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ૫૭ જેટલા દિવ્યાંગ લાભાર્થીઓને વિવિધ પ્રકારના સાધનો વિતરણ કરાયા. આ વેળાએ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી બી.જે. પરમારે જણાવ્યું કે, વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં એલીમ્કો, ઉજૈન દ્વારા CSR મારફતે કુલ ૪૫૯ દિવ્યાંગ લાભાર્થીઓને ૮૨૫ સાધનો અને વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ ૩૩૫ દિવ્યાંગ લાભાર્થીઓને કુલ ૫૭૭ સાધનો આપવામાં આવ્યા હતા. જે સાધનોનો સમગ્ર ખર્ચ એલીમ્કોના સહયોગથી હાઉસીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ (હડકો CSR) અંતર્ગત કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, આજરોજ 'એલીમ્કો- દિવ્યાંગ સાધન સહાય વિતરણ કેમ્પ' કાર્યક્રમમાં નાંદોદ તાલુકાના કુલ ૫૭ દિવ્યાંગ લાભાર્થીઓને કુલ ૯૧ સાધન સહાય વિતરણનો કુલ ૯.૭૦ લાખના ખર્ચે આપવામાં આવ્યા છે. કાર્યક્રમના અંતમાં ફાઈનાન્સ એલીમ્કો ઉજૈનના મેનેજર બંસીલાલ સાકેતએ આભાર વિધિ કરી હતી. આ કાર્યક્રમમાં નાંદોદ પ્રાંત અધિકારી ડૉ. કિશનદાન ગઢવી, નાયબ પોલીસ અધિક્ષક પી.આર.પટેલ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ચેતનભાઇ પરમાર, એલીમ્કો સ્ટાફ સહિત બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા કચેરીનાઅધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# TNIE- હીરોમોટોકોર્પે અમદાવાદમાં 'રાઇડ સેફ ઇન્ડિયા' અભિયાન ચલાવ્યું, 800થી વધુ હેલમેટ્સ વિતરણ



(એજન્સી) અમદાવાદ । તા.01

ન્યુ ઈન્ડિયન એક્સપ્રેસ ગ્રુપ અને ભારતના સૌથી મોટા મોટરસાયકલ અને સ્કૂટર ઉત્પાદકોમાંથી એક હીરો મોટોકોર્પે અમદાવાદ, ગુજરાતમાં #RideSafeIndia પહેલ શરૂ કરી. આ પ્રોજેક્ટ બંને બ્રાન્ડ્સના સહયોગાત્મક કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પ્રયાસોનો મહત્વપૂર્ણ ભાગ છે. ન્યુ ઈન્ડિયન એક્સપ્રેસ ગ્રુપ અને હીરો મોટોકોર્પના વ્યાપક CSR પ્લેટફોર્મ 'હીરો વિ કેર' સાથેની ભાગીદારીમાં શરૂ કરાયેલ 'રાઈડ સેફ ઈન્ડિયા' અભિયાનનો ઉદ્દેશ્ય દ્વિચક્રી સવારોને ટ્રાફિક નિયમનોનું પાલન કરવા અને વ્યક્તિગત સુરક્ષાને પ્રાધાન્ય આપવાના મહત્વ વિશે જાગૃત કરવાનો અને શિક્ષિત કરવાનો છે. અમદાવાદ (પૂર્વ)ના ટ્રાફિક ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ સફીન હસન, ન્યુ ઈન્ડિયન એક્સપ્રેસ ગ્રુપના સંપાદકીય નિર્દેશક પ્રભુ ચાવલા અને ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GIDC) અમદાવાદના માનનીય અધિકારીઓની હાજરીમાં, ન્યુ ઈન્ડિયન એક્સપ્રેસ ગ્રુપે આ પહેલના ભાગરૂપે સવારોને જેકેટ્સ અને હેલમેટ્સ વિતરણ કર્યું. ન્યુ ઈન્ડિયન એક્સપ્રેસ અને હીરો મોટોકોર્પ દ્વારા આયોજન કરવામાં આવેલા #RideSafeIndia કાર્યક્રમ દરમિયાન, અમદાવાદ (પૂર્વ)ના ટ્રાફિક ડીસીપી સફિન હસને હેલમેટ પહેરવાની મહત્વતાનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, 'હેલમેટ જીવન બચાવે છે. ટ્રાફિક પોલીસ હાજર હોય ત્યારે જ હેલમેટ પહેરવાની અને તેઓ હાજર ન હોય ત્યારે તેને બાજુમાં લટકાવવાની ટેવ ખોટી છે.' 'હેલ્મેટ ન પહેરવા માટે વિવિધ કારણો અને બહાનાઓ આપવામાં આવે છે, અને જ્યારે લોકોને તેમની ડ્રાઈવિંગ કુશળતામાં વિશ્વાસ હોઈ શકે છે, પણ જો અન્ય કોઈ થી નાની ભૂલ થાય તો તે જીવલેણ બની શકે છે. હેલ્મેટ દરેક પરિસ્થિતિમાં જીવનનું રક્ષણ કરે છે. જ્યાં સુધી વાહનો અસ્તિત્વમાં છે, ત્યાં સુધી ભૂલો થશે, પરંતુ હેલ્મેટ નિર્ણાયક સુરક્ષા પ્રદાન કરે છે.

# હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા આયોજિત ગીતા સ્પર્ધામાં 3000 થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો

(એજન્સી) અમદાવાદ । તા.01

આધ્યાત્મિક શિક્ષણ અને જ્ઞાનની ઉજવણીમાં, ભાડજ, અમદાવાદ ખાતે હરે કૃષ્ણ મંદિરે એક ભવ્ય ગીતા સ્પર્ધાનું આયોજન કર્યું જેમાં 3000 થી વધુ ઉત્સાહી વ્યક્તિઓએ ભાગ લીધો. ઓનલાઈન અને ઓફલાઈન એમ બંને રીતે આયોજિત આ સ્પર્ધાનો હેતુ ભગવદ-ગીતાના ગહન ઉપદેશોનો પ્રચાર કરવાનો હતો, જે તેના આધ્યાત્મિક ઊંડાણ અને વ્યવહારિક શાણપણ માટે આદરણીય કાલાતીત ગ્રંથ છે. આ સ્પર્ધા સેટેલાઇટમાં શ્રી નારાયણ સેન્ટ્રલ સ્કૂલ, ગાંધીનગરની ગ્રીન વેલી સ્કૂલ ફોર ચિલ્ડ્રન, એરપોર્ટ સ્કૂલ એસોસિએશન, ગોતા- થલતેજમાં સિલ્વર ઓક યુનિવર્સિટી અને સુરતની જીડી ગોએન્કા સ્કૂલ સહિતના વિવિધ મુખ્ય કેન્દ્રોમાં યોજાઈ



હતી. આ વ્યાપક સહભાગિતાએ વિવિધ સમુદાયો સુધી પહોંચવા અને ભગવાન કૃષ્ણ દ્વારા અર્જુનને આપેલા ઉપદેશોની ઊંડી સમજણને પ્રોત્સાહન આપવા માટે ઈવેન્ટના મહત્વને રેખાંકિત કર્યું. ભગવદ-ગીતામાં સમાવિષ્ટ કાલાતીત પવિત્ર જ્ઞાનને ફેલાવવામાં ઈવેન્ટની ભૂમિકા પર ભાર મૂકતા, હરે કૃષ્ણ મંદિરની આયોજક સમિતિના વડા શ્રી પદ્મદાસે કહ્યું, અમારી ગીતા સ્પર્ધામાં આટલી જબરદસ્ત ભાગીદારી જોઈને અમને આનંદ થાય છે. ભગવાન કૃષ્ણની ઉપદેશો આજે પણ એટલી જ સુસંગત છે જેટલી સદીઓ પહેલા હતી, અને આ સ્પર્ધા દ્વારા, અમે ઘણા લોકોને વ્યક્તિગત અને આધ્યાત્મિક વિકાસ માટે આ ગહન ઉપદેશોનું અન્વેષણ કરવા પ્રેરણા આપવાની આશા રાખીએ છીએ. સ્પર્ધાના પરિણામોની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે અને આવતા મહિને તેની જાહેરાત થવાની અપેક્ષા છે. સહભાગીઓ અને આયોજકો જેઓ ભગવદ-ગીતાના ઉપદેશોના ઊંડાણમાં પ્રવેશ્યા છે તેમના પ્રયત્નો અને સિદ્ધિઓને ઓળખવા માટે આતુર છે. ગીતા સ્પર્ધા માત્ર બૌદ્ધિક આદાન-પ્રદાન માટેના પ્લેટફોર્મ તરીકે જ કામ કરતી નથી પણ આજના વિશ્વમાં આધ્યાત્મિક શિક્ષણના મહત્વને પણ મજબૂત બનાવે છે.

# વેટલૉસથી લઈને સ્કીનને આપશે ફાયદો, જાણો આ 1 શાક ખાવાના ફાયદા

મોટાભાગે લોકો સ્વસ્થ રહેવા માટે ડાયટમાં ગ્રીન વેજીટેબલ્સ, સલાડ અને સૂપ કે જ્યુસનો ઉપયોગ કરે છે. પરંતુ શું તમે જાણો છો કે સીઝનલ શાક અને ફળ પણ તમને અનેકગણો ફાયદો આપી શકે છે. આજે વાત કરી રહ્યા છીએ પરવળની. તમે નહીં અનેક લોકો તેના નામથી મોઢું બગાડે છે, પણ આ સીઝનલ શાક છે. તે પોષક તત્વોથી ભરપૂર છે. તો જાણો હેલ્થ માટે કઈ રીતે લાભદાયી છે. આ શાક મોટાભાગે ભારત અને બાંગ્લાદેશમાં ખાવામાં આવે છે. પરવળમાંથી તમે ઘણી સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી શકો છો. આટલું જ નહીં પરંતુ તમે તમારી વજન ઘટાડવાની યાત્રામાં પરવલને પણ સામેલ કરી શકો છો. પરવળ એ વિટામિન સી, ફાઈબર અને પોટેશિયમ જેવા ગુણોનો ભંડાર છે. પરવળ એક ખૂબ જ પૌષ્ટિક અને સ્વાદિષ્ટ શાક છે જેની મદદથી તમે ઉનાળામાં અપચો, પેટમાં દુખાવો અને કબજિયાત જેવી સમસ્યાઓથી છુટકારો મેળવી શકો છો. આ સિવાય ઉનાળામાં પરવળનું શાક ખાવાથી પણ સ્વાસ્થ્યને ઘણા ફાયદા થાય છે. જો તમે વજન ઘટાડવાનું વિચારી રહ્યા છો તો પરવળને ડાયટમાં સામેલ કરી શકો છો. તેમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે જે તમારા પેટને લાંબા સમય સુધી ભરેલું રાખે છે. આ ઉપરાંત, તેમાં ઓછી માત્રામાં કેલરી હોય છે જે તમને વજન ઘટાડવામાં મદદ કરશે. આટલું જ નહીં, પરવળમાં ચરબી બિલકુલ હોતી નથી, તેથી વજન ઘટાડવા માટે પરવળનો સમાવેશ કરવો જ જોઈએ. પરવળમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે જેના કારણે તે તમારા પાચનને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. એટલું જ નહીં, તે તમને કબજિયાતની સાથે-સાથે પેટ સંબંધિત અન્ય સમસ્યાઓથી પણ રાહત આપે છે. તે અપચો, પેટમાં દુખાવો, કબજિયાત વગેરે જેવી સમસ્યાઓથી પણ રાહત આપે છે. લોકોને ઘણીવાર ત્વચા સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડે છે, આવી સ્થિતિમાં તમે પરવળને તમારા આહારમાં સામેલ કરીને ફાયદો મેળવી શકો છો. તેનાથી તમારી ત્વચા અંદરથી ચમકદાર બને છે. આ ઉપરાંત, તે ત્વચા પર ઝીણી રેખાઓ અને વૃદ્ધત્વની કરચલીઓના ચિહ્નોને ઘટાડવામાં પણ મદદ કરે છે.



# કારેલાના છે અઢળક ફાયદા પરંતુ આ 5 લોકોએ તેના સેવનથી રહેવું જોઈએ દૂર



કારેલા પોતાના કડવા સ્વાદ માટે જાણીતાં છે પરંતુ આ ઔષધીય ગુણોનો પણ ખજાનો છે. આ ડાયાબિટીસ, લિવરની સમસ્યાઓ અને પાચન સંબંધી સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરે છે પરંતુ દરેક વસ્તુની જેમ કારેલાના પણ અમુક ફાયદા છે તો અમુક નુકસાન પણ. અમુક લોકો માટે કારેલા આરોગ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે.

**ગર્ભવતી મહિલાઓ |** કારેલામાં અમુક એવા તત્વ હોય છે, જે ગર્ભાશયના સંકુચનને વધારી શકે છે. તેનાથી પ્રી-મેચ્યોર ડિલીવરી કે ગર્ભપાતનું જોખમ થઈ શકે છે. તેથી ગર્ભવતી મહિલાઓએ કારેલાનું સેવન કરવાથી બચવું જોઈએ.

**સ્તનપાન કરાવનાર મહિલાઓ |** કારેલામાં હાજર અમુક તત્વ સ્તનના દૂધમાં પણ પહોંચી શકે છે. આ તત્વ શિશુ માટે હાનિકારક હોઈ શકે છે. તેથી સ્તનપાન કરાવનાર માતાઓએ પણ કારેલાના સેવનથી બચવું જોઈએ.

**જેમનું બ્લડ શુગર લેવલ ઓછું છે |** કારેલામાં એક ખાસ ગુણ હોય છે કે આ લોહીમાં શુગરના પ્રમાણને ઘટાડવામાં મદદ કરે છે પરંતુ જો તમે પહેલેથી જ ડાયાબિટીસની દવાઓ ખાઈ રહ્યા છો કે તમારું બ્લડ શુગર લેવલ ઘણી વખત ઓછું રહે છે તો કારેલાનું સેવન તમારા માટે નુકસાનદાયક હોઈ શકે છે. તેનાથી બ્લડ શુગરનું લેવલ ખૂબ વધુ ઘટી શકે છે.

**ગ્લુકોઝ-6-ફોસ્ફેટ ડિહાઈડ્રોજનેજ (G6PD) ની ઉણપ |** આ એક આનુવંશિક બીમારી છે. તેમાં શરીરના રેડ બ્લડ સેલ્સ કમજોર પડી જાય છે. કારેલાના બીજમાં અમુક એવા તત્વ હોય છે, જે (G6PD) ની ઉણપથી ગ્રસ્ત લોકોમાં લોહીની ઉણપનું કારણ બની શકે છે.

**સર્જરી કરાવનાર દર્દી |** કારેલામાં લોહી જામવાની પ્રક્રિયાને ધીમી કરનાર તત્વ હોય છે. જો તમે કોઈ સર્જરીની તૈયારી કરી રહ્યાં છો કે તાજેતરમાં જ સર્જરી કરાવી ચૂક્યા છો તો કારેલાનું સેવન તમારા માટે નુકસાનદાયક હોઈ શકે છે. તેનાથી લોહીનું વહેવું વધુ થઈ શકે છે.

# ઝડપથી વજન ઘટાડશે આ 5 ભારતીય પૌષ્ટીક આહાર

જો તમે પણ એવા લોકોમાંથી છો જે નાસ્તામાં કંઈ પણ ખાય છે તો તમારી આ આદત ખૂબ જ ખરાબ છે. આવું બિલકુલ ન કરવું જોઈએ. નાસ્તામાં કંઈપણ ખોટું ખાવાથી તમારા સ્વાસ્થ્યને ભારે નુકસાન થઈ શકે છે. તેમજ તમારો વજન પણ વધી શકે છે. આવી સ્થિતિમાં એ જરૂરી છે કે, સવારનો નાસ્તો પૌષ્ટિક હોય અને વજન ઘટાડવામાં મદદ કરે. ઉપરાંત, તેનું સેવન કરવાથી તમે દિવસભર ઉર્જાવાન રહેશો.

નાસ્તામાં થોડી બેદરકારી તમારા મોંનો સ્વાદ બગાડી શકે છે. તમે બીમાર પણ પડી શકો છો. તેથી પોષક તત્વોથી ભરપૂર અને સ્વાદમાં પણ ટેસ્ટી હોય તેવો નાસ્તો કરવો જોઈએ. આ ઉપરાંત, તેનું સેવન તમને વજન ઘટાડવામાં પણ મદદ કરશે.

**ઓટ્સ |** નાસ્તામાં મસાલા ઓટ્સનું સેવન એક સારો વિકલ્પ છે. તે ફાઈબર તેમજ ઘણા જરૂરી પોષક તત્વોથી ભરપૂર છે. તમને તે સ્વાદમાં પણ ઉત્તમ લાગશે. મસાલા ઓટ્સનું સેવન તમને વજન ઘટાડવામાં મદદ કરી શકે છે.



**ઇડલી |** પરંપરાગત ઈડલીને બદલે, તમે નાસ્તામાં પોષણયુક્ત રાગી ઈડલી ખાઈ શકો છો. રાગી એ ગ્લુટેન ફ્રી અનાજ છે. તેમાં ભરપૂર ફાઈબર જોવા મળે છે. તમને સવારે નારિયેળની ચટણી સાથે તેનું સેવન કરવું ગમશે. ફાઈબરથી ભરપૂર હોવાથી તેનું સેવન તમને વજન ઘટાડવામાં પણ મદદ કરશે.

**મગ દલિયા ચિલા |** તમે સવારના નાસ્તામાં મગ-દલિયાના ચીલા પણ ખાઈ શકો છો. તે સ્વાદમાં એકદમ અદ્ભુત છે. તેમાં કેલરી પણ ઓછી જોવા મળે છે. તેમાં ફાઈબર પણ ભરપૂર માત્રામાં હોય છે. આવી સ્થિતિમાં, તે ઓછી કેલરીવાળો ખોરાક હોવાથી, તેના સેવનથી તમારું વજન ઘટાડી શકાય છે.

**ડોસા |** તમે આથેલા ચોખા અને મસૂરની દાળમાંથી બનાવેલા ડોસા બનાવી શકો છો અને તેને નાસ્તામાં ખાઈ શકો છો. તે ઓછી કેલરી ધરાવે છે. સ્વાદને વધારવા માટે, તેને નારિયેળ, ટામેટા અથવા ફુદીના જેવી વિવિધ પ્રકારની ચટણી સાથે ખાઈ શકાય છે.

**ઉત્પમ |** તમે નાસ્તામાં આથેલા ચોખા અને મસૂરની દાળમાંથી બનાવેલ ઉત્પમ પણ લઈ શકો છો. તે એક પ્રકારની સ્વાદિષ્ટ પેનકેક છે, જેની ઉપર ડુંગળી, ટામેટા, કેપ્સિકમ અને છીણેલું ગાજર જેવા શાકભાજી ઉમેરવામાં આવે છે. આ પૌષ્ટિક નાસ્તામાં કેલરી ઓછી હોય છે અને ફાઈબર, વિટામિન્સ અને મિનરલ્સ ભરપૂર હોય છે. તેનું સેવન તમને વજન ઘટાડવામાં પણ મદદ કરી શકે છે.

# કેટલી ઉંમરના બાળકને ટૂથપેસ્ટ વાપરવાનું શીખવી શકાય? ધ્યાન રહે કે દાંતને નુકસાન ન થાય



માતા-પિતાને હંમેશા તેમના નાના બાળકની ચિંતા સતત રહેતી હોય છે. ક્યારેક તેમના મનમાં તેમના બાળકના આહારને લઈને સવાલો રહેતા હોય છે, તો ક્યારેક તેઓ તેમની સફાઈ વગેરે અંગે ઈન્ટરનેટ પર વિવિધ વસ્તુઓ શોધતા રહેતા હોય છે. અને તેમાં પણ એક પ્રશ્ન હોય છે, નાના માસૂમ બાળકને ટૂથપેસ્ટને લઈને. બાળકના માતા-પિતા જાણવા માંગતા હોય છે કે, કઈ ઉંમરથી તેમણે તેમના બાળક માટે ટૂથપેસ્ટનો ઉપયોગ શરૂ કરાવવો જોઈએ, જેથી તેના દાંતને કોઈ નુકસાન ન થાય? આવો અમે તમને આ પ્રશ્નનું સમાધાન કરાવીએ.

### ટૂથપેસ્ટ ઉપયોગ કરવાની યોગ્ય ઉંમર કઇ છે?

જેમ જેમ બાળકને દાંત આવવાના શરુ થવા લાગે છે, માતાપિતા તેના માટે ટૂથપેસ્ટ શોધવાનું શરૂ કરે છે. એટલે આ સ્થિતિમાં સવાલ એ થાય છે કે બાળકને કઈ ઉંમરે ટૂથપેસ્ટ આપવી જોઈએ. ડોક્ટરોના કહેવા પ્રમાણે જ્યારે બાળક આઠથી બાર મહિનાનું થાય છે, ત્યારે તે તમને જોઈને વસ્તુઓ સમજવા લાગે છે. તેની સાથે-સાથે તેના દાંત પણ આવવા લાગે છે. એટલે તમે ટૂથબ્રશનો ઉપયોગ શરૂ કરી શકો છો, પરંતુ જ્યાં સુધી બાળક 18 મહિનાનું ન થાય ત્યાં સુધી ટૂથપેસ્ટ શરૂ કરવી જોઈએ નહીં. આ કારણે નાનું બાળક ટૂથપેસ્ટ થૂંકી શકતું નથી અને ગળી જાય છે. જે યોગ્ય નથી.

### બાળકને કેટલી ટૂથપેસ્ટ આપવી જોઇએ?



બાળકને ટૂથપેસ્ટ આપવાની બાબતમાં જોઈએ તો, શરુઆતમાં બાળકને તેનો સ્વાદ ખૂબ જ સારો લાગતો હોય છે, તેથી તે વધુ ટૂથપેસ્ટ લેવાની કોશિશ કરે છે. આવી સ્થિતિમાં જ્યારે બાળકને ટૂથપેસ્ટની માત્રા એક વટાણાથી વધુ ન હોવી જોઈએ. બાળક ચાર વર્ષનું થાય ત્યાં સુધી ટૂથપેસ્ટની માત્રા વટાણાના દાણા જેટલી રાખવી જોઈએ.

### આ બાબતોનું ખાસ ધ્યાનમાં રાખો

જ્યારે બાળક ટૂથપેસ્ટ સાથે બ્રશ કરવાનું શરૂ કરે ત્યારે તેની ખાસ કાળજી રાખવી જોઈએ. એક વસ્તુ ખાસ ધ્યાનમાં રાખવી કે, બાળક બ્રશ કરતી વખતે ટૂથપેસ્ટને ગળી ન જાય. આ સિવાય બાળકને બ્રશ કરવાની ટેક્નિક પણ શીખવો. બાળક દિવસમાં ઓછામાં ઓછા બે વાર તેના દાંત સાફ કરાવવાની ટેવ પાડો. અને તેની ખાતરી કરો કે, જો બાળક બે વાર બ્રશ કરવાની આનાકાની કરે છે તો, તેને તેની પસંદગીનું બ્રશ લાવી શકો. આ સિવાય તમે ફ્લેવર્ડ ટૂથપેસ્ટનો ઉપયોગ પણ કરી શકો છો, પરંતુ ધ્યાન રાખો કે, તેમાં ફ્લોરાઈડ યોગ્ય માત્રામાં હોય.



### બાળક માટે ટૂથબ્રશ કેવા પ્રકારનું હોવું જોઇએ?

જો બાળક ત્રણ વર્ષથી નાનું હોય તો તેને ફિંગર સ્લિપ ટૂથબ્રશ આપવું જોઈએ. આ પ્રકારના ટૂથબ્રશને તમારી નાની આંગળીના ઉપરના ભાગ પર રાખીને જોવો. જો તે પ્રયાસ કરો. જો તે આરામથી ફિટ થઈ રહ્યું છે, તો આ બ્રશ બાળક માટે યોગ્ય રહેશે. હંમેશા ધ્યાનમાં રાખો કે, જ્યાં સુધી બાળકના દાંત ન નીકળે ત્યાં સુધી ટૂથબ્રશનો ઉપયોગ બિલકુલ ન કરવો જોઈએ.

# ભારતમાં દર બીજો માણસ છે આળસુ: WHOનો ચોંકાવનારો રિપોર્ટ

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ ભારતીયો વિશે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. એક અહેવાલ મુજબ, લગભગ અડધા ભારતીયો એટલા આળસુ બની ગયા છે કે તેઓ રૂટીન માટે જરૂરી શારીરિક શ્રમ પણ કરતા નથી. જેના કારણે તેઓ 2030 સુધીમાં ગંભીર બીમારીઓનો શિકાર બની શકે છે.

**આળસ છે ક્રોનિક બીમારીઓનું મુખ્ય કારણ |** WHO અનુસાર દરેક વ્યક્તિએ સ્વસ્થ રહેવા માટે સપ્તાહમાં ઓછામાં ઓછા 150 મિનીટ ફિઝીકલ એક્ટીવીટી કરવી જરૂરી છે. પરંતુ અડધા પ્રમાણમાં લોકો આ બાબતે આળસુ છે, જેના કારણે તેઓ ક્રોનિક બીમારીઓને આમંત્રણ આપી રહ્યા છે. જો લોકો આ ટેવ નહિ બદલે તો લાંબાગાળે તેના ખરાબ પરિણામો જોવા મળી શકે છે.

### 60 ટકા લોકોના સ્વાસ્થ્ય પર પડી શકે છે અસર

એક અહેવાલ મુજબ ભારતમાં લગભગ 57 ટકા મહિલાઓ ખૂબ જ ઓછી ફિઝીકલી એક્ટીવ રહે છે. જ્યારે 42 ટકા પુરુષો એવા છે જે ખૂબ જ ઓછો શારીરિક શ્રમ કરે છે. વર્ષ 2000માં આ આંકડો 22.3 ટકા હતો જે વધીને 49.4 ટકા થઈ ગયો છે. એવા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન મુજબ જો હજુ પણ ભારતીયો આળસ નહી છોડે તો 2030 સુધીમાં લગભગ 60 ટકા ભારતીયોના સ્વાસ્થ્ય પર અસર પડી શકે છે.

**વિશ્વના 197 દેશો પર અભ્યાસ કરવામાં આવ્યો |** સંશોધકોએ વિશ્વના 197 દેશોમાં 57 લાખ લોકોની ફિઝીકલી એક્ટીવીટી પર અભ્યાસ કર્યો છે. WHO નિષ્ણાતો સહિત આંતરરાષ્ટ્રીય સંશોધકોની ટીમે વર્ષ 2000 થી 2022 સુધીમાં વસ્તી આધારિત અભ્યાસોનું વિશ્લેષણ કર્યું છે. જેમાં ભારતનો ડેટા મદ્રાસમાં ડાયાબિટીસ સંશોધન સંસ્થા દ્વારા મોકવામાં આવ્યો હતો. જેમાં ફિઝીકલી એક્ટીવ ન રહેવાથી સ્વાસ્થ્ય પર પડતી ખરાબ અસરના મામલામાં દક્ષિણ એશિયા બીજા ક્રમે છે. એશિયા-પેસિફિક પ્રદેશની સ્થિતિ સૌથી ખરાબ છે.

**સમગ્ર વિશ્વમાં ત્રીજા ભાગના લોકો છે અનફિટ |** રિપોર્ટ અનુસાર, 31.3% એટલે કે વિશ્વભરના લગભગ ત્રીજા ભાગના લોકો ફિઝીકલી એક્ટીવ ન હોવાથી અનફિટ છે. સંશોધકોના મતે, 2010માં વૈશ્વિક સ્તરે શારીરિક રીતે સક્રિય ન હોય તેવા પુખ્ત વયના લોકોની સંખ્યા 26.4% હતી, જે 2022માં 5% વધી છે. તેમજ વૈશ્વિક સ્તરે 60 વર્ષ અને તેથી વધુ વયના પુરુષો અને સ્ત્રીઓ બંનેમાં ફિઝીકલી એક્ટીવ ન રહેવાનો દર વધી રહ્યો છે.

**સપ્તાહમાં ઓછામાં ઓછા 150 મિનીટ કસરત કરવી જરૂરી |** હેલ્થ એક્સપર્ટ મુજબ દરેક વ્યક્તિએ સપ્તાહમાં ઓછામાં ઓછા 150 મિનીટ ફિઝીકલ એક્ટીવીટી કરવી જરૂરી છે. તેમજ એવું જરૂરી નથી કે જીમ જ જવું, તમે વોક કે પછી જોગીંગ પણ કરી શકો છો. આ સિવાય સાઈકલિંગ, સ્વીમીંગ, રનીંગ જેવી એક્સરસાઈઝ પણ કરી શકો છો. જો કે આપણને વધુ પડતી સુવિધાઓ મળી રહેવા છતાં પણ આપણે આટલું પણ નથી કરી શકતા. જેના કારણે જાણતા-અજાણતા ઘણી બીમારીઓને આમંત્રણ આપીએ છીએ. જે ક્યારેક માનસિક બીમારીઓનું કારણ પણ બની રહે છે.



**ક્રોનિક રોગોનું જોખમ ઘટાડવા માટે કસરત જરૂરી |** જો તમે દરરોજ શારીરિક શ્રમ કે કોઈપણ પ્રકારની કસરત ન કરતા આખો દિવસ બેઠા રહો છો તો ખોરાકમાંથી મળતી એનર્જીનો ફેટ તરીકે સંગ્રહ થશે. જે સ્થૂળતા વધારશે અને તેના કારણે શરીર આપોઆપ ઘણા રોગોનું ઘર બની જશે. શારીરિક રીતે સક્રિય ન રહેવાને કારણે કોલેસ્ટ્રોલ પણ વધશે જે રક્તવાહિનીઓમાં જમા થવા લાગશે અને હૃદય સંબંધિત બીમારીઓનું કારણ બનશે. આથી એવું કહી શકાય કે થોડી કસરત બ્લડપ્રેશર અને હૃદય રોગ જેવા ક્રોનિક રોગોનું જોખમ ઘટાડી શકે છે.

# ભગવાન શ્રી કૃષ્ણ,ભીમ અને અર્જુન યુક્તિ મુજબ બ્રાહ્મણનો વેશ ધારણ કરીને જરાસંઘના વિશાળ રાજ્ય મગધમા પ્રવેશ્યા



**કેદખાના માંથી મુક્તિ**

**- રુપાલી દવે**

કૃષ્ણનાય વાસુદેવાય હરેય પરમાત્મને નમ:
પ્રણત કલેશનાશાય ગોવિંદાય નમો નમ:
ગોવિંદાય નમો નમઃ..

આ શ્લોક નું નિયમિત સ્મરણ કરવાથી સમસ્યા કે તકલીફ નજીક આવીને કાયમી ટળી જાય છે.કેમ? આ શ્લોક ના રહસ્ય પાછળ જરાસંઘ ની કેદમાં કેદ થયેલા હજારો રાજાઓની મુક્તિની કથા છે.જે રીતે સુંદર કાંડ નો પાઠ કરવા પાછળ નું ખાસ ઉદેશ્ય છે એજ રીતે જરાસંઘના કેદ માંથી રાજાઓની મુક્તિ ની કથા નું મહત્વ છે. શું છે કથા નું રહસ્ય? ચાલો જાણીએ :

"સુધર્મા સભા" વિશે પ્રશ્ન થાય કે ભગવાનનું બાળપણ વૃંદાવન અને યુવાન મથુરા માં થયા છતાંય સુધર્મા સભા દ્વારિકા માં કેમ? રાજા જરાસંઘ અને સહયોગી રાજાઓ દ્વારા અવારનવાર મથુરા પર થતાં આક્રમણના લીધે દ્વારિકા નગરી સમુદ્રની વચોવચ વસાવી હતી.કંસ ના મૃત્યુ બાદ જરાસંઘ એક જ એવો રાજા હતો કે જેની પાસે પૃથ્વીમાં સૌથી વધારે સૈન્ય બળ અને તાકાત હતી. પૃથ્વી પરના રાજાઓ ને રંજાડી ને એની "શ્રી" સાથે સૈન્ય બળ પૂર્વક છીનવી ને એ હજારો રાજા ઓને કેદ કરીને ગુમનામ તળેટીના કિલ્લાઓમાં કેદ કરીને સો વર્ષ થી વધારે વર્ષ રાખ્યા હતા. જરાસંઘ નો ઈરાદો મથુરા પર કબજો જમાવી ને પૃથ્વી પતિ બનવાનો હતો. ઈરાદા સફળ કરવામાં એના જેવા જ દુષ્ટ રાજાઓ એના સહાયક હતા.

મૂળ વાત એ છે કે ભગવાન શ્રી કૃષ્ણે એ કંસનો વધ કરતા કંસના શાસન નો અંત આવ્યો. કંસ ની પત્નીઓ પ્રાપ્તિ અને અસ્તી એ જરાસંઘની પુત્રીઓ હતી.પતિ ના મૃત્યુ બાદ બન્ને એ પિયર પ્રયાણ કર્યું ને પિતા ને પોતાના વૈધવ્ય નું કારણ કૃષ્ણ છે એમ સમજાવ્યું. પુત્રીઓ ના વૈધવ્ય નો બદલો લેવા જરાસંઘની ઈચ્છા પ્રબળ બનતા ભગવાન શ્રી કૃષ્ણ સાથે યુદ્ધ મેદાનમા યુદ્ધ દ્વારા હરાવીને બંદી બનાવીશ. રાજા જરાસંઘ એ સતર વખત મથુરા પર ચડાઈ કરીને સતર સતર વખત એ રથહિન પગપાળા એના દેશ રવાના થયો છે. ભગવાન શ્રી કૃષ્ણ એ સતર વખત જરાસંઘ ની એકઠી થયેલ કરોડોની સંખ્યા ના સૈન્ય બળનો વિનાશ કર્યો હતો.પરંતુ આવર નવાર આક્રમણ ના લીધે ભગવાન એ એક રાત્રિ જેટલા જ સમયમાં દ્વારિકા નું નિર્માણ કર્યું ને નિંદ્રાધીન મથુરા વાસીઓને દ્વારકા પોહચાડી દીધા. સોનાની દ્વારિકા નું પ્રાગટ્ય સ્વર્ગ માંથી પૃથ્વી પર વિશ્વકર્મા એ કર્યું હતું. વિશ્વકર્મા એ સ્વર્ગ ની જેમ જ દ્વારિકામાં "સુધર્મા સભા" નું નિર્માણ કર્યું હતું. ભગવાનના " રણછોડ" સમગ્ર ધરા ને અસુરો ના રક્ત થી રંજીત કરવાના હેતુ થી બન્યા હતા.

અઢારમી વખતે જરાસંઘ યુદ્ધ કરવા આવ્યો ત્યારે એની સામેથી નાટકીય ઢબે ખુલ્લા પગે શસ્ત્ર વગર ભગવાન શ્રી કૃષ્ણ અને બલરામજી રણ મેદાન છોડીની ભાગ્યા હતા. જરાસંઘ એ એના વધ્યા ઘટ્યા સૈન્ય ને લઈને એ બન્ને પાછળ રથ દોડાવ્યો. ભગવાન શ્રી કૃષ્ણ બલરામની પાછળ રથ માં બેસીને પીછો કર્યો. ભગવાન શ્રી કૃષ્ણ અને બલરામજી એ પગપાળા પગમાં પગરખાં વગર પ્રવર્ષણ પર્વત પર ચડવા જમીન પરથી ફ્લાંગ લગાવી પોહચી ગયા. જરાસંઘના સૈન્ય એ ભગવાન શ્રી કૃષ્ણ બલરામ ની ખૂબ શોધ કરી પરંતુ મળીયા નહિ એટલે નિરાશ જરાસંઘ નો મનસૂબો મનમાં રહી જતા સૈન્ય ને આદેશ આપ્યો કે પર્વત પર આગ લગાવી ને બાળી ને ભશ્મ કરી મૂકો. ભગવાન શ્રી કૃષ્ણ અને બલરામજી એ જોયું કે પર્વત ના છેડા બળવા લાગ્યો છે એટલે પર્વત ની ટોચ પરથી જરાસંઘ ની નજર સામે ફ્લાંગ લગાવી ને દ્વારિકા પોહચી ગયા. જરાસંઘ ની નજર સામે ભગવાન એ ફ્લાંગ લગાવી છતાંય એને કે એના સૈન્ય ને ભગવાન શ્રી કૃષ્ણ અને બલરામજી દેખાયા નહીં. એ બાદ જરાસંઘ એ ખુદને અઢારમી વખતે કૃષ્ણ બલરામ આગ માં મૃત્યુ પામેલા સમજી ને વિજયી ઘોષિત કર્યો હતો.

ભગવાન શ્રી કૃષ્ણ સવારની નિયમિત દિનચર્યા થી પરવારી ને ઉદ્ધવજી અને ગુરુજનો સાથે એના રથ પર બિરાજમાન થઈને સુધર્મા સભા તરફ પ્રસ્થાન કર્યું. ભગવાનના સભામાં પ્રવેશ્યા બાદ નિત્ય કાર્યવાહી ચાલતી હતી ત્યાં દરવાન એ સભામાં આવીને "દુત " ક્યાનો નથી ખબર પરંતુ પ્રભુ ને મળવા માંગે છે. દુત એ આવીને જરાસંઘ દ્વારા બંદી રાજા ઓને કેદ માંથી મુક્ત કરવા અંગેનો સંદેશો આપ્યો. આ સંદેશ સાંભળતા જ નારદજી એ સંદેશો આપ્યો કે હસ્તિનાપુર ના રાજા યુધિષ્ઠિર અશ્વમેઘ યજ્ઞ નું આયોજન કરવા માંગે છે.ભગવાન શ્રી કૃષ્ણ એ એના પ્રધાન ઉદ્ધવજી તરફ નજર કરતા પૂછ્યું કે આ બાબતે તમારો મંતવ્ય શું છે? ઉદ્ધવજી એ સૂચવ્યું કે આપને હસ્તિનાપુર રાજસૂય યજ્ઞ માટે પોહચવું અનિવાર્ય છે. રાજસૂય યજ્ઞ એ જ કરી શકે કે જેણે ચારેય દિશાઓ માં વિજય પ્રાપ્ત કર્યો હોય. પાંડવો ના હથિયાર બુધ્ધિ બળ માં ચારેય દિશા જીતવા ની તાકાત છે પરંતુ જરાસંઘ દસ હજાર હાથીઓ નું બળ ધરાવે છે એટલે એને જીતવો અઘરો છે. ભગવાન શ્રી કૃષ્ણ એ મુક્તિની ઈચ્છા સેવતા રાજા ઓનાં દુત ની આશા ને તાકતવર બનાવી ને કહ્યું કે દુત,તુ એ અભાગી રાજા ઓને જઈને સંદેશ આપ કે એની મુક્તિ નો સમય આવી ચૂક્યો છે.

ભગવાન શ્રી કૃષ્ણ,ભીમ અને અર્જુન યુક્તિ મુજબ બ્રાહ્મણ નો વેશ ધારણ કરીને જરાસંઘ ના વિશાળ રાજ્ય મગધ મા પ્રવેશ્યા. જરાસંઘ બ્રાહ્મણ ભક્ત હતો ને એનો નિયમ હતો કે બ્રાહ્મણને દક્ષિણા,અન્ન, ગાય, સોનું વગેરે દાન આપ્યા વગર પાણી કે અન્ન ગળે ઉતારતો નહતો. ભગવાન શ્રી કૃષ્ણ,ભીમ,અર્જુન પણ અન્ય બ્રાહ્મણ મુજબ જરાસંઘ એ બોલાવ્યા ને પૂછ્યું કે શું દાન આપુ જે માગશો એ હાજર થઇ જશે,બ્રહ્મ સેવામાં તો મને પણ દાન માં આપવા સહેજે વિચાર નહિ કરું. બ્રાહ્મણ વેશમાં આવેલ આગંતુકો ને નિહાળતા જરાસંઘ ને લાગ્યું કે આ ત્રણેય ને ક્યાંક જોયા છે પણ ક્યાં? ત્રણેય ના હાથ પરની ઉપસેલી નસ પરથી સમજી ગયા કે છે તો ક્ષત્રિય પણ બ્રાહ્મણ ના વેશમાં આયાચક બની આવ્યા છે. જે ઈચ્છશે એ આપીશ ભલે પછી ક્ષત્રિય કેમ ના હોય? જરાસંઘ ની વાત સાંભળી ને ભગવાન શ્રી કૃષ્ણ એ સહેજ સ્મિત કરતા કહ્યુ કે રાજન,અમે બ્રાહ્મણના વેશમાં અયાચક છીએ,તારી સાથે ગદા યુદ્ધ ની ઈચ્છા થી આવ્યા છીએ.આ ગદા ધારી ભીમ,એની બાજુ માં બેઠેલા એના ભાઈ અર્જુન છે ને હું સ્વયં કૃષ્ણ છું.

રાજા જરાસંઘ ભગવાન શ્રી કૃષ્ણ ની વાત સાંભળી ને ખડખડાટ હસવા લાગ્યો ને કીધું કે અર્જુન મારા થી ઉંમર મા નાનો છે ને તું કૃષ્ણ સ્વભાવે કપટી ને તું અડધો ભરવાડ અને અડધો ક્ષત્રિય.યુદ્ધ તો ક્ષત્રિય નું ક્ષત્રિય સાથે થાય તારા જેવા બીકણ યુદ્ધ ભૂમિ છોડી ભગનાર ની સાથે યુદ્ધ ના થાય.યુદ્ધ તો સરખે સરખા બળવાન સાથે થાય. આયચક ની વાતને સ્વીકારી ને ભીમ સાથે ગદા યુદ્ધ કરીશ.જરાસંઘ અને ભીમ વચ્ચેનું ગદા યુદ્ધ અનેક દિવસો વરસો ચાલ્યા બાદ અંતે ભીમ એ જરાસંઘને પરાસ્ત કર્યો. ભગવાન એ સો વર્ષ થી અધિક કેદ હજાર રાજા ઓને કેદ ખાના માંથી મુક્તિ અપાવી. ત્યારે રાજા ઓ ગદગદ થઈને ઉપરનો શ્લોક થી ભગવાનની પ્રાર્થના કરી ત્યારે ભગવાને કહ્યું હતું કે આ શ્લોક નું મનુષ્ય માત્ર એક વાર રટણ કરશે તો રોગ,પીડા,સમસ્યા વગેરે માંથી મુક્તિ મેળવશે

આજની યોગિની એકાદશીના વાચક મિત્રો ને "જય શ્રી કૃષ્ણ"

# હૉસ્પિટલના બિછાને છે શત્રુઘ્ન સિંહા: સોનાક્ષી-ઝહીરના લગ્ન બાદ પાંસળીમાં પહોંચી ઈજા, એક્ટ્રેસે પિતાને સંભાળ્યા ન હોત તો મુશ્કેલી વધી જાત...!



છેલ્લાં કેટલાક દિવસથી શત્રુઘ્ન સિંહા હૉસ્પિટલમાં દાખલ છે. બોલિવૂડ એક્ટ્રેસ સોનાક્ષી સિન્હાએ 23 જૂને એક્ટર ઝહીર ઈકબાલ સાથે લગ્ન કર્યા હતા. તેમના માટે આ ખુશીનો દિવસ હતો, જો કે લગ્નના બે દિવસ બાદ જ સોનાક્ષીના પિતા શત્રુઘ્ન સિંહાને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.
પ્રાપ્ત માહિતી અનુસાર, લગ્ન પછી શત્રુઘ્ન સિંહા તેમના ઘરના ડાઈનિંગ રૂમમાં પડી ગયા હતા. ઈજા બાદ તેમને મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.
હાલના એક મીડિયા રિપોર્ટ અનુસાર, શત્રુઘ્ન સિંહાને 25 જૂને તેમના ઘરે ઈજા થઈ હતી. તેની પાંસળીમાં ગંભીર ઈજા થવાને કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. શત્રુઘ્ન સિંહા તેમના ઘરના લિવિંગ રૂમમાં સોફા પરથી ઉઠવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ તેમનો પગ કાર્પેટના ખૂણામાં ફસાયો, જેના કારણે તેમણે પોતાનું સંતુલન ગુમાવ્યું હતું. જ્યારે આ ઘટના બની ત્યારે સોનાક્ષી સિંહા તેમની સાથે ત્યાં હાજર હતી. પિતાને પડતા જોઈને સોનાક્ષીએ તરત જ તેમને પકડી લીધા હતા.
તો માહિતી તો એવી પણ મળી રહી છે કે, જો સોનાક્ષી ત્યાં હાજર ન હોત અને તેણે પકડી ન લીધા હોત તો વધારે ઈજા થઈ શકી હોત.
શરૂઆતમાં તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી, ત્યારબાદ તેમણે આરામ કરતા રાહત લાગી હતી, જોકે બીજા દિવસે સવારે તેમનો દુખાવો વધી ગયો હતો. શત્રુઘ્નએ તેમના પરિવારને જણાવ્યું કે તેમને પાંસળીમાં દુખાવો થાય છે. આ પછી તેમને મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં ચેકઅપ માટે લઈ જવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં રુટિન ચેકઅપ બાદ ડોક્ટરોએ શત્રુઘ્ન સિંહાને હોસ્પિટલમાં દાખલ રહેવાની સલાહ આપી હતી. નવપરિણીત સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલ શત્રુઘ્ન સિંહાની તબિયત પૂછવા માટે કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલ પહોંચ્યા હતા.
અત્રે ઉલ્લેખનીય છે કે, સોનાક્ષી સિંહાએ 23 જૂને લોન્ગ ટાઈમ બોયફ્રેન્ડ ઝહીર ઈકબાલ સાથે સિવિલ મેરેજ કર્યા હતા. લગ્નના સમાચાર સામે આવ્યા બાદ એવા સમાચાર પણ આવ્યા હતા કે શત્રુઘ્ન સિંહા આ લગ્નથી ખુશ નથી. જોકે, સમય જતાં તેમણે પોતાની નારાજગી દૂર કરી અને ખુશી-ખુશી લગ્નમાં હાજરી આપી. સોનાક્ષીના બાંદ્રા હાઉસમાં યોજાયેલા આ લગ્નમાં તે સોનાક્ષી સાથે ઊભેલા જોવા મળ્યા હતા. સોનાક્ષીએ તેમનો હાથ પકડી રાખ્યો હતો.

## સોનાક્ષીના લગ્નના અંગે થયો હતો વિવાદ

સોનાક્ષી સિંહાના લગ્ન બાદ બિહારની હિન્દુ શિવભવાની સેનાએ તેનો વિરોધ કર્યો હતો અને ધમકી આપી હતી કે તેઓ સોનાક્ષીને બિહારમાં પ્રવેશવા દેશે નહીં. સતત વિરોધ વચ્ચે શત્રુઘ્ન સિંહાએ એક મીડિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, 'આનંદ બક્ષી સાહેબે આવા પ્રોફેશનલ વિરોધીઓ માટે ખૂબ જ સારી વાત લખી હતી - કુછ તો લોગ કહેંગે, લોગો કા કામ હૈ કહેના.'
'હું માત્ર એટલું જ કહેવા માગુ છું કે જે કહેવા વાળા નકામા અને કોઈ કામ વગરના હોય, તો કહેવું તે જ તેમનું કામ બની જાય છે. મારી દીકરીએ કશું ગેરકાયદે કે ગેરબંધારણીય કામ કર્યું નથી. લગ્ન એ બે વ્યક્તિઓ વચ્ચેનો અત્યંત અંગત નિર્ણય છે. આ અંગે કોઈને પણ ટિપ્પણી કરવાની કે દખલ કરવાની છૂટ નથી. જે લોકો લગ્નનો વિરોધ કરી રહ્યા છે, હું તેમને કહીશ કે જાઓ અને જીવનમાં કંઈક સારું કરો'.

# વિરાટે અભિનેત્રી અનુષ્કા શર્મા માટે એક પોસ્ટ કરી...

ભારતે દક્ષિણ આફ્રિકા સામે રમાયેલા T20 ઈન્ટરનેશનલ વર્લ્ડ કપ 2024માં શાનદાર જીત હાંસલ કરી છે. T20 વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ભારતની જીતનું રણશિંગુ વાગતા જ દેશમાં ઉજવણી શરૂ થઈ ગઈ હતી. ક્રિકેટર વિરાટ કોહલીએ બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્મા માટે એક પોસ્ટ કરી હતી. વર્લ્ડ કેપ ટ્રોફી જીત્યા બાદ સોશિયલ મીડિયા પર આ પોસ્ટ કરવામાં આવી હતી. આ પોસ્ટ દ્વારા વિરાટે અનુષ્કાને હંમેશા તેની સાથે રહેવાનો શ્રેય આપ્યો, જેની તે હકદાર છે.
મેચ બાદ એક વાતે બધાનું ધ્યાન ખેંચ્યું અને તે હતું વિરાટ વીડિયો કોલ પર. સ્વાભાવિક છે કે વિરાટ કોહલી ઘણીવાર મેચ બાદ તેની પત્નીને ફોન કરે છે, તેથી તેણે આ વખતે પણ કર્યું. આ તસવીરોએ ઈન્ટરનેટ પર ઘણી લાઈમલાઈટ મેળવી હતી અને બધાએ કોહલીના વખાણ કર્યા હતા. જો કે વિરાટ કોહલીએ પણ પોતાની જીતનો શ્રેય તેની પત્નીને આપ્યો છે. વાસ્તવમાં ટી20 વર્લ્ડ કપની ફાઈનલ મેચ જીત્યા બાદ અનુષ્કા શર્માએ વિરાટ માટે ખૂબ જ પ્રેમભરી નોટ લખી હતી. જ્યારે પતિ-પત્ની વચ્ચે આટલો પ્રેમ છે તો વિરાટ પણ કેવી રીતે પાછળ રહી શકે. હા, થોડા કલાકો પહેલા વિરાટે તેના ઈન્સ્ટાગ્રામ પર અનુષ્કા શર્મા સાથેનો એક ફોટો શેર કર્યો હતો અને ખૂબ જ પ્રેમાળ કેપ્શન લખ્યું હતું.
આ પોસ્ટ શેર કરતી વખતે વિરાટ કોહલીએ લખ્યું કે 'મારા પ્રેમ તમારા વિના આમાંનું કંઈ પણ શક્ય નથી. તમે મને જમીનથી જોડીને રાખો છો, હંમેશા સંપૂર્ણ પ્રમાણિકતા સાથે કહો કે તે કેવી રીતે છે? હું તમારા માટે વધુ આભારી ન હોઈ શકું. આ જીત જેટલી મારી છે એટલી જ તમારી છે. @anushkasharma.તમે મારા હોવા બદલ હું તમને પ્રેમ કરું છું, આભાર.'
વિરાટ કોહલીની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર આવતાની સાથે જ તે થોડી જ ક્ષણોમાં વાયરલ થઈ ગઈ. બધા વિરાટના વખાણ કરવા લાગ્યા. એટલું જ નહીં પરંતુ આ પોસ્ટના કોમેન્ટ સેક્શનમાં પણ કોમેન્ટનો વરસાદ થયો હતો. તેના પર એક યુઝરે લખ્યું કે તમારા બંને વચ્ચેનો પ્રેમ આવો જ રહેવો જોઈએ. અન્ય એક યુઝરે લખ્યું કે તમે ખૂબ નસીબદાર છો. ત્રીજા યુઝરે લખ્યું કે કિંગ વિથ ક્વીન. આવી કોમેન્ટ કરીને યુઝર્સ હવે આ પોસ્ટ પર પ્રેમ વરસાવી રહ્યા છે.

## અનુષ્કા શર્માએ વિરાટ કોહલી માટે એક મેસેજ લખ્યો હતો

અનુષ્કા શર્માએ 2007 પછી ભારતની બીજી T20 વર્લ્ડ કપ જીત્યા બાદ વિરાટ કોહલી માટે એક હૃદયસ્પર્શી પોસ્ટ પણ લખી હતી. તેણે પોતાના ઓફિ-શિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરી છે. અભિનેત્રીએ તેની પોસ્ટમાં લખ્યું, 'અને... હું આ માણસ @virat.kohliને પ્રેમ કરું છું. તમને મારું ઘર કહેવા બદલ આભાર. હવે તેને સેલિબ્રેટ કરવા માટે એક ગ્લાસ સ્પાર્કલિંગ વોટર પીવો.' તેની ખાસ પોસ્ટ સાથે અભિનેત્રીએ વિરાટ કોહલીનો એક ફોટો પણ શેર કર્યો, જેમાં ક્રિકેટર હાથમાં ત્રિરંગો પકડેલો જોવા મળે છે.



# સલમાનને પોતાના ગીતમાં જોઈને અભિજીત થયા હતા નારાજ...

### બોલ્યા, 'ટન ટના ટન' ગીત ગોવિંદા માટે ગાયું હતું, ગીતમાં યોગ્ય એક્સપ્રેશન અને એક્ટિંગ જોવાં મળ્યાં ન હતાં...'






જાણીતા સિંગર અભિજીત ભટ્ટાચાર્યએ સલમાન ખાન પર ફિલ્માવાયેલા બે ગીત 'ટન ટના ટન' અને 'ચુનરી-ચુનરી'માં પોતાનો અવાજ આપ્યો છે. જોકે તે બિલકુલ ખુશ નહતા. ફિલ્મ 'જુડવા'ના ગીત 'ટન ટના ટન' વિશે વાત કરતાં અભિજીતે ખુલાસો કર્યો છે કે તેમણે આ ગીત સલમાન માટે નહીં પણ ગોવિંદા માટે ગાયું હતું. પરંતુ જ્યારે તેમણે આ ગીતને સલમાન પર ફિલ્માવાતું જોયું તો ઘણું ખરાબ લાગ્યું હતું. આ સાથે એમ પણ કહ્યું કે તેમણે જે રીતે તે ગીત ગાયું હતું, તે રીતે એક્સપ્રેશન અને એક્ટિંગ ગીતમાં જોવા મળ્યા નહતાં.
હાલમાં જ પિંકવિલાને આપેલા એક ઈન્ટરવ્યૂમાં અભિજીતે સલમાનના ગીત 'ટન ટના ટન' વિશે વાત કરી હતી. પોતાની નારાજગી વ્યક્ત કરતા તેમણે કહ્યું કે, એક દિવસ તેમને અનુ મલિકનો ફોન આવ્યો હતો અને તેમને સહારા સ્ટુડિયોમાં બોલાવ્યા અને કહ્યું કે તેમને ડેવિડ ધવનની ફિલ્મ માટે ગાવાનું છે. અભિજીતે જણાવ્યું કે તેનું રિહર્સલ થયું ન હતું. જ્યારે અભિજીત સહારા સ્ટુડિયો પહોંચ્યા ત્યારે ડિરેક્ટર ડેવિડ ધવન સેટ પર નહોતા. તેમની ગેરહાજરીમાં ગીત લખવામાં આવ્યું અને રેકોર્ડ કરવામાં આવ્યું. વધુમાં કહ્યું કે, 'ડેવિડ ધવન જ્યારથી ડેવિડ ધવન બન્યા છે ત્યારથી ગોવિંદા સિવાય કોઈની સાથે કામ કર્યું નથી. તેથી મને કોઈએ કહ્યું નહોતું કે તેમાં (ફિલ્મમાં) કોણ છે.' અભિજીતે કહ્યું કે તેને લાગ્યું કે દર વખતની જેમ હવે ડેવિડ ધવનની આ ફિલ્મમાં પણ ગોવિંદા હશે. આ જ કારણ છે કે તેમણે તે ગીત ગોવિંદા માટે તેના એક્સપ્રેશન પ્રમાણે ગાયું હતું. અભિજીતે કહ્યું કે, 'જ્યારે તે ગીત રેકોર્ડ કરી રહ્યા હતા ત્યારે સ્ટુડિયોમાં હાજર રેકોર્ડિસ્ટ તેની તરફ જોઈ રહ્યો હતો અને પૂછતો હતો કે તમે ગોવિંદા કેમ બની રહ્યા છો?.'
અભિજીતે વધુમાં જણાવ્યું કે, 'તેને ખબર નહોતી કે સલમાન ખાનને ફિલ્મમાં કાસ્ટ કરવામાં આવી રહ્યો છે. તેમણે એક્સપ્રેશનને ધ્યાનમાં રાખીને આખું ગીત ગાયું હતું, જો કે, જ્યારે ગીત બન્યું ત્યારે તે એક્સપ્રેશનથી નહીં.

## ચુનરી-ચુનરી ગીતથી પણ અભિજીત નાખુશ

અભિજીતે ફિલ્મ 'બીવી નંબર 1' ના હિટ ગીત 'ચુનરી-ચુનરી' વિશે પણ વાત કરી છે. તેમણે કહ્યું હતું કે, 'મારા નજરે આ કોઈ મહાન ગીત નહોતું. તેમાં માત્ર ઈન્સ્ટ્રૂમેન્ટ હતાં. તો બસ તેમાં માત્ર મારું નામ જ દેખાય છે.
એવું નથી કે આ મારું ગીત છે, પરંતુ તે ઘણા સમય પહેલાંનું હિટ ગીત છે. મારા ગીતો હિટ થયા છે, પરંતુ એ જરૂરી નથી કે ફિલ્મ કોમર્શિયલ પણ હિટ રહી હોય. મારા ગીતો ક્લાસિક બન્યાં છે.'

# વર્લ્ડકપ જીત્યા બાદ ધ્રુસકે-ધ્રુસકે રડ્યો હાર્દિક, છતાં કેમ ન પીગળ્યું નતાશાનું દિલ?

ટીમ ઈન્ડિયાએ સાઉથ આફ્રિકાને હરાવીને ટી20 વર્લ્ડ કપ જીત્યો હતો. આ જીત બાદ મેદાન પર ખુશીના આંસુ જોવા મળ્યા હતા. કેપ્ટન રોહિત શર્મા, વિરાટ કોહલીથી લઈને વાઈસ કેપ્ટન હાર્દિક પંડ્યા સુધીની પાંપણ ભીની જોવા મળી હતી. જીત બાદ સમગ્ર દેશમાં ઉજવણીનો માહોલ હતો.વિરાટ કોહલી તેની પત્ની અનુષ્કા શર્મા અને બાળકો સાથે વીડિયો કોલ પર વાત કરતો જોવા મળ્યો હતો પરંતુ હાર્દિક પંડ્યા એકલો જોવા મળ્યો હતો.
તેની પત્ની નતાશા સ્ટેનકોવિક ન તો સ્ટેડિયમમાં જોવા મળી હતી અને ન તો તેણે સોશિયલ મીડિયા પર કોઈ પોસ્ટ શેર કરી હતી કે ન તો તેને જીત પર અભિનંદન આપવા માટે વીડિયો કોલ કર્યો હતો. ત્યાર બાદ ફરી એકવાર નતાશા અને હાર્દિકના સંબંધોમાં ખટાશના સમાચારે જોર પકડ્યું હતું. સાઉથ આફ્રિકા સામેની મેચ એટલી રોમાંચક હતી કે એક સમયે ભારતની હાર નિશ્ચિત જણાતી હતી. પરંતુ ભારતીય બોલરોએ અંત સુધી આશા ગુમાવી ન હતી અને જીત મેળવવામાં સફળ રહ્યા હતા. હાર્દિક પંડ્યાએ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને ખતરનાક દેખાતા હેનરિક ક્લાસેનની વિકેટ લઈને ભારતની વાપસી કરી હતી.
આટલું જ નહીં ઈનિંગની છેલ્લી ઓવર લાવનાર હાર્દિકે પહેલા જ બોલ પર ડેવિડ મિલરની મોટી વિકેટ લઈને ભારતને જીતની ઉંચાઈ સુધી પહોંચાડ્યું હતું. સૂર્યકુમાર યાદવના પણ વખાણ કરવા જોઈએ જેમણે બાઉન્ડ્રી પર દબાણમાં અદભૂત કેચ લીધો હતો. હાર્દિકે છેલ્લી ઓવરમાં 16 રનનો બચાવ કર્યો અને જીત સાથે જ તેની આંખોમાં આંસુ આવી ગયા હતા. જીતનો આનંદ એવો હતો કે હાર્દિકના આંસુ રોકાતા ન હતા. કેપ્ટન રોહિત શર્મા અને હેડ બેટ્સમેન રાહુલ દ્રવિડે પણ હાર્દિકને ગળે લગાવ્યો હતો. એક તરફ જ્યાં રોહિત શર્મા, વિરાટ કોહલી સહિત અન્ય ક્રિકેટર્સ પોતાની પત્ની અને બાળકો સાથે જીતની ઉજવણી કરી રહ્યા હતા ત્યારે હાર્દિક એકલો જોવા મળ્યો હતો. તેને ગળે લગાડવા ઘરેથી કોઈ નહોતું. હાર્દિકની પત્ની મેચ જોવા માટે ન તો સ્ટેડિયમમાં આવી હતી અને ન તો તેણે અત્યાર સુધી કોઈ સોશિયલ મીડિયા પોસ્ટ પર તેને જીત પર અભિનંદન આપ્યાં છે. આવી સ્થિતિમાં સોશિયલ મીડિયા પર યુઝર્સે તેમના સંબંધો વિશે વાત કરવાનું શરૂ કરી દીધું છે.



# શ્રદ્ધા કપૂરની તબિયત બગડી, એરપોર્ટ પર અભિનેત્રી આ હાલતમાં જોવા મળી

### બોલીવુડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ : શ્રદ્ધા કપૂર એરપોર્ટ પર બીમાર હાલતમાં જોવા મળી

બોલીવુડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. અભિનેત્રી તેની પોસ્ટ દ્વારા ફેન્સને અપડેટ આપતી રહે છે. ફેન્સ પણ શ્રદ્ધા કપૂરની પોસ્ટની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ સિવાય શ્રદ્ધા કપૂર ઘણીવાર પાપારાઝી કેમેરામાં કેદ થાય છે. હાલમાં જ શ્રદ્ધા કપૂર એરપોર્ટ પર બીમાર હાલતમાં જોવા મળી હતી જેનો વીડિયો હવે વાયરલ થઈ રહ્યો છે.
શ્રદ્ધા કપૂરનો એક લેટેસ્ટ વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં અભિનેત્રી પોતાની કારમાંથી નીચે ઉતરતી જોવા મળી રહી છે.
આ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે શ્રદ્ધા કપૂર પાપારાઝીના કેમેરાની સામે આવતાની સાથે જ પેપ્સ એક્ટ્રેસને માસ્ક હટાવવા માટે કહે છે જેના જવાબમાં શ્રદ્ધા કપૂરે જવાબ આપ્યો કે તે નિરાશ થઈ રહી છે. પછી પેપ્સ કહે છે મેડમ સ્ટોપ, તો એક્ટ્રેસ કહે છે જુઓ 'કાઢા' પણ છે. જો કે, આ દરમિયાન અભિનેત્રી ચાલતી રહે છે અને પછી ત્યાંથી નીકળી જાય છે.
હવે શ્રદ્ધા કપૂરનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે અને દરેક વ્યક્તિ અભિનેત્રીના ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી રહ્યા છે. એક યુઝરે તેના પર કમેન્ટ કરી કે તમે જલ્દી સાજા થાઓ.
અન્ય એક યુઝરે લખ્યું હતું કે તમારે આ સ્થિતિમાં બહાર આવવું ન જોઈએ. ત્રીજા યૂઝરે કોમેન્ટ કરી કે તમારી જાતનું ધ્યાન રાખો.

## ફિલ્મ 'સ્ત્રી'ને લઈને ચર્ચામાં અભિનેત્રી

તમને જણાવી દઈએ કે શ્રદ્ધા કપૂર પણ આ દિવસોમાં તેની આગામી ફિલ્મ 'સ્ત્રી'ને લઈને ચર્ચામાં છે. હાલમાં જ આ આગામી ફિલ્મનું ટીઝર પણ રિલીઝ કરવામાં આવ્યું છે જે દર્શકોને ખૂબ જ પસંદ આવી રહ્યું છે. આ ફિલ્મમાં શ્રદ્ધા કપૂર સાથે રાજકુમાર રાવ પણ જોવા મળશે. આગામી ફિલ્મનું ટીઝર જોયા બાદ લોકોમાં આ ફિલ્મ માટે ઉત્સાહ વધી ગયો છે. તમને જણાવી દઈએ કે આ



# હોસ્પિટલમાં રહેલી હીનાએ મોટિવેશનલ મેસેજ આપ્યો: બોલી, 'હું દુ:ખી છું પણ ડરતી નથી', બ્રેસ્ટ કેન્સરની ટ્રીટમેન્ટ કરાવી રહી છે...

એક્ટ્રેસ હિના ખાન ત્રીજા સ્ટેજના બ્રેસ્ટ કેન્સરથી પીડિત છે. હાલ તે મુંબઈની કોકિલાબેન હોસ્પિટલમાં દાખલ છે, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. અહીં હિનાની માતા રૂકસાના અસલમ ખાન અને તેનો બોયફ્રેન્ડ રોકી જયસ્વાલ પણ તેની સાથે જ છે. સારવાર દરમિયાન હિના સોશિયલ મીડિયા દ્વારા તેના ફેન્સને અપડેટ આપી રહી છે. તે તેના ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર વિચારો પણ શેર કરી રહી છે. હાલમાં જ એક વાર્તા શેર કરતી વખતે,એક્ટ્રેસે લખ્યું, 'હું મારી મુસાફરીમાં જે બારી છે તેમાંથી ડોકિયું કરી રહી છું. આ પોસ્ટ તે તમામ મહિલાઓ અને પુરુષો માટે છે જેઓ કેન્સર સામેની લડાઈ લડી રહ્યા છે.
હિનાએ વધુમાં લખ્યું 'આ એક મુશ્કેલ લડાઈ છે, જેમાં ઘણી હિંમતની જરૂર છે. હું આશા રાખું છું કે મારી જર્ની પણ હિંમત સાથે ચાલુ રહેશે અને મારા જેવા ઘણા લોકોને પ્રોત્સાહિત કરશે જેઓ તેમની વાર્તાને સુંદર બનાવવાના માર્ગો શોધે છે. અને હા, હંમેશા યાદ રાખો કે આપણને ઈજા થઈ શકે છે પરંતુ આપણે ક્યારેય ગભરાવું જોઈએ નહીં.'
હિનાએ ગત શુક્રવારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી જેમાં જણાવ્યું હતું કે તે બ્રેસ્ટ કેન્સર સામે લડી રહી છે. એક્ટ્રેસે લખ્યું હતું કે, હાલમાં ચાલી રહેલી અફવાઓ પર હું તમારી સાથે કેટલાક જરૂરી સમાચાર શેર કરવા માગુ છું. મને ત્રીજા સ્ટેજનું બ્રેસ્ટ કેન્સર છે. અંકિતા લોખંડે, ગૌહર ખાન, આમિર અલી અને અદા ખાન સહિત ઘણા સેલેબ્સે હિનાની આ પોસ્ટ પર કમેન્ટ કરી હતી અને તેના ઝડપી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી હતી.
આ દરમિયાન હિનાની માતાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે ખરાબ હાલતમાં છે અને રડી રહી છે. ઘણા યુઝર્સે દાવો કર્યો હતો કે આ વીડિયો હાલના સમયનો છે જ્યારે હિનાની માતાને તેની પુત્રીના કેન્સર વિશે ખબર પડી હતી, પરંતુ આ વીડિયો ત્રણ વર્ષ જૂનો છે.
આ વિડિયો હિનાએ પોતે ઓગસ્ટ 2021માં તેના સ્વર્ગસ્થ પિતાના જન્મદિવસ પર શેર કર્યો હતો. આ દરમિયાન કેક કાપતી વખતે તેમની માતા રડવા લાગ્યા હતા હિનાના પિતા અસલમ ખાનનું 20 એપ્રિલ 2021ના રોજ હાર્ટ એટેકથી અવસાન થયું હતું. તે ઘણીવાર તેમની સાથે સંબંધિત પોસ્ટ શેર કરીને તેને યાદ કરે છે.

# દેશ-દુનિયામાંથી ટીમ ઈન્ડિયાને જીતની વધામણી



## PM મોદીએ ખેલાડીઓ સાથે ફોન પર વાત કરી; ધોનીએ કહ્યું- આનાથી સારી બર્થડે ગિફ્ટ ન હોઈ શકે

એજન્સી નવી દિલ્હી તા 01

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે (30 જૂન) ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીઓ સાથે ફોન પર વાત કરી હતી અને T-20 વર્લ્ડ કપ જીતવા બદલ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં. તો, પ્રથમ T20 વર્લ્ડ ચેમ્પિયન કેપ્ટન એમએસ ધોની સહિત વર્તમાન અને ભૂતપૂર્વ ક્રિકેટરોએ ભારતીય ટીમનાં વખાણ કર્યાં છે. ધોનીની કેપ્ટનશિપમાં ભારતે 2007માં સાઉથ આફ્રિકામાં પ્રથમ T20 વર્લ્ડ કપ જીત્યો હતો. તેણે એક વર્ષ બાદ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને ટીમ ઈન્ડિયાને અભિનંદન પાઠવ્યાં હતાં અને આ જીતને તેની જન્મદિવસની ભેટ ગણાવી હતી. ધોની આવતા મહિને 7 જુલાઈએ 43 વર્ષનો થઈ જશે. મોદીએ ફોન પર સમગ્ર ટીમનાં વખાણ કર્યાં મોદીએ રોહિત શર્માને તેની શાનદાર કેપ્ટનશિપ માટે અભિનંદન પાઠવ્યાં હતાં અને તેની T20 કારકિર્દીની પ્રશંસા કરી હતી. પીએમ મોદીએ ફાઈનલમાં વિરાટ કોહલીની ઈનિંગ અને ભારતીય ક્રિકેટમાં તેના યોગદાનની પણ પ્રશંસા કરી હતી. તેમણે તેની અંતિમ ઓવર માટે હાર્દિક પંડ્યા અને તેના કેચ માટે સૂર્યકુમાર યાદવની પ્રશંસા કરી. તેમણે જસપ્રીત બુમરાહના યોગદાનની પણ પ્રશંસા કરી. PM મોદીએ ભારતીય ક્રિકેટમાં યોગદાન બદલ રાહુલ દ્રવિડનો પણ આભાર માન્યો હતો. જીત બાદ વિરાટ કોહલી, ટીમ ઈન્ડિયાના હેડ કોચ રાહુલ દ્રવિડ અને કેપ્ટન રોહિત શર્મા ખુશખુશાલ નજરે પડે છે.

**સચિન તેંડુલકરની પોસ્ટ :** 'ભારતની જર્સીમાંનો દરેક સ્ટાર આપણા દેશનાં બાળકોને તેમનાં સપનાંની નજીક એક ડગલું આગળ વધવા માટે પ્રેરણા આપે છે. ભારતને આ ચોથો કપ મળ્યો, T20 વર્લ્ડ કપમાં આપણો બીજો સ્ટાર. વેસ્ટ ઈન્ડિઝમાં આખું સર્કલ થયું. 2007માં વર્લ્ડ કપ હાર્યા પછી હવે ચેમ્પિયન બન્યા.'

**વીરેન્દ્ર સેહવાગની પોસ્ટ :** 'શેરબજારની જેમ ક્રિકેટમાં પણ આવું જ કંઈક થાય છે. સ્ટોક લાંબા સમય સુધી એક રેન્જમાં રહે છે અને પછી અચાનક તે રેન્જમાંથી બહાર નીકળીને ઉપર જાય છે. એ જ રીતે, ભારતીય ટીમ વર્ષોથી એક શ્રેણીમાં સારું પ્રદર્શન કરી રહી હતી, પરંતુ ICC ટ્રોફી જીતવામાં સફળ રહી ન હતી. ગઈકાલની જીત મને લાગે છે કે 13 વર્ષ પછી ટીમ માટે મોટી છલાંગ છે અને તેને નિર્ણાયક જીત તરીકે જોઈ શકાય છે. મારું માનવું છે કે આ જીત બાદ ટીમ આગામી વર્ષોમાં પણ ICC ટ્રોફી જીતવાનું ચાલુ રાખશે.'

**ધોનીની ઇન્સ્ટાગ્રામ પોસ્ટ :** 'ચેમ્પિયન્સ 2024. મારા હૃદયના ધબકારા વધી ગયા હતા. શાંત રહીને, આત્મવિશ્વાસ રાખવા અને તમે લોકોએ જે કર્યું તે કરવા બદલ અભિનંદન. તમામ ભારતીયો અને વિશ્વભરના ભારતીયો વતી, વર્લ્ડ કપને સ્વદેશ પરત લાવવા બદલ ખૂબ ખૂબ આભાર. અભિનંદન. ઓહ હા, જન્મદિવસની આ કીમતી ભેટ માટે આભાર.'

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની પોસ્ટ :** 'T20 વર્લ્ડ કપ જીતવા બદલ ટીમ ઈન્ડિયાને મારા હાર્દિક અભિનંદન. ક્યારેય ન કહેવાની ભાવના સાથે, ટીમે મુશ્કેલ સંજોગો પર વિજય મેળવ્યો અને સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ઉત્તમ કૌશલ્ય પ્રદર્શિત કર્યું. ફાઈનલ મેચમાં તે અસાધારણ વિજય હતો. શાબાશ, ટીમ ઈન્ડિયા! અમને તમારા પર ગર્વ છે.'

# રોહિત શર્માએ જે કર્યું તે તમામ કેપ્ટન માટે છે શીખ



એજેન્સી અમેરિકા તા 01

ભારતીય ટીમે રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળ T20 વર્લ્ડકપ 2024 જીતી લીધો છે. ભારતીય ટીમે ફાઈનલ મેચમાં દક્ષિણ આફ્રિકાને 7 રનથી હરાવ્યું હતું. ભારત પૂરી ટૂર્નામેન્ટમાં એકપણ મેચ હાર્યા વિના આ ખિતાબ જીતનારો પહેલો દેશ બની ગયો છે. જીત બાદ ટીમના ખેલાડીઓએ જોરશોરથી ઉજવણી કરી હતી. પરંતુ તે દરમિયાન રોહિતે ખેલાડીઓને ઉજવણી કરતા રોકી દીધા હતા. ફાઈનલની મેચ જીત્યા બાદ ટીમના તમામ ખેલાડીઓ જશ્ન મનાવી રહ્યા હતા. ત્યારે દક્ષિણ આફ્રિકાની ટીમ સામે હાથ મિલાવવા લાઈનમાં ઉભી હતી. ક્રિકેટમાં મેચ પૂરો થાય બાદ બંને ટીમના ખેલાડીઓ એકબીજાને હાથ મિલાવવાનો રિવાજ છે. જ્યારે રોહિતે જોયું કે દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓ આવી ગયા છે, ત્યારે તેણે પોતાના સાથી ખેલાડીઓને આતરફ આવવાનો સંકેત આપ્યો હતો. કેપ્ટનના આદેશ પર ભારતીય ટીમના ખેલાડીઓએ ઉજવણી છોડીને દક્ષિણ આફ્રિકાની ટીમ સાથે હાથ મિલાવ્યો હતો. ભારતીય ખેલાડીઓએ ફરી ઉજવણી શરુ કરી ખેલાડીઓએ ફરી ઉજવણી કરવાનું શરૂ કર્યું હતું. 2014થી આઈસીસી ટુર્નામેન્ટમાં નોકઆઉટમાં શરૂ થયેલી ભારતની હારનો સિલસિલો બંધ થઇ રહ્યો ન હતો. T20 વર્લ્ડકપથી લઈને વનડે વર્લ્ડકપ સુધી, ભારતીય ટીમ ચેમ્પિયન્સ ટ્રોફી અને વર્લ્ડટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં હારી ગઈ હતી. પરંતુ આ વખતે આખરે ભારતીય ટીમે દક્ષિણ આફ્રિકા સામે જીત મેળવીને પોતાનું સપનું પૂરું કર્યું હતું. રોહિત બન્યો વર્લ્ડકપ જીતનારો ત્રીજો કેપ્ટન

રોહિત શર્મા વર્લ્ડકપ જીતનાર ભારતનો ત્રીજો કેપ્ટન બની ગયો છે. અગાઉ 1983માં ભારતે કપિલ દેવની કેપ્ટનશીપમાં વર્લ્ડકપ જીત્યો હતો. ત્યારબાદ 2007માં મહેન્દ્ર સિંહ ધોનીની આગેવાની હેઠળ T20 વર્લ્ડ કપ જીત્યો હતો. ધોનીની કેપ્ટનશિપમાં જ ભારતીય ટીમ 2011માં વર્લ્ડ ચેમ્પિયન બની હતી. હવે 2024માં રોહિત શર્મા ભારત માટે વર્લ્ડકપ જીતનાર ત્રીજા કેપ્ટન બની ગયા છે.ત્યારે દક્ષિણ મિલાવવા લાઈનમાં ઉભી હતી. ક્રિકેટમાં મેચ પૂરો થાય બાદ બંને ટીમના ખેલાડીઓ એકબીજાને હાથ મિલાવવાનો રિવાજ છે. જ્યારે રોહિતે જોયું કે દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓ આવી ગયા છે, ત્યારે તેણે પોતાના સાથી ખેલાડીઓને આતરફ આવવાનો સંકેત આપ્યો હતો.

# રોહિત-હાર્દિક વચ્ચે નથી કોઈ ખટપટ, સૌની સામે હિટમેને આ રીતે લાગણી વ્યક્ત કરી

એજન્સી નવી દિલ્હી તા 01





T20 વર્લ્ડ કપ 2024ની ફાઈનલ મેચમાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કરીને ક્રિકેટના ટૂંકા ફોર્મેટમાં બીજી વખત ચેમ્પિયન બની હતી. આ મેચમાં દરેક ખેલાડીઓ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ત્યારે હાર્દિક પંડ્યાએ પણ કેપ્ટન રોહિત શર્મા (Rohit Sharma)ને નિરાશ ન કરતા શાનદાર પ્રદર્શન કર્યું હતું. હાર્દિકે ટીમને જ્યારે જરુર હતી ત્યારે જ હેનરિચ ક્લાસેનની વિકેટ લઈને મેચને પલટાવી નાખી હતી. સમગ્ર દેશ જીત બાદ જશ્નમાં ડૂબી ગયો મગ્ર દેશ હાલમાં T20 વર્લ્ડ કપ 2024ની ફાઈનલમાં સાઉથ આફ્રિકા સામેની જીત બાદ જશ્નમાં ડૂબી ગયો છે. રાજધાની દિલ્હીના ઈન્ડિયા ગેટ પર મોડી રાત્રે લોકો ત્રિરંગા ઝંડા લઈને લોકો એકઠા થયા હતા અને ફટાકડા ફોડવા લાગ્યા હતા. મેચ બાદ રાત્રે દેશના અનેક શહેરોમાં આવું જ દ્રશ્ય જોવા મળ્યું હતું. બીજી તરફ ભારતીય ક્રિકેટ ટીમે મેચ જીતતાની સાથે જ કેપ્ટન રોહિત શર્મા પણ પોતાની ભાવનાઓ પર કાબૂ રાખી શક્યો નહીં. તેની આંખોમાં આંસુ સ્પષ્ટ જોઈ શકાતા હતા. ભારતની જીત બાદ હાર્દિક ઈન્ટરવ્યૂ આપી રહ્યો હતો ત્યારે રોહિતે આવીને કેમેરા સામે જ હાર્દિકને ગળે લગાડીને ગાલ પર લાગણી વ્યક્ત કરતા કિસ કરી હતી. હાલમાં સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં હિટમેન (Hitman) હાર્દિક પંડ્યા (Hardik Pandya)ને કિસ (kiss) કરતો જોવા મળી રહ્યો છે. નોંધનીય છે કે ભારતની જીતનો સૌથી મોટો વળાંક એ હાર્દિક પંડ્યાની ઓવર હતી જેમાં તેણે હેનરિક ક્લાસેનને આઉટ કર્યો હતો. ચાર ઓવર પછી દક્ષિણ આફ્રિકા (South Africa)ને 26 રનની જરૂર હતી. હેનરિક ક્લાસેન (Heinrich Klaasen) ભારતીય સ્પિનરો પર આક્રમક પ્રહાર કરીને 27 બોલમાં 52 રન બનાવીને રમી રહ્યો હતો. હાર્દિકે ક્લાસેનને ઋષભ પંત (Rishbh Pant)ના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. જે બાદ આફ્રિકન ટીમ ધીરે-ધીરે મેચમાં બેકફૂટ પર આવી ગઈ હતી. અંતે ભારતે આ વિશ્વકપની ફાઈનલ મેચ સાત રને જીતી હતી.

# વર્લ્ડ કપની ફાઈનલમાં મેચ વિનિંગ કેચ ઝડપવા બદલ સૂર્યકુમારને મળ્યો ખાસ મેડલ



એજન્સી નવી દિલ્હી તા 01

ભારતીય ક્રિકેટ ટીમે T20 વર્લ્ડકપ 2024ની ફાઇનલમાં શાનદાર પ્રદર્શન કરીને સાઉથ આફ્રિકાને 7 રને હરાવ્યું છે. આ સાથે ભારતે 11 વર્ષ બાદ આઈસીસી ટ્રોફી જીતી લીધી છે. આ જીતમાં જ્યાં વિરાટની ઈનિંગ અને બુમરાહની બોલિંગનો ખાસ ફાળો રહ્યો હતો. તો બીજી તરફ સૂર્યકુમાર યાદવે પણ પોતાની ફિલ્ડિંગથી બધાના દિલ જીતી લીધા હતા. સૂર્યાએ મેચના નિર્ણાયક ક્ષણે શાનદાર કેચ કર્યો હતો. જેના માટે તેને વ્યક્તિગત રીતે બીસીસીઆઈના ચીફ સેક્રેટરી જય શાહ દ્વારા ભેટમાં એક મેડલ આપવામાં આવ્યો હતો. જય શાહે સૂર્યકુમાર યાદવને મેડલ આપ્યો અગાઉના વર્લ્ડકપ અનુસાર આ વખતે પણ ભારતીય ટીમમાં કોઈ એકને શ્રેષ્ઠ ફિલ્ડરનો મેડલ આપવામાં આવી રહ્યો છે. અત્યાર સુધી સચિન તેંડુલકર, વિવિયન રિચર્ડ્સ સહિતના દિગ્ગજ લોકો તેને આપવા આવ્યા છે. ફાઈનલમાં જીત બાદ આ જવાબદારી બીસીસીઆઈના ચીફ સેક્રેટરી જય શાહને આપવામાં આવી હતી. જય શાહે સૂર્યકુમાર યાદવને અંતિમ ઓવરમાં તેના 'વર્લ્ડ કપ વિનિંગ' કેચ બદલ વિશેષ મેડલ આપ્યો હતો. આ પણ વાંચો: T20 વર્લ્ડકપ ચેમ્પિયન ભારતીય ટીમ પર નાણાંનો વરસાદ, 125 કરોડ રૂપિયા આપવાની BCCIની જાહેરાત સૂર્યાએ પકડ્યો હતો શાનદાર કેચ T20 વર્લ્ડકપનીફાઈનલ મેચમાં દક્ષિણ આફ્રિકાને તેનો પહેલો વર્લ્ડકપ જીતવા માટે છેલ્લી ઓવરમાં 16 રનની જરૂર હતી. ડેવિડ મિલર ક્રિઝ પર હતો અને તેને પહેલો બોલ લોંગ-ઓફ તરફ રમ્યો હતો. બોલ હવામાં જતાની સાથે જ પ્રેક્ષકોના હૃદયના ધબકારા વધી ગયા હતા, પરંતુ શાંત અને એકાગ્રતા સાથે સૂર્યકુમારે લોંગ-ઓફ બાઉન્ડ્રી પર શાનદાર કેચ પકડ્યો હતો. સૂર્યકુમારના આ કેચની સરખામણી 1983ના વર્લ્ડ કપમાં કપિલ દેવના કેચ સાથે કરવામાં આવી હતી.

# તેંડુલકરે જાડેજાના કર્યા વખાણ, નિવૃતિને લઇ કહી મોટી વાત



એજન્સી મુંબઈ તા 01

રવિન્દ્ર જાડેજાએ T20 ઈન્ટરનેશનલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી કોહલી-રોહિતે પણ T20 ઈન્ટરનેશનલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી સચિન તેંડુલકરે જાડેજાની નિવૃત્તિ પર પ્રતિક્રિયા આપી ભારતીય ટીમના અનુભવી ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ T20 વર્લ્ડકપ બાદ T20 ઈન્ટરનેશનલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તેણે રવિવારે ઈન્સ્ટાગ્રામ દ્વારા આની જાહેરાત કરી હતી. આ પહેલા વિરાટ કોહલી અને રોહિત શર્માએ પણ T20 ઈન્ટરનેશનલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. આવી સ્થિતિમાં આ ત્રણેય દિગ્ગજોની નિવૃત્તિથી તેને T-20 ઈન્ટરનેશનલમાં રમતા જોઈ શકશે નહીં, પરંતુ IPL, ટેસ્ટ અને ODIમાં જોઈ શકશે. T20Iમાંથી જાડેજાની નિવૃત્તિ બાદ તેને શાનદાર કારકિર્દી માટે અભિનંદન મળી રહ્યા છે. પૂર્વ દિગ્ગજ ક્રિકેટર સચિન તેંડુલકરે જાડેજાની નિવૃત્તિ પર પ્રતિક્રિયા આપી છે.

વીજળીની ગતીએ ફિલ્ડિંગ સચિન તેંડુલકરે X પર લખ્યું- મારી કારકિર્દીના છેલ્લા તબક્કામાં ઉભરતી પ્રતિભામાંથી તમામ ફોર્મેટના અનુભવી ખેલાડીમાં તમારું પરિવર્તન નોંધપાત્ર રહ્યું છે. તેંડુલકરે જાડેજાની ફિલ્ડિંગની પણ પ્રશંસા કરી હતી. તેણે લખ્યું- તે તમારી વીજળીની-ફાસ્ટ ફિલ્ડિંગ હોય, રમત બદલતા સ્પેલ હોય કે મહત્વપૂર્ણ ઈનિંગ્સ. તમે અમને બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે.

## પાક.ના ખેલાડીઓએ ભારતની જીત પર આપી પ્રતિક્રિયા

એજન્સી પાકિસ્તાન તા 01

ભારત T20 વર્લ્ડકપ 2024માં ચેમ્પિયન બન્યું ભારતીય ચાહકોએ જોરદાર ઉજવણી કરી પાકિસ્તાનના ક્રિકેટરોએ આપી પ્રતિક્રીયા ભારત ચેમ્પિયન બન્યા બાદ ભારતીય ચાહકો જોરદાર ઉજવણી કરી રહ્યા છે. દક્ષિણ આફ્રિકા સામેની જીત બાદ ભારતીય ચાહકો મોડી રાત્રે રસ્તા પર ઉતરી આવ્યા હતા અને પોતાની ખુશી વ્યક્ત કરી હતી. રોહિત શર્માની આગેવાનીમાં ભારતીય ટીમના ચેમ્પિયન બનવાની ઉજવણી ચાલુ છે, પરંતુ ટીમ ઈન્ડિયાની જીત પર પાડોશી દેશ પાકિસ્તાનના ક્રિકેટરોએ શું કહ્યું? આ ખેલાડીઓએ આપી પ્રતિક્રીયા પાકિસ્તાની ક્રિકેટર શોએબ મલિક, હસન અલી, વકાર યુનિસ અને શોએબ અખ્તરે ભારતની જીત પર અભિનંદન પાઠવ્યા છે. આ સિવાય શોએબ અખ્તરે વીડિયો શેર કરીને કહ્યું કે રોહિત શર્માની કેપ્ટન્સીમાં ભારતીય ખેલાડીઓએ મહત્વની મેચમાં તાકાત બતાવી અને ટીમ જીતી ગઈ, ભારતને અભિનંદન... કોણે શું કહ્યું... પાકિસ્તાની ઓલરાઉન્ડર શોએબ મલિકે ટ્વિટ કર્યું છે.

## ભારતની જીત બાદ રડ્યો ઈરફાન


ઈરફાન પઠાણ ભારતની જીત બાદ રડી પડ્યો સૂર્યકુમારના કેચ પર આંસુ પર કાબુ રાખી શક્યો નહીં ારતીય ટીમ T20 વર્લ્ડકપ 2024ની ચેમ્પિયન બની છે. આ રીતે ટીમ ઈન્ડિયાએ બીજી વખત T20 વર્લ્ડકપ જીત્યો. ફાઈનલમાં ભારતે દક્ષિણ આફ્રિકાને 7 રનથી હરાવ્યું હતું. ભારતીય ખેલાડીઓ ઉપરાંત ચાહકો અને પૂર્વ ક્રિકેટરોએ જીતની ખૂબ જ ઉજવણી કરી હતી. તે જ સમયે, ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર ઈરફાન પઠાણનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં ઈરફાન પઠાણ ભારતની જીત પર રડી રહ્યો છે. તેમજ જસપ્રીત બુમરાહની બોલિંગ અને સૂર્યકુમાર યાદવના કેચ પર તે પોતાના આંસુ પર કાબુ રાખી શક્યો નથી. ભલે હું મારા છેલ્લા શ્વાસ લઈ રહ્યો હોઉં...!

# આ 'શનિ' તો ભારતને ફળ્યો:83...11...24, આ ત્રણેય વર્ષે ટીમ ઈન્ડિયા વર્લ્ડ કપ જીત્યો


**ઈન્ડિયા...ઈન્ડિયા.... આ શબ્દોથી આખો દેશ ગૂંજી ઉઠ્યો હતો. 29 જૂને બાર્બાડોસમાં રોહિત શર્મા એન્ડ કંપનીએ 17 વર્ષ પછી T20 વર્લ્ડ કપ જીત્યો અને ઈતિહાસ રચી દીધો. ભારતે બીજીવાર T20 વર્લ્ડ કપ જીત્યો અને આ સાથે જ દેશભરમાંથી અલગ-અલગ રાજ્યો અને શહેરોમાં લોકો રસ્તા પર ઊજવણી કરવા ઉતરી આવ્યા હતા. આવો જ માહોલ 1983ના વર્લ્ડ કપ વખતે અને 2011ના વર્લ્ડ કપ વખતે જીત્યા હતા, ત્યારે હતો. બધા પ્રસંગો પર અલગ-અલગ મેચ વિનર સાબિત થયા અને ટીમ વર્કથી ભારત ચેમ્પિયન બન્યું. પણ આ બધામાં એક વસ્તુ કોમન છે એ તમને ખબર છે..? 1983, 2011, અને હવે 2024. આ ત્રણેય વર્લ્ડ કપ જીત્યા, તે વાર છે શનિવાર...**

એજન્સી નવી દિલ્હી તા 01

25 જૂન, 1983...કપિલ દેવની કેપ્ટનશિપમાં ટીમ ઈન્ડિયાએ વિશ્વ જગતને આંચકો આપ્યો 1983ની એ વર્લ્ડ કપ ફાઈનલ..તારીખ 25 જૂન અને વાર હતો શનિવાર... ઈંગ્લેન્ડના લોર્ડ્સના મેદાનમાં ભારતે પહેલી બેટિંગ કરતા 183 રન બનાવ્યા અને વેસ્ટ ઈન્ડિઝને ટાર્ગેટ આપ્યો. વિવિયન રિચર્ડ્સ વેસ્ટ ઈન્ડિઝ માટે જોરદાર બેટિંગ કરતો હતો, પરંતુ કપિલે ગજબનો કેચ લઈને બેટર અને ડિફેન્ડિંગ ચેમ્પિયન બંનેને સ્તબ્ધ કરી દીધા. બેટ સાથેના પ્રભાવશાળી પ્રદર્શન પછી, મોહિન્દર અમરનાથે બોલિંગમાં પણ પોતાનું કૌશલ્ય બતાવ્યું અને અંતે ત્રણ વિકેટ લઈને વેસ્ટ ઈન્ડિઝને 140 રનમાં આઉટ કરી દીધું અને તે ક્ષણે ભારતીય ક્રિકેટને હંમેશ માટે બદલી નાખ્યું.







## 2 એપ્રિલ, 2011...ધોની અને ગંભીરે 28 વર્ષ પછી વર્લ્ડ કપ જિતાડ્યો

હવે વાત કરીએ 2011ના વર્લ્ડ કપની. એ દિવસ પણ શનિવાર હતો...મુંબઈનું વાનખેડે મેદાન. ભારતે પહેલા બોલિંગ કરી અને શ્રીલંકાએ 274 રન બનાવ્યા. શ્રીલંકાના મહેલા જયવર્ધનેએ સદી ફટકારી. પછી ટીમ ઈન્ડિયા તરફથી આવ્યા સચિન તેંડુલકર અને વીરેન્દ્ર સેહવાગ. બન્ને શરૂઆતમાં આઉટ થયા. કોહલી અને ગંભીરે પાર્ટનરશિપ કરી અને ટીમની કમાની સંભાળી. પછી કોહલીના આઉટ થયા બાદ આવ્યો ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની. તેણે અને ગંભીરે જે રીતે બેટિંગ કરી છે... ટીમને જીતની નજીક લાવી દીધું. અને અંતે ધોનીએ વિનિંગ છગ્ગો ફટકાર્યો...અને ટીમ ઈન્ડિયાએ સચિન તેંડુલકરનું સપનું પૂરું કર્યું. ભારત 28 વર્ષ પછી ચેમ્પિયન બન્યું. ટીમ ઈન્ડિયાએ 29 જૂને બાર્બાડોસમાં ફાઈનલ બેટિંગ કરી હતી અને ટીમ ચેમ્પિયન બની હતી. યોગાનુયોગ કેપ્ટન રોહિત પણ ફાઈનલમાં પહેલા બેટિંગ લીધી અને ટીમે 176 રન બનાવીને 177 રનનો ટાર્ગેટ આપ્યો.

## સંક્ષિપ્ત સમાચાર

### પેઝેશ્કીયાનને 53 લાખ મત મળ્યા છતાં ઈરાનમાં પ્રમુખપદની ચૂંટણીના પરિણામો અનિર્ણિત

ઈરાનનાં સંવિધાન પ્રમાણે પ્રમુખપદ માટે ઓછામાં ઓછા ૫૦ ટકા મત મળવા જરૂરી છે ૧ કરોડ ૨૦ લાખ મતમાંથી ૬૦ લાખ કે તેથી વધુ મત મળે તે જ પ્રમુખપદે આવી શકે છે

દુબઈ : એક તરફ ઈરાન-ઈઝરાયલ સામે યુદ્ધે ચઢ્યું છે, બીજી તરફ હુથી રમખાણકારોનો આતંક વધી રહ્યો છે તેની વચ્ચે ઈરાનમાં યોજાયેલી પ્રમુખપદની ચૂંટણીમાં બે મુખ્ય હરીફો કટ્ટરવાદી સઈદ જલીલી અને સુધારાવાદી મસૂદ પેઝેશ્કીયાન વચ્ચે 'કાંટે કી ટક્કર' જામી હતી. તેમાં શનિવારે પ્રાપ્ય ગણતરી પ્રમાણે કટ્ટરવાદી જલીલીને ૪૮ લાખ મત મળ્યા છે. જ્યારે સુધારાવાદી પેઝેશ્કીયાનને ૫૩ લાખ મત મળ્યા છે તેમ છતાં તેઓ પ્રમુખ તરીકે જાહેર થઈ શક્યા નથી કારણ કે, ઈરાનના સંવિધાન પ્રમાણે પ્રમુખપદ માટે ઓછામાં ઓછા ૫૦ ટકા કે તેથી વધુ મત મળવા અનિવાર્ય છે. એટલે કે ૧ કરોડ ૨૦ લાખ મતમાંથી ઓછા ૬૦ લાખ મત મળવા અનિવાર્ય છે. આ ચૂંટણીમાં એક અન્ય ઉમેદવાર કટ્ટરપંથી મોહમ્મદ બધેર કૈફને ૧૬ લાખ મત મળ્યા છે, જ્યારે શિયા-પંથી ધર્મગુરૂ મુસ્તફા પૌર મોહમ્મદીને ૯૫,૦૦૦ મત મળ્યા છે. ઈરાનના પૂર્વ પ્રમુખ રાયસીનું મે ૧૯, ૨૦૨૪ના દિને હેલિકોપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ થયું હોવાથી આ ચૂંટણીઓ યોજવી પડી છે. ઈરાન બે વિરોધાભાસી પરિબળોથી ચકરાવે ચઢેલું છે. એક તરફ તેણે એટમિક રીએક્ટર્સ બનાવ્યાં છે અને એટમ બોમ્બ બનાવી રહ્યું છે. એવું પણ કહેવાય છે કે તેણે ૩ એ-બોમ્બ જેટલું સમૃદ્ધ યુરેનિયમ (યુ-૨૩૦) પ્રાપ્ત કરી લીધું છે. (બનાવી લીધું છે) તો બીજી તરફ મહિલાઓને ત્યાં મતાધિકાર નથી.

### 'અમારી પાસે વધુ સમય નથી': ઝેલેન્સ્કીએ યુક્રેન યુદ્ધ બંધ કરવા નવી યોજના કહી

કીવ, નવી દિલ્હી : યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ કહ્યું છે કે, યુદ્ધ બંધ કરવા માટે તેઓ એક વિસ્તૃત યોજના બનાવી રહ્યા છે. શુક્રવારે સ્લોવાનિયનાં પ્રમુખ નતાશા મિર્ક મુસર સાથે કીવમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતાં તેમણે કહ્યું કે, આ યુદ્ધ બંધ કરવા એક મહત્વની યોજના બનાવી છે, જેનું મોટા ભાગના દેશોએ સમર્થન કર્યું છે. તેઓએ કરવું જોઈએ. આ એક રાજદ્વારી (કૂટ-નીતિ)નો માર્ગ છે. જે ઉપર અમે કામ કરી રહ્યાં છીએ.
આ પૂર્વે ગુરુવારે બ્રુસેલ્સમાં યુરોપીય સંઘનાં શિખર સંમેલનમાં ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે, યુદ્ધ ખત્મ કરવા માટે થોડા મહિનાઓમા હું એક વિસ્તૃત યોજના બનાવવાનો છું. જો કે અત્યારે તો યુદ્ધ બંધ કરવા માટે રશિયા અને યુક્રેન વચ્ચે કોઈ મંત્રણા ચાલતી નથી. શાંતિ મંત્રણા શરૂ કરવા માટે યુક્રેને શરત વિસ્તારોમાંથી તેની સેના પાછી ખેંચી લેવી. તેમાં ક્રીમીયા પણ સામેલ છે. ૨૦૧૪માં રશિયાએ ક્રીમીયા ઉપર કબજો જમાવી દીધો હતો. યુક્રેન કહે છે કે, રશિયાએ તેના પૂર્વ અને દક્ષિણના વિસ્તારોમાંથી તેની સેના હઠાવી લેવી જોઈએ. તે પછી જ શાંતિ મંત્રણા થઇ શકે.

### આ ખતરનાક રેલ્વે ટ્રેક પરથી ટ્રેન પસાર થાય ત્યારે મુસાફરો ડરવા લાગે છે

સલામત મુસાફરી થઇ શકે તે માટે રેલ્વે ટ્રેકની નિયમિત મરામત કરવામાં આવે છે. ખાસ કરીને ટ્રેક પર કોઇ ખતરનાક વળાંક કે જોખમ ના હોય તેનું પણ ધ્યાન રાખવામાં આવે છે. નવાઈની વાત તો એ છે કે દુનિયામાં એવા ડેન્જર્સ ટ્રેક છે જયાં પર્વત, જંગલ અને સમુદ્ર વચ્ચેથી નિકળે છે. હજારો ફૂટની ઉંચાઇએ આવેલા ટ્રેક પરથી ટ્રેન પસાર થાય છે ત્યારે રોમાંચ અને ડર બંનેનો અનુભવ થાય છે.
જાપાનમાં યુકોન બંદરગાહને જોડનારો વ્હાઈટ પાસ અને યુકોન રેલ્વે ટ્રેક સાહસને પોષે તેવો છે. આ રુટ પર ટ્રેન ૩ હજાર ફૂટની ઉંચાઇ પરથી પસાર થાય છે. ઘુમાવદાર ટ્રેક હોવાથી ટ્રાવેલ દરમિયાન પ્રવાસીઓને ખૂબ ડર લાગે છે. પ્રથમ વાર મુસાફરી કરવીએ સાહસ અને પડકારથી ભરેલી છે. આ રુટને એસો મિનામી રુટ કહેવામાં આવે છે. ૨૦૧૬માં કુમામોટોમાં આવેલા ભૂકંપ દરમિયાન ટ્રેકનો એક ભાગ ક્ષતિગ્રસ્ત થયો હતો. જવાળામુખીની નજીક આવેલો હોવાથી રેલ્વે ટ્રેકમાં મુસાફરી કરવી વધુ જોખમી છે. અચાનક ફાટી નિકળતા જવાળામુખી અંગે આગોતરી જાણકારી મળતી નથી.

### હવે રસ્તા પર ગાડીઓ નહી ખૂદ રસ્તો પણ દોડવા લાગશે, જાપાન બનાવશે અનોખો કાર્ગો રોડ

રસ્તાઓ પર ગાડીઓ દોડે છે પરંતુ રોડ દોડવા લાગે ખરો ? આમ તો આ કલ્પના લાગે છે પરંતુ ટેકનિક અને સંશોધનમાં હંમેશા આગળ રહેતા જાપાન ૩૧૦ કિમી લાંબી ચાલતી સડકો બનાવવા પ્રયાસ કરી રહયો છે. આ ચાલતો રસ્તો રાજધાની ટોકયોથી ઓસાકા શહેરને જોડશે. એક એસ્કેલેટરની માફક જ તેજ ગતિથી એક સ્થળેથી બીજા સ્થળે પહોંચી શકાશે.આનો ઉપયોગ ઉત્પાદનોને એક સ્થળેથી બીજા સ્થળે મોકલવા માટે કરવામાં આવશે. જાપાનમાં યુવાઓ કરતા વૃધ્ધોની સંખ્યા ઝડપથી વધી રહી છે. દેશમાં તાલિમ પામેલા પ્રોફેશનલ વાહન ચાલકોનો અભાવ જોવા મળે છે. આથી માલવાહક ટ્રકો એક સ્થળેથી બીજા સ્થળે લઇ જવામાં જે તકલીફનો સામનો કરવો પડે છે તેનું સમાધાન મળી રહેશે. ડીઝલ અને પેટ્રોલના વપરાશથી ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનમાં વધારો થઇ રહયો છે તેનો પણ સ્વયં ચાલતા રસ્તાઓ દ્વારા ઘટાડો થઇ શકશે.

### ભક્તો સાથે 43 કરોડની છેતરપિંડી કરી: આદેશ ન માનતા દાંત કાઢી નાખ્યા, કાતરથી માર્યા

# સિંગાપોરના ધર્મગુરુને સાડા દસ વર્ષની જેલ



એજન્સી સિંગાપોર તા 01

સિંગાપોરમાં 54 વર્ષીય ધાર્મિક નેતા વુ મે હોને સાડા દસ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. કોર્ટે તેમને તેમના ભક્તોને છેતરવા અને તેમને ઈજા પહોંચાડવા સહિત 5 આરોપોમાં દોષિત ઠેરવ્યા છે. વુ મેઈ હો પર આરોપ છે કે તેમણે તેમના ભક્તોનું બ્રેઈનવોશ કર્યું હતું અને તેમને કહ્યું હતું કે તે એક દેવી છે. જો ભક્તો તેના આદેશોનું પાલન ન કરે, તો વુ મેઈ હો તેમને ક્રૂર રીતે સજા કરશે. તે ભક્તોને તેમનો મળ ખવડાવતી અને પ્લાસમાંથી દાંત કાઢવા કહેતી. તે ભક્તો પર કાતર વડે હુમલો કરતી હતી અને તેમને બિલ્ડિંગના બીજા માળેથી કૂદવાનું પણ કહેતી હતી. સિંગાપોરની ન્યૂઝ ચેનલ સીએનએના અહેવાલ મુજબ, વુ મે હો પોતાને ભારતીય ધાર્મિક નેતા શ્રી શક્તિ નારાયણી અમ્માના ભક્ત તરીકે વર્ણવે છે. શ્રી શક્તિ નારાયણી અમ્માના ભક્તો તેમને દેવી નારાયણીનો પ્રથમ જાણીતો અવતાર માને છે. વુ મેઈ હો 2012 થી સિંગાપોરમાં 30 ભક્તોના સમૂહ સાથે આશ્રમ ચલાવે છે. લોકો તેમનામાં વિશ્વાસ કરવા માટે, તે હંમેશા સાડી અને મેક-અપ જેવી દેવીને પહેરે છે.

#### વુ મેઈ હોએ અત્યાર સુધી તેના ભક્તોને 43 કરોડ રૂપિયાની છેતરપિંડી

વુએ દાવો કર્યો હતો કે તેણીએ આ પૈસા ભારતમાં ગાયોની સંભાળ રાખવામાં, મંદિરો અને શાળાઓ બનાવવા પાછળ ખર્ચ્યા હતા. 10 ભક્તોએ તેના પર આરોપ મૂક્યો હતો કે વુએ તેમને આવશ્યક ચીજવસ્તુઓ ખરીદવા, ખોરાક રાંધવા, ઘર સાફ કરવા અને્ રી શક્તિ નારાયણી અમ્માના ભક્તો તેમને દેવી નારાયણીનો પ્રથમ જાણીતો અવતાર માને છે. વુ મેઈ હો 2012 થી સિંગાપોરમાં 30 ભક્તોના સમૂહ સાથે આશ્રમ ચલાવે છે. લોકો તેમનામાં વિશ્વાસ કરવા માટે, તે હંમેશા સાડી અને મેક-અપ જેવી દેવીને પહેરે છે.અહીં-ત્યાં મુસાફરી કરવા માટે વાહનોની વ્યવસ્થા કરવા દબાણ કર્યું.

#### વુ વિરુદ્ધ ભક્તો દ્વારા 2020માં હુમલો કરવાનો પહેલો કેસ

વુ વિરુદ્ધ તેના ભક્તો દ્વારા 2020માં હુમલો કરવાનો પહેલો કેસ દાખલ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ ઓક્ટોબર 2020માં તેની ધરપકડ કરવામાં આવી હતી. નામ ન આપવાની શરતે, વુના એક ભક્તે કહ્યું કે તેણીએ વુ સાથે 2019માં કામ કર્યું હતું. એક તહેવાર દરમિયાન વુએ તેના પર 5 ડબ્બા વડે હુમલો કર્યો હતો. આ દરમિયાન તેને માથા અને ચહેરા પર ગંભીર ઈજાઓ થઈ હતી.

**વુ 2012 થી 8 વર્ષ સુધી શ્રી શક્તિ નારાયણી અમ્મા સાથે સીધા સંકળાયેલા હતા :** વુ મી હો વર્ષ 2012માં જ શ્રી શક્તિ નારાયણી અમ્મા સાથે સીધો સંકળાયેલા હતા. આ સમય દરમિયાન તે પોતાની જાતને દેવી અને આત્માઓ સાથે વાત કરતી દેવી તરીકે ઓળખાવા લાગી. આ પછી તેણે પોતાના ભક્તોને પોતાને ભગવાન કહેવા માટે કહ્યું. વુનો દાવો - દાનમાં મળેલી રકમ ભારતમાં ગાયોની દેખભાળ, મંદિરો અને શાળાઓ બનાવવામાં ખર્ચવામાં આવી હતી જ્યારે તેણે વુને તેની પીડા વિશે જણાવ્યું, ત્યારે તેણે મહિલાને થોડું 'પવિત્ર પાણી' પીવા અને તેની આંખોમાં મૂકવા કહ્યું. વધુ પીડા ટાળવા માટે, વુએ તેને તેજસ્વી સૂર્યપ્રકાશ તરફ જોવાનો આદેશ આપ્યો, જેણે તેની દૃષ્ટિને નુકસાન પહોંચાડ્યું.વુ મેઈ હોએ અત્યાર સુધી તેના ભક્તોને 43 કરોડ રૂપિયાની છેતરપિંડી કરી છે.

# ઈરાકની અલ-નૂરી મસ્જિદમાંથી 5 બોમ્બ મળ્યા:1.5 કિલો વજન હતું

એજન્સી ઈરાન તા 01

ઈરાકના ઉત્તરી શહેર મોસુલની અલ-નૌરી મસ્જિદમાંથી પાંચ મોટા બોમ્બ મળી આવ્યા છે. આતંકવાદી સંગઠન ISIL (ISISની શાખા)એ આ બોમ્બને દિવાલમાં દાટી દીધા હતા. અલ જઝીરા અનુસાર આ બોમ્બનું વજન 1.5 કિલોગ્રામ છે. તેમાંથી એકને દિવાલ પરથી હટાવી લેવામાં આવ્યો છે, જ્યારે બાકીના બોમ્બને દૂર કરવાના પ્રયાસો ચાલુ છે.

યુનેસ્કો, જે 2017માં નષ્ટ થઈ ગયેલી મસ્જિદના પુનઃનિર્માણમાં રોકાયેલ હતું, તેમણે કહ્યું કે બોમ્બ પાછળથી બનેલી દિવાલમાં મૂકવામાં આવ્યા હતા. આ માહિતી મળતા જ ઈરાકી અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. જે બાદ વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી હતી. બોમ્બ હટાવવામાં આવે ત્યાં સુધી તમામ લોકોને મસ્જિદ પરિસરમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. અમેરિકાએ ઓક્ટોબર 2019માં અલ-બગદાદીને મારવા માટે ઓપરેશન હાથ ધર્યું



હતું. અમેરિકાએ ઓક્ટોબર 2019માં અલ-બગદાદીને મારવા માટે ઓપરેશન હાથ ધર્યું હતું. અલ-બગદાદીએ મસ્જિદ પર કબજો કર્યો હકીકતમાં જુલાઈ 2014માં ઈસ્લામિક સ્ટેટ ચીફ અબુ બકર અલ-બગદાદીએ અલ-નુરી મસ્જિદ પર કબજો કર્યો હતો. આ પછી આતંકી સંગઠને ઈરાક અને સીરિયાના મોટા ભાગ પર કબજો જમાવી લીધો. અનુમાન છે કે તે જ સમય દરમિયાન, ISIL (ISIS ની શાખા) એ મસ્જિદમાં બોમ્બ પ્લાન્ટ કર્યા હોઈ શકે છે, જેને પાછળથી વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. 2017માં ઈરાકે અમેરિકા સાથે મળીને આઈએસઆઈએલને ખતમ કરવા અભિયાન શરૂ કર્યું હતું. આ યુદ્ધ દરમિયાન, અલ-નૂરી મસ્જિદનો નાશ કરવામાં આવ્યો હતો. 2020માં ISILના ખાત્મા બાદ ઈરાકી સેનાએ દેશભરમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જો કે, આ બોમ્બ ત્યારે મળ્યા ન હતા કારણ કે તે દિવાલમાં દાટેલા હતા. અલ-નૂરી મસ્જિદ 12મી સદીમાં બનાવવામાં આવી હતી યુનેસ્કોને પાંચેય બોમ્બ 25 જુલાઈના રોજ મળ્યા હતા,

પરંતુ તેની માહિતી શનિવારે આપવામાં આવી હતી. 12મી સદીમાં બનેલી આ મસ્જિદ તેના ઝૂકેલા મિનાર માટે આખી દુનિયામાં જાણીતી હતી. આ મસ્જિદનું નામ નુરેદ્દીન અલ-ઝિંકીના નામ પરથી રાખવામાં આવ્યું હતું, જેણે સીરિયાને એકીકૃત કર્યું હતું. તેમણે જ વર્ષ 1172માં આ મસ્જિદ બનાવવાનો આદેશ આપ્યો હતો. UNESCO 2020 માં ISIL ના પતન પછી તેને ફરીથી બનાવવા માટે કામ કરી રહ્યું છે. UAE તેને ફંડ આપી રહ્યું છે. રિપોર્ટ અનુસાર મસ્જિદના પુનઃનિર્માણનું કામ આ વર્ષે ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થઈ શકે છે.

### અમેરિકન પ્રમુખપદની ચૂંટણીના ચાર તબક્કા, જાતને સાબિત કર્યા પછી મળે છે

એજન્સી અમેરિકા તા 01

5 નવેમ્બર 2024ના રોજ અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી યોજાશે. ચૂંટણીનો સમય જેમ જેમ નજીક આવી રહ્યો છે તેમ તેમ પ્રમુખપદના પ્રમુખ દાવેદારો જો બાઈડેન અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે આક્ષેપો-પ્રતિઆક્ષેપોનું રાજકારણ ગરમાઈ રહ્યું છે. દર ચાર વર્ષે યોજાતી અમેરિકન પ્રમુખની ચૂંટણીની પ્રક્રિયા ઘણી જટિલ હોય છે. ચૂંટણીની સમગ્ર પ્રક્રિયામાં અનેક તબક્કા હોય છે, જેમાં કોકસ અને પ્રાઈમરી, રાજકીય સંમેલનો, સામાન્ય ચૂંટણીઓ અને ઈલેક્ટોરલ કૉલેજનો સમાવેશ થાય છે.

કઈ રીતે શરૂ થાય છે ચૂંટણી? યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ માટેની ચૂંટણી દર ચાર વર્ષે નવેમ્બરના પ્રથમ સોમવાર પછીના પ્રથમ મંગળવારે યોજાય છે. આગામી રાષ્ટ્રપતિની ચૂંટણી 5 નવેમ્બર 2024ના રોજ યોજાશે. ચૂંટણીની પ્રક્રિયા ચૂંટણીની તારીખના એક વર્ષ પહેલાં જ શરૂ થઈ જતી હોય છે. પ્રથમ તબક્કો 'પ્રાઈમરી' અને 'કોકસ' સૌપ્રથમ 'પ્રાઈમરી' અને 'કોકસ' એ બે તબક્કા દ્વારા અમેરિકી પ્રજા, રાજ્યો અને રાજકીય પક્ષોને રાષ્ટ્રપતિ પદના ઉમેદવારો પસંદ કરવામાં મદદ કરે છે. આ બંનેનું પોતપોતાનું મહત્ત્વ છે. 'પ્રાઈમરી'માં જનતા રાષ્ટ્રપતિની ચૂંટણીના 6 થી 9 મહિનાની અંદર તેમના ઉમેદવારને પસંદ કરે છે. આમાં વિવિધ પક્ષોના વિવિધ પ્રતિનિધિઓ શ્રેષ્ઠ ઉમેદવારને મત આપે છે, જે સામાન્ય ચૂંટણીમાં પક્ષનું પ્રતિનિધિત્વ કરે છે. મોટાભાગના રાજ્યોમાં પ્રાથમિક ચૂંટણીઓ યોજાય છે. પ્રાથમિક મતદારો ગુપ્ત મતદાન દ્વારા તેમના મનપસંદ ઉમેદવારની પસંદગી કરે છે. 'કોકસ' એવો તબક્કો છે જેમાં પક્ષના સભ્યો ચર્ચા બાદ મત આપે છે અને શ્રેષ્ઠ ઉમેદવારની પસંદગી કરે છે. ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન માટે અલગ-અલગ ઉમેદવારો ચૂંટાય છે.

# યુક્રેન યુદ્ધ વચ્ચે પુતિનનો મિસાઇલ ઉત્પાદન ફરી શરુ કરવા આદેશ

મોસ્કો : અમેરિકા સાથેની સંધિ ખતમ થવાના પગલે રશિયન પ્રેસિડેન્ટ વ્લાડીમીર પુતિને ઈન્ટરમીડિયેટ રેન્જના મિસાઈલનું ફરીથી ઉત્પાદન શરુ કરવા માટે આદેશ આપ્યો છે. આ સંધિ હેઠળ ઈન્ટરમીડિયેટ રેન્જના મિસાઈલનું ઉત્પાદન પ્રતિબંધિત હતું. ૧૯૮૮માં ગોર્બાચોવ અને રેગને કરેલી સંધિ મુજબ ઈન્ટરમીડિયેટ રેન્જ ન્યુક્લિયર ફોર્સ ટ્રીટી હેઠળ ૫૦૦થી ૫,૫૦૦ કિ.મી.ના મિસાઈલોનું ઉત્પાદન પ્રતિબંધિત હતું. અમેરિકાએ ૨૦૧૯માં રશિયા સાથેની આ સંધિ ખતમ કરી દીધી હતી, રશિયાએ તેનો ભંગ કર્યો હોવાનું કારણ આપીને તેણે આ સંધિ રદ કરી દીધી હતી. પુતિને જણાવ્યું હતું કે અમેરિકાએ આ સંધિ ખતમ કરી દીધી હોવા છતાં પણ રશિયાએ આ મિસાઈલોનું ઉત્પાદન કર્યુ ન હતું, પરંતુ આજે અમેરિકા આ મિસાઈલોનું ફક્ત ઉત્પાદન જ કરી રહ્યું છે એટલું જ નહીં તેને યુરોપ પણ લઈ આવ્યું છે અને તેને લઈને કવાયત કરી રહ્યું છે. તાજેતરમાં જ તેણે ફિલિપાઈન્સમાં પણ આ મિસાઈલ ગોઠવવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત રશિયાએ તેને ત્યાં નાગરિક બનેલા માઈગ્રન્ટ્સમાંથી દસ હજાર લોકોને યુક્રેન મોરચે લડવાની ફરજ પાડી છે. જ્યારે કેટલાક માઈગ્રન્ટ્સે લડવાના બદલે દેશ છોડી જવાનો નિર્ણય કર્યો હતો. રશિયા પર આરોપ છે કે તે સેન્ટ્રલ એશિયન માઈગ્રન્ટ્સને તેના લશ્કરી દળોમાં જોડાવવાની ફરજ પાડી રહ્યું છે. તેણે યુક્રેન સામેના લશ્કરી અભિયાન માટે જબરદસ્ત ભરતી અભિયાન હાથ ધર્યુ છે. તેમા માઈગ્રન્ટ્સ પર પણ નજર દોડાવી છે.



### પ્રેગનન્ટ હોવા છતાં ખોટા કેસમાં જેલ બાદ સજામાં માફી

એજન્સી લંડન તા 01

પૂર્વ પોસ્ટ ઓફિસ મેનેજર સીમા મિશ્રાએ તેના સહકર્મીની માફીનો અસ્વીકાર કર્યો લંડન : બ્રિટનમાં ભારતીય મૂળની આઠ અઠવાડિયાની ગર્ભવતી મહિલાને ખોટા આરોપસર જેલની સજાની ખબર સામે આવી છે. આ મામલો ખોટો હોવાનું સામે આવ્યાના ૩ વર્ષ બાદ મહિલાની માફી માંગવામાં આવી હતી. જે બાદ મહિલાએ કહ્યું કે, માફી માટે મોડું થઈ ગયું છે. એક રિપોર્ટ મુજબ, ૪૭ વર્ષની સીમા મિશ્રાની સજા એપ્રિલ, ૨૦૨૧ના રોજ રદ્દ કરવામાં આવી હતી. કોર્ટે નિર્ણય જાહેર કરતી વખતે કહ્યું હતું કે, મહિલાને ખોટા આરોપસર જેલની સજા ફટકારાઈ હતી. મહિલા પર આરોપ હતો કે તેણે પોસ્ટ ઓફિસના મેનેજર તરીકે કાર્યરત રહીને ૭૫ હજાર પાઉન્ડની ચોરી કરી હતી. સીમા મિશ્રાના જણાવ્યા અનુસાર, પૂર્વ એન્જિનિયર ગેરેથ જેનકિંસે તેની માફી માંગી હતી. પરંતુ, આ માફી બહુ મોડી છે. ગેરેથ જેનકિંસે લેખિતમાં માફી માંગતા લખ્યું છે કે, તેમને ખબર નહતી કે સજાના સમયે મિશ્રા ગર્ભવતી હતી. ઉલ્લેખનીય છે કે, પોસ્ટ ઓફિસ કૌભાંડમાં પૂર્વ ઈજનેર જેનકિંસ મુખ્ય સાક્ષી હતી. સીમા મિશ્રાને દક્ષિણ પૂર્વ ઈંગ્લેન્ડની બ્રોન્ઝફીલ્ડ જેલમાં ચાર મહિના સુધી બંધ રાખવામાં આવી હતી. જે બાદ તેણે ઈલેક્ટ્રોનિક ટેગ પહેરેલા તેના બીજા દિકરાને જન્મ આપ્યો હતો. આ પ્રકારના અનેક કિસ્સાઓ બાદ યુકે સરકારે સેંકડો ડેપ્યુટી પોસ્ટ માસ્ટર્સને લાખો ડોલરનું વળતર આપ્યું હતું.

# ન માની શકાય પરંતુ શી-જિન-પિંગે ઐતિહાસિક પંચશીલ સિદ્ધાંતની પ્રશંસા કરી છે

બૈજિંગ : ન માની શકાય તેવી વાત છે, પંરતુ ચીનના પ્રમુખ શી જિંનપિંગે શુક્રવારે ભારત અને ચીન વચ્ચે થેયલા પંચશીલ કરારોની પ્રશંસા કરી હતી અને તેની સ્વીકૃતિ માટે વૈશ્વિક દક્ષિણના રાષ્ટ્રોને અનુરોધ કર્યો હતો. તે સર્વે વિદિત છે કે દક્ષિણ પૂર્વ અને પૂર્વ એશિયામાં ભગવાન બુધ્ધનો ઘણો જ પ્રભાવ છે. તેઓએ ઇ.સ. પૂર્વે ૭મા સૈકામાં પંચશીલનો સિધ્ધાંત આપ્યો હતો તે પ્રમાણે માનવીને તેનાં જીવનમાં સમ, અહિંસા, અજ્ઞોય, અપરિગ્રહ અને બ્રહ્મકર્મ (લગ્ન પછી પણ સંયમી જીવન પાળવા)નો અનુરોધ કર્યો હતો. તે જ સિદ્ધાંતોને જવાહરલાલ નહેરૂએ નવું સ્વરૂપ આપી અંતર રાષ્ટ્રીય સંબંધોમાં પાંચ સિદ્ધાંતો આપ્યા હતા (૧) પરસ્વરનાં સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનો આદર કરવો (૨) એક બીજા પર આક્રમણ ન કરવું. (૩) એક બીજાની આંતરિક બાબતમાં દખલ ન કરવી (૪) સમાનતા રાખવી અને પરસ્પરને સહાય કરવી (૫) શાંતિ ભર્યું સહ અસ્તિત્વ રાખવું.



વિશ્વ જ્યારે સીધી બે છાવણીમાં વહેંચાઈ ગયું હતું જેવાં એક તરફ અમેરિકામાં નેતૃત્વ નીચેનાં પશ્ચિમનાં રાષ્ટ્રો હતાં તો બીજી તરફ પૂર્વ યુરોપનાં રાષ્ટ્રો, (યુગોસ્લાવિયા સિવાયનાં), સોવિયેત સંઘ, ચીન, મોંગોલિયા, ઉત્તર કોરિયા અને વિયેતનામ (ઉત્તરનો વિસ્તાર)માં મળી ડાબેરી રાષ્ટ્રો હતો. પૂર્વ જર્મનીથી શરૂ કરી એડ્રિયાટિક-સી સુધીનો વિસ્તાર અન્ય યુરોપથી જુદો પડી ગયો હતો. વિન્સન ચર્ચિલે કહ્યું હતું કે ત્યાં આયર્ન-કર્ટન પડી ગયો છે. તેવે સમયે જવાહરલાલ નહેરૂએ ઈજિપ્તના નાસર અને યુગોસ્લાવિયાના માર્શલ ટીટોને સાથે રાખી નોન-એલાઈન્ઝ મુવમેન્ટ (નામ) શરૂ કરી તેમાં ઈન્ડોનેશિયાના પ્રમુખ શાસ્ત્રોતિજોયો સુકર્ણો પણ જોડાયા અને પહેલી નામ પરિષદ ઈન્ડોનેશિયાનાં બાંડુંગમાં યોજાઈ ત્યારે ચીનના વડાપ્રધાન ચાઉ એન લાઈ પણ ઉપસ્થિત હતા. ૨૯-૬-૧૯૫૪ના દિવસે આ પરિષદ યોજાઈ હતી. જો કે આ પછી ૨૦ ઓક્ટો. ૧૯૬૨ના ચીને અચાનક જ આક્રમણ કરી લડાખનો બહુ મોટા વિસ્તાર પર કબજો જમાવી દીધો હતો. પરંતુ તે સમયે નેફા (નોર્થ ઈસ્ટ ફ્રન્ટીયર એજન્સી પર કબ્જો જમાવવાના તેના પ્રયત્નો નિષ્ફળ ગયા હતા. લડાખ અરૂણાચલ પ્રદેશ તથા ડોકલામ અંગે બંને દેશો વચ્ચે મંત્રણાઓ ચાલે છે. લડાખ સંબંધ મંત્રણાના તો ૨૯ બેઠકો બંને દેશોના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે યોજાઈ હતી પંરુત તે પરિણામ રહિત રહી છે.

### જ્યારે હું PM બન્યો ત્યારે મેં ગીતા પર હાથ રાખીને શપથ લીધા હતા, વિપક્ષો પણ મંદિરોની મુલાકાતે

# બ્રિટનમાં ચૂંટણી પહેલા સુનક-અક્ષતા મંદિર પહોંચ્યા



એજન્સી લંડન તા 01

બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનક અને તેમની પત્ની અક્ષતા મૂર્તિ લંડનમાં નીસડન મંદિર પહોંચ્યા અને દેશમાં 4 જુલાઈએ યોજાનારી ચૂંટણીના 4 દિવસ પહેલા પૂજા કરી. શનિવારના રોજ સુનકનો કાફલો મંદિર પરિસરમાં પહોંચતા જ ભીડ દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે મંદિરની મુલાકાત લીધી અને ત્યાં હાજર લોકો સાથે વાતચીત પણ કરી. સુનકે નીસડન મંદિરમાં પણ લોકોને સંબોધિત કર્યા હતા. તેમણે પોતાના ભાષણની શરૂઆત ટી-20 વર્લ્ડ કપમાં ભારતીય ટીમની જીતથી કરી હતી. સુનકે કહ્યું કે આજે તમે ક્રિકેટ મેચના પરિણામથી ખુશ થશો. આના પર ભીડે તાળીઓ પાડી. સુનકે કહ્યું, 'હું પણ તમારી જેમ એક હિંદુ છું. મારી આસ્થા અને આસ્થા મને શક્તિ આપે છે. જ્યારે હું સાંસદ બન્યો ત્યારે મેં ભગવદ ગીતા પર હાથ રાખીને શપથ લીધા હતા. મને આનો ગર્વ છે. મારી શ્રદ્ધા મને શીખવે છે. આપણી ક્રિયાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને પરિણામોની ચિંતા ન કરવી.'સુનક અને અક્ષતાએ પણ ભગવાનની મૂર્તિ પર જળ અર્પણ કર્યું હતું. સુનકના એક દિવસ પહેલા વિપક્ષી નેતા અને લેબર પાર્ટીના નેતા સર કીર સ્ટારર પણ લંડનના એક મંદિરમાં પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે ઘણા બાળકો સાથે વાતચીત કરી અને પૂજામાં પણ ભાગ લીધો. તેઓએ ભગવાનની મૂર્તિ પર જળ પણ અર્પણ કર્યું હતું. પોતાના સંબોધનમાં સ્ટારમેરે કિંગ્સબરી ટેમ્પલને કરુણાના પ્રતીક તરીકે વર્ણવ્યું હતું. સ્ટારમેરે કહ્યું હતું કે જો તેઓ ચૂંટણી જીતશે તો તેમની સરકાર બ્રિટિશ ભારતીય સમુદાય માટે કામ કરશે. બ્રિટનમાં હિન્દુફોબિયા માટે કોઈ સ્થાન નથી. દેશના ભાગલા અથવા તોડવાનું કોઈપણ પગલું સહન કરવામાં આવશે નહીં. બ્રિટનમાં 4 જુલાઈએ સામાન્ય ચૂંટણી યોજાવાની છે. પીએમ સુનકે 22 મેના રોજ તેમના નિવાસસ્થાન 10 ડાઉનિંગ સ્ટ્રીટ પરથી આની જાહેરાત કરી હતી. વડાપ્રધાન તરીકે ઋષિ સુનક પહેલીવાર ચૂંટણીમાં મતદારો સમક્ષ જશે. શાસક કન્ઝર્વેટિવ પાર્ટીએ 2022માં ચૂંટણી પહેલા પીએમના ચહેરાની જાહેરાત કરી ન હતી.સુનક ચૂંટણીમાં લેબર પાર્ટીના નેતા કીર સ્ટારમરનો સામનો કરે છે. સ્ટારમર ઈંગ્લેન્ડમાં જાહેર કાર્યવાહીના ભૂતપૂર્વ ડિરેક્ટર છે અને એપ્રિલ 2020 થી લેબર પાર્ટીના નેતા છે. ઘણા ઓપિનિયન પોલમાં લેબર પાર્ટી સુનાકની કન્ઝર્વેટિવ પાર્ટી કરતા ઘણી આગળ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### મથુરામાં ઓવરહેડ ટાંકી ધરાશાયી, બે લોકોના મોત, ઘણા લોકો ઘાયલ

મથુરા : ઉત્તર પ્રદેશના મથુરામાં રવિવારે સાંજે મહાનગરની BSA કોલેજ પાસે કૃષ્ણ વિહાર કોલોનીમાં લગભગ ત્રણ વર્ષ પહેલા બનેલી પાણીની ઓવરહેડ ટાંકી તૂટી પડી હતી, જેના કારણે ઘણા લોકો ઘાયલ થયા હતા.કાટમાળ નીચે દટાયેલા ત્રણ લોકોને બચાવાયા.ઘટનાસ્થળે માહિતી મળતા જ જિલ્લાધિકારી શૈલેન્દ્ર સિંહ અને એસએસપી શૈલેષ પાંડે તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. કાટમાળ નીચે દટાયેલા ત્રણ લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઓવરહેડ ટાંકી તૂટી પડતા 2 લોકોના મોતના અહેવાલો પણ સામે આવ્યા છે. જિલ્લા મેજિસ્ટ્રેટે કહ્યું કે આ ટાંકી તૂટી પડવી એ એન્જિનિયરિંગનો અભાવ દર્શાવે છે. તપાસના આદેશ આપવામાં આવ્યા છે. ફાયર બ્રિગેડની ટીમે ઘટના સ્થળે પહોંચીને લોકોને બચાવ્યા હતા. NDRFની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

### અયોધ્યા જળમગ્ન : બેદરકારી બદલ છ અધિકારીઓ સસ્પેન્ડ

અયોધ્યા : ઉત્તર પ્રદેશ સરકારે અયોધ્યામાં ૧૪ કિમી લાંબા રામ પથના નિર્માણ અને સડક નીચે ગટર લાઈનના નિર્માણમાં મોટા પાયે બેદરકારી દાખવવાના આરોપમીં પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (પીડબ્યુડી) અને ઉત્તર પ્રદેશ જળ નિગમના છ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે તેમ અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું છે. આ દરમિયાન ફૈઝાબાદથી નવા ચૂંટાયેલા લોકસભા સાંસદ અવધેશ પ્રસાદે અયોધ્યામાં ૧૪ કિમી લાંબા રામપથના નિર્માણ અને સડકની નીચે ગટર લાઈનના નિર્માણમાં ભારે બેદરકારી દાખવવા બદલ ઉચ્ચસ્તરીય તપાસની માગ કરી છે. અયોધ્યામાં શનિવાર અને મંગળવારની રાત પડેલા વરસાદમાં રામપથના કિનારે આવેલ લગભગ ૧૫ શેરીઓ અને સડકો પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. રામપથના કિનારે આવેલા ઘરોમાં વરસાદનું પાણી ઘૂસી ગયું હતું. રામપથનો ૧૪ કિમી લાંબો માર્ગના એક ડઝનથી વધુ વિસ્તારોમાં જમીન ધસી પડી હતી.

ઉલ્લેખનીય છે કે શનિવારે અવધેશ પ્રસાદ અને સમાજવાદી પાર્ટી જિલ્લા પ્રમુખ પારસનાથ યાદવ તથા તેમની ટીમે રામ પથ અને અયોધ્યાના અન્ય વિસ્તારોની મુલાકાત લીધી હતી.આ ટીમે શ્રીરામ હોસ્પિટલની પણ મુલાકાત હતી. ઉલ્લેખનીય છે કે આ હોસ્પિટલમાં પણ પાણી ભરાયા હતાં. પત્રકારો સાથેની વાતચીતમાં પ્રસાદે જણાવ્યું હતું કે કેટલા લોકો જવાબદાર છે, કોણ જવાબદાર છે આ તમામ વસ્તુઓ સ્પષ્ટ થવી જોઈએ. કેટલાક લોકો સામે કાર્યવાહી કરવી પૂરતું નથી. રામ પથ નિર્માણમાં થયેલી અનિયમિતતા ઘણા લોકોની સંડોવણી હોવાની સંભાવના છે.

### મહિલાને રસ્તા વચ્ચે બેરહેમીથી મારવામાં આવી, વીડિયો વાયરલ

પશ્ચિમ બંગાળ: પશ્ચિમ બંગાળના ચોપરા બ્લોકમાં રસ્તાની વચ્ચે એક મહિલા અને પુરુષને લાકડી વડે મારનાર વ્યક્તિની પોલીસે ધરપકડ કરી છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ કાંગારુ કોર્ટ દ્વારા ગેરકાયદેસર સજાનો મામલો હોવાનું કહેવાય છે. નવાઈની વાત એ છે કે જ્યારે મહિલાને રસ્તા પર માર મારવામાં આવી રહ્યો હતો ત્યારે ત્યાં ઉભેલી ભીડ માત્ર દર્શક બની રહી હતી.વિપક્ષી પાર્ટીઓ સીપીએમ અને બીજેપીએ કહ્યું છે કે આ વીડિયો ઉત્તર બંગાળના ઉત્તર દિનાજપુર જિલ્લાના ચોપરાનો છે. આ ઘટના શનિવાર કે રવિવારે બની હોવાનું જાણવા મળે છે.વીડિયોમાં, એક વ્યક્તિ એક મહિલાને વારંવાર લાકડીઓ વડે મારતો જોવા મળે છે અને ભીડ ચૂપચાપ તમાસો જોઈ રહી છે. મહિલા પીડાથી ચીસો પાડે છે, પરંતુ પુરુષ હુમલો કરવાનું ચાલુ રાખે છે. પછી તે એક માણસ તરફ વળે છે અને તેને પણ મારવા લાગે છે. ભીડના મોટાભાગના સભ્યો હુમલાને રોકવાના પ્રયાસને બદલે હુમલાખોરને મદદ કરતા જોવા મળે છે. એક સમયે, પુરુષ મહિલાના વાળ પકડી લે છે અને લાતો મારે છે. સીપીએમ અને બીજેપીના નેતાઓના જણાવ્યા અનુસાર, હુમલાખોર સ્થાનિક મજબૂત તાજેમુલ છે, જે તૃણમૂલ કોંગ્રેસ (TMC)નો છે અને સ્થાનિક વિવાદોને ‘ત્વરિત ન્યાય’ આપવા માટે જાણીતો છે.

### મહારાષ્ટ્રને 64 વર્ષના ઈતિહાસમાં મળ્યા પ્રથમ મહિલા મુખ્ય સચિવ,કોણ છે સુજાતા સૌનિક?

નવી દિલ્હી: IAS સુજાતા સૌનિકને મહારાષ્ટ્રના મુખ્ય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રાજ્યના 64 વર્ષના ઈતિહાસમાં આ પદ સંભાળનાર તેઓ પ્રથમ મહિલા બન્યા છે. તેમની નિમણૂક એકનાથ શિંદે દ્વારા કરવામાં આવી છે. સુજાતા સૌનિક 1987 બેચના IAS અધિકારી છે. સુજાતા પહેલા તેમના પતિ મનોજ સૌનિક પણ રાજ્યના મુખ્ય સચિવનું પદ સંભાળી ચૂક્યા છે. સુજાતા સૌનિકનો મુખ્ય સચિવ તરીકેનો કાર્યકાળ એક વર્ષનો રહેશે અને તેઓ જૂન 2025માં નિવૃત્ત થશે. તેમણે રવિવારે મુખ્ય સચિવ નીતિન કરીર પાસેથી ચાર્જ સંભાળ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સુજાતા સૌનિક રાજ્યના સિનિયર IAS ઓફિસર છે અને રિટાયર્ડ IAS ઓફિસર મનોજ સૌનિકની પત્ની છે. આ સિવાય મનોજ સૌનિક અગાઉ રાજ્યના મુખ્ય સચિવના પદ પર કામ કરી ચૂક્યા છે. સુજાતા સૌનિકની નિમણૂક સાથે આ પ્રથમ વખત બનશે જ્યારે પતિ-પત્ની મુખ્ય સચિવ હશે.મહારાષ્ટ્રની એકનાથ શિંદે સરકાર દ્વારા નીતિન કરીરને ત્રણ મહિનાનો વધારાનો કાર્યકાળ આપવામાં આવ્યો હતો. તે સમયગાળો પૂરો થયા બાદ હવે આ પદ પર સુજાતા સૌનિકની નિમણૂક કરવામાં આવી છે. આ દરમિયાન એવી ચર્ચા હતી કે નીતિન કરીરનો કાર્યકાળ ફરી એકવાર લંબાવવામાં આવશે પરંતુ તેમ કરવાને બદલે રાજ્ય સરકાર દ્વારા સુજાતા સૌનિકની નિમણૂક કરવામાં આવી છે.

**1990થી 2014 સુધી ડેપ્યુટી સ્પીકરનું પદ પણ સત્તાધારી પક્ષ પાસે હતું. જ્યારે ડેપ્યુટી સ્પીકરનું પદ 2019 થી 2024 સુધી ખાલી હતું**

# વિપક્ષની મોટી ચાલ, NDAનું ગણિત બગાડ્યું, મમતાએ ભાજપ-કોંગ્રેસનું ટેન્શન વધારતી ભલામણ કરી



(એજન્સી) નવી દિલ્હી | તા 01

અગાઉ લોકસભા અધ્યક્ષ પદ માટે સત્તાધારી પક્ષ એનડીએ અને વિપક્ષ વચ્ચે ભારે રસાકસી થઈ હતી. જ્યારે હવે વિપક્ષે ડેપ્યુટી સ્પીકર પદ માટે પોતાનો દાવો કરવાનું શરૂ કરી દીધું છે. આ અંગે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને મમતા બેનરજી વચ્ચે ફોન પર વાતચીત પણ થઈ હતી.

સૂત્રોનું માનીએ તો મમતા બેનરજીએ સાંસદ અવધેશ પ્રસાદને ડેપ્યુટી સ્પીકર બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. અવધેશ પ્રસાદ એ જ સાંસદ છે જેઓ અયોધ્યાથી લોકસભા ચૂંટણી જીત્યા હતા અને તેઓ દલિત સમુદાયમાંથી આવે છે.

વિપક્ષને ડેપ્યુટી સ્પીકરનું પદ મળવાની પરંપરા રહી છે. આવી સ્થિતિમાં એવું માનવામાં આવે છે કે અવધેશ પ્રસાદ ભાજપ માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. અવધેશ પ્રસાદ સપાની ટિકિટ પર અયોધ્યાથી સાંસદ બન્યા હતા. મમતા બેનરજીએ બિનકોંગ્રેસી વિપક્ષના ઉમેદવારનું નામ આગળ કર્યું છે. સામાન્ય રીતે શાસક પક્ષ લોકસભા અધ્યક્ષનું પદ ધરાવે છે, જ્યારે વિપક્ષને ડેપ્યુટી સ્પીકરનું પદ આપવામાં આવે છે. જોકે, 1990થી 2014 સુધી ડેપ્યુટી સ્પીકરનું પદ પણ સત્તાધારી પક્ષ પાસે હતું. જ્યારે ડેપ્યુટી સ્પીકરનું પદ 2019 થી 2024 સુધી ખાલી હતું. ડેપ્યુટી સ્પીકર પાસે સ્પીકરની સમાન કાયદાકીય સત્તાઓ હોય છે. આ સિવાય ડેપ્યુટી ચેરમેન મૃત્યુ, માંદગી કે અન્ય કોઈ કારણસર અધ્યક્ષની ગેરહાજરીમાં વહીવટી સત્તાઓ પણ સંભાળે છે. એક જવાબદાર લોકશાહી સંસદ ચલાવવા માટે, એવી સંસદીય પરંપરા રહી છે કે લોકસભાના ઉપાધ્યક્ષને સત્તાધારી પક્ષ સિવાયના પક્ષમાંથી પસંદ કરવામાં આવે. જો કે, હજુ સુધી સરકાર તરફથી એવો કોઈ સંકેત મળ્યો નથી કે આ પદ 18મી લોકસભામાં પણ ભરવામાં આવશે. તમને જણાવી દઈએ કે 17મી લોકસભામાં કોઈ ડેપ્યુટી સ્પીકર નહોતા, આઝાદી પછી પહેલીવાર આવું બન્યું હતું.

**17મી લોકસભામાં કોઈ ડેપ્યુટી સ્પીકર નહોતા, આઝાદી પછી પહેલીવાર આવું બન્યું હતું**

# NEET મુદ્દે ચર્ચા કરવા સરકાર નથી તૈયાર! વિપક્ષે લોકસભામાંથી કર્યું વૉકઆઉટ

(એજન્સી) નવી દિલ્હી | તા 01

18 મી લોકસભાના પ્રથમ સત્રના બીજા સપ્તાહમાં પણ ભાજપ નેતૃત્ત્વવાળી એનડીએ સરકાર અને વિપક્ષની વચ્ચે હોબાળોની સ્થિતિ સંસદમાં યથાવત્ છે. આજથી સંસદની કાર્યવાહી ફરી શરૂ થઈ હતી. સરકારની મુશ્કેલી વધારતાં વિપક્ષે સંસદની બહાર NEET પર એક દિવસ ચર્ચાની માગ સાથે દેખાવો કર્યા હતા. રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચા કરવાની જગ્યાએ વિપક્ષે NEET, તપાસ એજન્સીઓના દુરુપયોગ જેવા મુદ્દાઓ પર સત્તાપક્ષ ભાજપને ઘેર્યો હતો. વિપક્ષ વતી રાહુલ ગાંધીએ લોકસભામાં માગ કરી હતી કે એક દિવસ માટે NEET મુદ્દે ચર્ચા કરવામાં આવે. પરંતુ સરકાર એ માટે તૈયાર ન થતાં વિપક્ષે આખરે વૉકઆઉટ કર્યું હતું.



લોકસભામાં વિપક્ષના વૉકઆઉટ બાદ રાજ્યસભામાં પણ ભારે હોબાળો યથાવત્ રહ્યો હતો. જ્યાં કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેએ રાષ્ટ્રપતિના ભાષણના જવાબમાં પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. તેમણે કહ્યું કે જ્યારે અમે ખેડૂતોની વાત કરીએ છીએ ત્યારે મોદી ભેંસ ઉપાડી જવાની વાત કરે છે. જ્યારે અમે ભાજપની ભાગલા પાડવાની વાત કરીએ છીએ ત્યારે મોદીજીઔરંગઝેબની વાત શરૂ કરે છે, જ્યારે અમે પેપર લીકની વાત કરીએ છીએ ત્યારે મોદી મંગલસૂત્રની વાત શરૂ કરે છે. જ્યારે અમે રોજગારની વાત કરીએ છીએ ત્યારે મોદી મન કી બાત કરવા લાગે છે. ઈતિહાસને લગતા નિર્ણયો લેવામાં જનતા સક્ષમ છે. જૂઠું બોલવું, લોકોમાં ભાગલા પાડવું, આ બધું પહેલીવાર બન્યું છે. આ પહેલા કોઈ વડાપ્રધાને આ કામ કર્યું નથી. ખડગેએ વિદેશી મીડિયાના કવરેજનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે વિશ્વગુરુ વિશે આપણે નહીં પરંતુ વિશ્વના લોકો બોલી રહ્યા છે. પીએમે ચૂંટણીમાં જે વાતો કહી તે નફરતભર્યા શબ્દો હતા.

રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ અંગે ચર્ચાની શરૂઆત કરતાં રાજ્યસભામાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેએ કહ્યું કે પડકારોનો સામનો કઈ રીતે કરાશે તે અંગે જણાવવાનું હતું પણ રાષ્ટ્રપતિના અભિભાષણમાં કોઈ વિઝન જ નહોતું. તેમનું અભિભાષણ ફક્ત સરકારની પ્રશંસા કરનારું હતું. તેમાં પાયાની સુવિધાઓની અવગણના કરવામાં આવી. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે આપણે સાથ મળીને કામ કરીશું પણ છેલ્લાં 10 વર્ષ જોશો તો ખબર પડશે કે આ ફક્ત ભાષણોમાં જ હતું. સત્તાપક્ષ દ્વારા NEET મુદ્દે ચર્ચા કરવા કોઈ તૈયારી ન બતાવાતા વિપક્ષે હોબાળો મચાવ્યો અને આખરે લોકસભામાંથી વૉકઆઉટ કરવાનો નિર્ણય લીધો. વિપક્ષના નેતા રાહુલ ગાંધી લગભગ 12:15 વાગ્યે રાષ્ટ્રપતિ મુર્મૂના અભિભાષણ સામે પોતાનો પક્ષ રજૂ કરશે. સંસદે ભારતીય ક્રિકેટ ટીમને અભિનંદન પાઠવ્યા લોકસભા સ્પીકર ઓમ બિરલાએ સંસદ વતી ભારતીય ક્રિકેટ ટીમને T-20 વર્લ્ડ કપ જીતવા બદલ અભિનંદન પાઠવ્યા.I.N.D.I.A ગઠબંધને તપાસ એજન્સીઓના દુરુપયોગ સામે કર્યા દેખાવ કેન્દ્રીય તપાસ એજન્સીઓ જેમ કે ઈડી, સીબીઆઈ, ઈન્કમ ટેક્સ વિભાગના દુરુપયોગનો આરોપ મૂકતાં I.N.D.I.A ગઠબંધનના સાથીઓએ સંસદના ગેટ પર જ દેખાવો શરૂ કરી દીધા હતા. આ દેખાવોમાં રાહુલ ગાંધી પણ જોડાયા હતા.

**અમરનાથ યાત્રા વચ્ચે મોટી ઘટના**

## જમ્મુ-કાશ્મીરના રિયાસીમાં મંદિરમાં તોડફોડ, 12 શકમંદોની ધરપકડ

(એજન્સી) નવી દિલ્હી | તા 01

જમ્મુ-કાશ્મીરમાં અમરનાથ યાત્રા શરૂ થઈ છે તેવા સમયે રિયાસીમાં એક મંદિરમાં તોડફોડ કરીને વાતાવરણ ડહોળવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ ઘટનામાં ત્રણ શકમંદોની અટકાયત કરાઈ છે. હાલ સ્થિતિ નિયંત્રણમાં છે. બીજીબાજુ રિયાસીમાં આતંકી હુમલા મુદ્દે એનઆઈએએ પાંચથી વધુ સ્થળો પર દરોડા પાડયા હતા અને જપ્ત કરાયેલી વસ્તુઓની તપાસ પણ શરૂ કરી દીધી છે. જમ્મુ-કાશ્મીરમાં હજુ તો શનિવારથી પારંપરિક અમરનાથ યાત્રા શરૂ થઈ છે તેવામાં કેન્દ્ર શાસિત પ્રદેશમાં હિન્દુ-મુસ્લિમો વચ્ચે સૌહાર્દપૂર્ણ વાતાવરણ ડહોળવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જમ્મુ-કાશ્મીરના રઈસી જિલ્લામાં કેટલાક અજાણ્યા લોકોએ રવિવારે એક મંદિરમાં તોડફોડ કરી હતી. આ ઘટનાથી ગુસ્સે ભરાયેલા સ્થાનિક હિન્દુ અને મુસ્લિમોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.રિયાસીના એએસપી મોહિતા ઈફ્તેખારે કહ્યું કે, આ મંદિર ધર્માડી વિસ્તારમાં સ્થિત છે. મંદિરમાં તોડફોડ કરી હતી. આ ઘટનાના કારણે તણાવ ફેલાતા પોલીસે એસઆઈટીની રચના કરી ૧૨ લોકોની અટકાયત કરી હતી જ્યારે નાયબ પોલીસ કમિશનર વિશેષ પૌલ મહાજને દેખાવકારોને ગુનેગારો સામે આકરાં પગલાં લેવાની ખાતરી આપતા વાતાવરણ શાંત થયું હતું. પોલીસે અજાણ્યા લોકો વિરુદ્ધ એફઆઈઆર નોંધી તપાસ હાથ ધરી છે. મંદિરમાં તોડફોડ પછી દેખાવો કરી રહેલા સ્થાનિક લોકોએ કહ્યું કે, આ જિલ્લામાં વર્ષો જૂના ભાઈચારામાં ભંગાણ પડાવવા અને સ્થાનિક સ્તરે વાતાવરણ ડહોળવા માટે આ તોડફોડ કરાઈ છે, પરંતુ વિકાસની કામગીરીને નુકસાન પહોંચાડીને હિન્દુ-મુસ્લિમોના ભાઈચારામાં અવરોધો ઊભા કરવાના પ્રયત્નોને અમે સાંખી નહીં લઈએ. દરમિયાન રિયાસીમાં શિવ ખેરા જતી શ્રદ્ધાળુઓની બસ પર આતંકી હુમલાની ઘટનામાં તપાસ કરી રહેલી નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ રવિવારે પાંચ સ્થળો પર દરોડા પાડયા હતા અને તલાશી લીધી હતી.

## અમેરિકાથી એકદમ વિપરિત ભારતીયો શિક્ષણ કરતાં લગ્નો પાછળ કરે છે બમણો ખર્ચ, ચોંકાવનારો રિપોર્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા 01

ભારતમાં શિક્ષણ પાછળ જેટલો ખર્ચો નથી કરાતો તેનાથી અનેક ગણો વધુ ખર્ચો લગ્નો પાછળ કરવામાં આવે છે. ભારતીય લગ્ન ઉદ્યોગનો વ્યાપ 10 લાખ કરોડ રૂપિયા માનવામાં આવે છે જે ખાદ્ય અને કરિયાણા બાદ બીજા ક્રમે આવે છે. એક રિપોર્ટ અનુસાર આમ ભારતીય શિક્ષણ કરતા લગ્ન સમારોહની પાછળ બેગણો વધુ ખર્ચો કરી નાખે છે. રિપોર્ટ મુજબ ભારતમાં વર્ષે 80 લાખથી એક કરોડ જેટલા લગ્નો થાય છે, જ્યારે ચીનમાં આ સંખ્યા 70 થી 80 લાખ અને અમેરિકામાં 20થી 25 લાખની છે. બ્રોકરેજ ફર્મ જેફરીઝના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ભારતીય લગ્ન ઉદ્યોગ અમેરિકા (70 અબજ અમેરિકી ડોલર)ના ઉદ્યોગના આકારના લગભગ બેગણો છે. જોકે આ ચીન (170 અબજ અમેરિકી ડોલર)થી નાનો છે. ભારતમાં ખપત ક્ષેણીમાં લગ્ન બીજા ક્રમે છે, જો લગ્ન પણ એક કેટેગરી માનવામાં આવતી તો તે ખાદ્ય અને કિરાણા (681



અબજ અમેરિકી ડોલર) બાદ સૌથી મોટી કેટેગરી માનવામાં આવતી હોત. ભારતમાં લગ્નો પાછળ અન્ય દેશો કરતા વધુ ખર્ચ કરવામાં આવે છે, જે પાછળનું કારણ આભૂષણો અને જ્વેલરી પણ માનવામાં આવે છે. જોકે લગ્નો પાછળ થતા ખર્ચાને કારણે જ્વેલરી અને કપડા માર્કેટ તેમજ આડકતરી રીતે ઓટો તેમજ ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગને પણ ફાયદો થાય છે. જોકે શિક્ષણ કરતા લગ્નો પાછળ વધુ ખર્ચો કરવો અયોગ્ય પણ માનવામાં આવે છે. કેમ કે અમેરિકા જેવા દેશોમાં લગ્નો કરતા શિક્ષણ પાછળ વધુ ખર્ચો કરવામાં આવે છે. અમેરિકામાં શિક્ષણ કરતા અડધો ખર્ચો લગ્નો પાછળ કરવામાં આવે છે. જ્યારે ભારતમાં શિક્ષણ કરતા બમણો ખર્ચો લગ્નો પાછળ કરવામાં આવે છે.

## નવા કાયદા મુજબ નોંધાઇ પ્રથમ FIR, રેલવે સ્ટેશન પાસે ગુટખા વેચી રહ્યો હતો વ્યક્તિ

(એજન્સી) નવી દિલ્હી | તા 01

ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) અંતગર્ત સેંટ્રલ દિલ્હીના કમલા માર્કેટ પોલીસ મથકમાં નવા કાયદા મુજબ સોમવાર (1 જુલાઇ) ના રોજ પ્રથમ એફઆઈઆર નોંધાઈ છે. મોડી રાત્રે પેટ્રોલિંગ કરી રહેલી પોલીસની ટીમે જોયું કે નવી દિલ્હી રેલવે સ્ટેશન પાસે એક વ્યક્તિ રસ્તા વચ્ચે રેકડી લગાવી છે. તેના પર પાણી અને ગુટખા વેચી રહ્યો છે. તેના લીધે લોકોને અવર-જવરમાં સમસ્યા ઉભી થઇ રહી છે. ત્યારબાદ પોલીસે આ વ્યક્તિ વિરૂદ્ધ બીએનએસ અંતગર્ત પ્રથમ એફઆઈઆર નોંધી છે. પોલીસે ઘણીવાર રેકડી લગાવીને વેચાણ કરનાર વ્યક્તિને ત્યાં હટી જવા માટે કહ્યું, જેથી કરીને રસ્તો સાફ થઇ જાય અને લોકોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ઉભી ન થાય. જોકે તે પોલીસકર્મીની વાતને નજરઅંદાજ કરતો રહ્યો અને તેને મજબૂરી કહી અને ત્યાં જતો રહ્યો. ત્યારબાદ પોલીસે તેનું નામ અને સરનામુ પૂછીને નવા કાયદા બીએનએસની કલમ 285 અંતગર્ત એફઆઈઆર નોંધી તપાસ શરૂ કરી દીધી છે.


## પૃથ્વીની નજીકથી બે લઘુગ્રહો પસાર થયા, 50 લાખલઘુગ્રહો પૃથ્વીને પહોંચાડી શકે છે નુકસાન

### પૃથ્વી સામે અથડામણનું જોખમ ઊભુ કરતા લઘુગ્રહોની દિશા વાળવા વિશ્વની અવકાશી એજન્સીઓ કાર્યરત

(એજન્સી) નવી દિલ્હી | તા 01

વર્ચ્યુઅલ ટેલીસ્કોપ પ્રોજેક્ટના એસ્ટ્રોફીઝીસીસ્ટ ગિયાનલુકા મેસીએ જાણકારી આપી કે, આશરે 200 મીટરનો વ્યાસ ધરાવતો લઘુગ્રહ 2024 MK પૃથ્વીથી ત્રણ લાખ કિલોમીટર નજીક આવ્યો હતો. આ અંતર ચંદ્રથી 77 ટકા જેટલું થાય. લઘુગ્રહ 2024 MK ની શોધ 16 જૂને જ થઈ હતી. બીજા લઘુગ્રહ UL 21ની પહોળાઈ 2.3 કિલોમીટર હતી અને તે પૃથ્વીથી 66 લાખ કિલોમીટરના અંતરેથી પસાર થયો. આ અંતર પૃથ્વીથી ચંદ્રના અંતર કરતા 177 ગણુ કહેવાય. આંતરરાષ્ટ્રીય લઘુગ્રહ દિવસ યુનોના સમર્થનથી 1908માં બનેલી ટુનગુસ્કા ઘટનાની યાદમાં મનાવવામાં આવે છે. આ દિવસે સૌથી મોટો લઘુગ્રહ પૃથ્વી સાથે અથડાયો હતો.

સૌર્ય મંડળની રચનાના અવશેષો ગણાતા લઘુગ્રહોની સંખ્યા અબજોમાં હોય છે અને આપણી પૃથ્વીની રક્ષા માટે તેનું ઝીણવટ ભર્યું નિરીક્ષણ જરૂરી બને છે. આવા વિશાળ લઘુગ્રહો પૃથ્વીથી નજીક પસાર થવાની ઘટના લગભગ દરેક દાયકામાં બને છે. આ લઘુગ્રહો 1900થી પૃથ્વીના 75 લાખ કિલોમીટરના અંતરની અંદર આવેલા ટોચના દસ સૌથી મોટામાં પણ હતા. એક અંદાજ મુજબ પૃથ્વીથી નજીક ગણી શકાય તેવા 20 મીટરથી વધુ મોટા આશરે 50 લાખ લઘુગ્રહો છે જે પૃથ્વીને નુકસાન પહોંચાડી શકે. આથી જ પૃથ્વીની સુરક્ષાના પ્રોજેક્ટ તરીકે ESA ઓક્ટોબરમાં હેરા મિશન શરૂ કરશે. હેરા લઘુગ્રહ ડિમોરફોસનો વિગતવાર



સર્વે કરશે. આ લઘુગ્રહને 26 સપ્ટેમ્બર, 2022માં NASA એ લક્ષ્યાંક બનાવ્યો હતો. ડબલ એસ્ટેરોઈડ રિડાયરેક્શન ટેસ્ટ (DART) દ્વારા નાસાએ પ્રથમ વાર લઘુગ્રહ પર એવી રીતે પ્રહાર કર્યો કે તેની દિશા બદલાઈ ગઈ. DART મિશનમાં સામેલ બેંગલુરુ સ્થિત વૈજ્ઞાનિક ક્રિસફીન કાર્થિકે જણાવ્યું કે, ભવિષ્યમાં સંભવિત ઘટના સામે તૈયાર થવામાં DART મિશન મહત્વનું પગલું છે. માનવામાં આવે છે કે, લગભગ છ કરોડ વર્ષ અગાઉ ડાયનોસારનો નાશ પૃથ્વી સાથે લઘુગ્રહની અથડામણને કારણે જ થયો હતો.

## કોઇ પણ પોલીસ સ્ટેશનમાં ઝિરો એફઆઇઆર કરી શકાશે, દિવ્યાંગો, બાળકો-વૃદ્ધોને પોલીસ ઘરે મદદ પુરી પાડશે

(એજન્સી) નવી દિલ્હી | તા 01

1 જુલાઈ સોમવારથી સમગ્ર દેશમાં ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ નામના ત્રણ નવા કાયદા અમલમાં આવી ગયા છે. જ્યારે બ્રિટિશ કાળના ત્રણ કાયદા આઈપીસી, સીઆરપીસી અને ઈન્ડિયન એવિડેંસ એક્ટનો હવે અંત આવી ગયો છે. જુના કાયદાઓના નામ સહિતના ફેરફારો સાથે નવા કાયદા સમગ્ર દેશના પોલીસ સ્ટેશનો અને કોર્ટ સહિત તમામ જરૂરી કચેરીઓમાં તેનો અમલ કરવામાં આવશે. સરકારના જણાવ્યા મુજબ નવા કાયદા હેઠળ ઝડપથી ન્યાય થશે. નવા કાયદાઓમાં ઓનલાઇન પોલીસ ફરિયાદ, ઝીરો એફઆઈઆર, ગંભીર ગુનાના સ્થળની ફરજિયાત વીડિયોગ્રાફી સહિતના ફેરફારો કરવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું હતું કે આ ત્રણ કાયદા ભારતીયો દ્વારા ભારતીયો માટે ભારતીય સંસદ દ્વારા તૈયાર કરાયા છે. નવા કાયદા મુજબ કોર્ટમાં ટ્રાયલ પૂર્ણ થાય તેના ૪૫ દિવસમાં ચુકાદો આપવાનો રહેશે જ્યારે પ્રથમ સુનાવણીના ૬૦ દિવસમાં આરોપો ઘડવાના રહેશે. બળાત્કાર પીડિતાનું નિવેદન તેના માતા પિતા કે સગા સંબંધીની હાજરીમાં મહિલા પોલીસ અધિકારી દ્વારા રેકોર્ડ કરવામાં આવશે. જ્યારે રેપના કેસમાં મેડિકલ રિપોર્ટ સાત દિવસમાં રજુ કરવાનો રહેશે. મહિલાઓ અને બાળકો વિરુદ્ધના અપરાધોમાં નવુ ચેપ્ટર ઉમેરવામાં આવ્યું છે, હવેથી બાળકોની ખરીદી અને વેચાણ જઘન્ય અપરાધ ગણાશે. જ્યારે સગીરા પર બળાત્કારના કેસમાં ફાંસી અથવા આજીવન કેદની સજા થશે. જોકે પોક્સો કાયદા હેઠળ હાલ પણ આ સજાની જોગવાઇ છે.

આ ઉપરાંત આઈપીસીની કલમોને ૫૧૧થી ઘટાડીને નવા કાયદામાં ૩૫૮ કરવામાં આવી છે. કેટલીક કલમોને એકબીજાની સાથે જોડી દેવામાં આવી છે જેથી સંખ્યા ઘટી ગઈ છે.


**ઉત્તર મધ્ય રેલવે**

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નંબર :- 01/2024-25 તારીખ :- 28-06-2024

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ**

ભારતના વરિષ્ઠ મટિરિયલ મેનેજર, ઉત્તર મધ્ય રેલવે, ઝાંસીના પ્રમુખ વતી નીચેની આઈટમ માટે ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર આમંત્રિત કરે છે.

| ટેન્ડર નં. | સંક્ષિપ્ત વર્ણન | જથ્થો |
|---|---|---|
| 54245200A | AC લોકોમોટિવ M/s CGL માં વપરાતી MCP 14 HO, 415 V, 3 તબક્કાની સહાયક મોટર માટે રોટર 975 RPM ફ્રેમ નંબર 180L માટે યોગ્ય બનાવે છે. , બિડાણ IP 55 રેટ કરેલ વર્તમાન 23 Amp, ફ્રિક્વન્સી 50HZ અને ઈન્સ્યુલેશન ક્લાસ H સાથે આંતરિક ગ્રીસ કપ. | 04 નંગ |

ટેન્ડર બંધ થવાની /ખુલવાની તારીખ :-/25-07-2024 નોંધ :- ઉપરોક્ત ઈ-પ્રોક્યોરમેન્ટની સંપૂર્ણ માહિતી IREPS ની વેબસાઈટ https://www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. 1122/24(K)

@ CPRONCR @northcentralrailway North central railways www.ncr.indianrailways.gov.in

**ઉત્તર મધ્ય રેલવે**

ઈ-ટેન્ડર નં. JHS-ENGG-N-2024-129

**ઈ-ટેન્ડર નોટિસ**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (વર્કસ) એન.સી. રેલ્વે, ઝાંસી ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરીંગ) દ્વારા સીલબંધ ‘ઓપન ટેન્ડર‘ આમંત્રિત કરે છે.

**અંદાજે કિંમત:** 6489662.99 **બાનાની રકમ:** 129800.00

**કામનું વર્ણન:** 02 વર્ષના સમયગાળા માટે ADEN/GWL સબ ડિવિઝન હેઠળના LHSs ખાતે અન્ય આનુષંગિક કાર્યો સાથે પાણીની વ્યવસ્થા પમ્પિંગ.

**ટેન્ડર બંધ કરવાની તારીખ:** 24/07/2024 15:00 કલાકે., **પૂર્ણ થવાની તારીખ / ઈસ્યુ સ્વીકૃતિ પત્રથી અવધિ:** 24 મહિના • સંપૂર્ણ વિગતો માટે, ટેન્ડર ઓનલાઈન 24.07.2024ના રોજ 15:00 કલાક સુધી સબમિટ કરી શકાય છે. • બિડ સબમિટ કરવા કૃપા કરીને ભારતીય રેલ્વે વેબસાઈટ www.ireps.gov.in જુઓ. 1142/24(AN)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @ CPRONCR

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

નં. MD/SBI/183/SBI(H)REGISTRATION/LP SURGICALS તા.27/06/2024

**એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ**

**પશ્ચિમ રેલવે, ડિવિઝનલ હોસ્પિટલ, સાબરમતી, અમદાવાદ-380019 માટે તાત્કાલિક/રોજબરોજની છુટક આપૂર્તિ માટે સર્જીકલ આઈટમ્સના છુટક વિક્રેતાના રજીસ્ટ્રેશન/એમ્પેનલમેન્ટ માટે જાહેરનામું**

ચીફ મેડિકલ સુપ્રિટેન્ડન્ટ, ડિવિઝનલ રેલવે હોસ્પિટલ, સાબરમતી નીચે આપેલી શરતો મુજબ રોજ બરોજના ધોરણે ડિવિઝનલ હોસ્પિટલ, ન્યુ રેલવે કોલોની, સાબરમતી, અમદાવાદ ખાતે સર્જીકલ આઈટમ્સની આપૂર્તિ કરવા માટે છુટક વિક્રેતાઓને એમ્પેનલ/રજીસ્ટર કરવા ઈચ્છે છે :

1. વિક્રેતા પાસે માન્ય ડ્રગ લાયસન્સ / GST નં. / માન્ય ટ્રેડ લાયસન્સ હોવું જોઈએ.
2. ટેન્ડરનું 2વર્ષ માટે અંદાજિત મૂલ્ય ₹ 19,48,060/- છે.
3. છેલ્લા પૂર્ણ થયેલા ત્રણ નાણાંકિય વર્ષ માટે વિક્રેતાનું સરેરાશ વાર્ષિક ટર્નઓવર ટેન્ડર ખુલવાની તારીખ પહેલાં ₹ 29,22,090/- ને સમાંતર અથવા એના કરતાં વધારે (>=) હોવું જોઈએ.
4. વિક્રેતાએ છેલ્લા ત્રણ નાણાંકિય વર્ષમાંથી ઓછામાં ઓછા બે વર્ષમાં નફો દર્શાવેલો હોવો જોઈએ. CA દ્વારા પ્રમાણિત કરેલું જ પાકું સરવૈયું નફા-નુકશાન ખાતું આપવાનું રહેશે.
5. વિક્રેતાએ સર્જીકલ આઈટમ્સની આપૂર્તિ 24 કલાકમાં કરવાની રહેશે.
6. ઈમરજન્સીના મામલામાં તરત જ તાત્કાલિક આપૂર્તિની ખાતરી આપવાની રહેશે.
7. વિક્રેતાએ ડિલીવરી વિના મૂલ્યે કરવાનું રહેશે.
8. પ્રવર્તમાન સૂચનાઓ મુજબ, વિક્રેતાઓ પાસેથી ભાવ કોન્ટ્રાક્ટના વાર્ષિક અંદાજિત મૂલ્યના આધારે EMD/ સિક્યોરીટી ડિપોઝીટ લેવામાં આવશે.

જો ઈચ્છુક હોવ, તો તમારે **તા.18/07/2024 ના 11.00 કલાકે** અથવા એ પહેલાં જ https://www.ireps.gov.in પર માત્ર ઓનલાઈન મારફતે તમારી બિડ રજૂ કરવાની રહેશે.

ચીફ મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ
ડિવિઝનલ રેલવે હોસ્પિટલ,
ન્યુ રેલવે કોલોની, સાબરમતી, અમદાવાદ-380 019.

ADI-093

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## ગાંધીનગર જિલ્લામાં એક સાથે 20 ASI વયનિવૃત

ગાંધીનગર જિલ્લામાં અલગ અલગ પોલીસ મથકમાં ફરજ બજાવતા 20 આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરો ગઈકાલે 30 જુનના રોજ એકસાથે વય નિવૃત્ત થયા છે. જોગાનુજોગ આ તમામ આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરોનો જન્મ 1966 ના વર્ષમાં જુન મહિનામાં થયો છે. આ તમામ પોલીસ કર્મચારીઓનો ગઈકાલે જેતે સ્થાનિક પોલીસ મથક કે ફરજની જગ્યાએ વય નિવૃતિ વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.સરકારીતંત્રમાં તા.1 જૂનનો જન્મદિવસ અનેક અધિકારીઓ-કર્મચારીઓનો હોય છે.


સિટી એક્સપ્રેસ

TUESDAY 02 JULY-2024

AHMEDABAD


## કાર ટકરાવનારને ઠપકો આપતા ધોકાથી માર માર્યો

શહેરના સેક્ટર 24 શાકમાર્કેટમાં યુવત તેના પરિવાર સાથે શાકભાજી ખરીદવા ગયો હતો. તે દરમિયાન તેનુ વાહન એક સાઈડમાં કરી ફોન ઉપર શુ શુ શાકભાજી લાવવી તેની વાત કરતો હતો. તે દરમિયાન એક ઈકો કારના ચાલકે પાછળથી ટક્કર મારી દીધી હતી. જેથી કાર સંભાળીને ચલાવવાનુ કહેતા તેમાંથી 3 લોકો ઉતર્યા હતા અને યુવક ઉપર ધોકાથી હુમલો કરી માર મારતા સેક્ટર 21 પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.વિશ્વ કૌશિકકુમાર જાની ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ત્યારે ગત રોજ સાંજના સમયે બે વાહન ઉપર ઘરના સભ્યો સેક્ટર 24 શાકમાર્કેટ ખાતે શાકભાજી લેવા ગયા હતા.



### સેફ્ટી ફીચર વ્હીકલની એર બેગ ખૂલી ગઈ, પણ ત્રણ બચ્યા નહીં ફોર્ચ્યુનરની સ્પીડ 150-200ની હતી

# બોપલ SP રિંગરોડ પર ફોર્ચ્યુનરે થારને ઉડાવી, 3નાં મોત

(એજન્સી) અમદાવાદ । તા.01

અમદાવાદના બોપલબ્રિજ પાસે વહેલી સવારે બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં ત્રણ લોકોનાં મોત થયાં છે, જ્યારે એક વ્યક્તિ ઈજાગ્રસ્ત છે, જેને સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે. દારૂ ભરેલી ગાડી અન્ય ગાડી સાથે અથડાઈ હતી, જેમાં દારૂ ભરેલી ગાડીમાં બેઠેલી એક વ્યક્તિ અને સામેવાળી ગાડીમાં બેઠેલી બે વ્યક્તિનાં મોત થયાં છે. ટ્રાફિક-પોલીસે સ્થળ પર પહોંચીને તપાસ શરૂ કરી છે. પોલીસસૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, ફોર્ચ્યુનરની સ્પીડ 150-200ની હતી. જોકે 200ની સ્પીડ પર કાર ટકરાઈ હોવાનું જાણવા મળ્યું છે. કારનું સ્પીડમીટર 200 પર બંધ થયેલું દેખાય છે. FSL દ્વારા પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે. વરસાદના કારણે ટાયર માર્ક નહીં મળી શકે છે. પોલીસ તપાસમાં ઘટના બની ત્યાં આજુબાજુના વિસ્તારોમાં સીસીટીવી કેમેરા બંધ હોવાનું સામે આવ્યું છે. વહેલી સવારે ફોર્ચ્યુનર વૈષ્ણોદેવી તરફથી બોપલ તરફ આવી રહી હતી. આ ફોર્ચ્યુનરમાં ઓમ પ્રકાશ ઉર્ફે પપ્પુ(રાજસ્થાન) અને રાજુરામ બિશ્નોઈ(રાજસ્થાન) સવાર હતા. જ્યારે બોપલ બ્રિજ તરફથી થાર આવી રહી હતી. આ થારમાં અજિત કાઠી અને મનીષ ભટ્ટ સવાર હતા. આ દરમિયાન થાર રાજપથ ક્લબ રોડ તરફ, એટલે કે જમણી બાજુ ટર્ન લેવા જઈ રહી હતી... બરાબર ત્યારે જ એ સાઈડથી જ આવી રહેલી ફોર્ચ્યુનર અથડાઈ હતી, જેમાં મનીષ ભટ્ટ, અજિત કાઠી અને ઓમ પ્રકાશનાં મોત થઈ ગયાં હતાં, જ્યારે રાજુ રામ બિશ્નોઈ સારવાર હેઠળ છે. ઉલ્લેખનીય છે કે ફોર્ચ્યુનર દારૂથી ખીચોખીચ ભરી હતી.







### મૃતકનાં નામ

- અજિત કાઠી, ઉં.વ: 32, રહેઠાણ: વિરમગામ.
- મનીષ ભટ્ટ, ઉં.વ: 52, રહેઠાણ: સાબરમતી, મૂળ વિરમગામ.
- ઓમપ્રકાશ ઉર્ફે પપ્પુ, ફોર્ચ્યુનરનો ચાલક

### ફોર્ચ્યુંનરમાં અલ્ટોની નંબરપ્લેટ ચીપકાવી!

ફોર્ચ્યુંનર ગાડીની નંબરપ્લેટમાં GJ18 BK 9808 નંબર છે. આ નંબર પ્લેટમાં મારુતિ કંપનીની અલ્ટો ગાડી છે. એક જ નંબરની બે ગાડી હોવી શક્ય નથી, જેથી ફોર્ચ્યુનર ગાડીની નંબરપ્લેટ ખોટી લગાવવામાં આવી છે. ઓન પેપર આ નંબરથી અલ્ટો ગાડીની છે, જેના માલિકનું નામ પણ જયંતી હોય એવી શક્યતા છે. પોલીસે આ દિશામાં પણ તપાસ હાથ ધરી છે.

### ઈજાગ્રસ્તની સોલા સિવિલમાં સારવાર

બોપલબ્રિજ પાસે દારૂ ભરીને આવી રહેલી ફોર્ચ્યુનર ગાડી પૂરપાટ ઝડપે થાર સાથે અથડાઈ હતી .ફોર્ચ્યુનર ગાડી ચલાવી રહેલી વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી છે, જેની સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. જ્યારે ત્રણેય મૃતકોના પોસ્ટમોર્ટમની તજવીજ હાથ ધરાઈ છે.

### બૂટલેગર વૈષ્ણોદેવીથી બોપલ આવતો હતો અને અકસ્માત

અમદાવાદના વકીલ સાહેબ બ્રિજથી રાજપથ ક્લબ તરફ વળતા રોડ પાસે આજે સવારે પાંચ વાગ્યે બૂટલેગરની કારના કારણે ત્રણ લોકોનાં મોત નીપજ્યાં હોવાનો બનાવ સામે આવ્યો છે. બૂટલેગરની ફોર્ચ્યુનર કારમાં દારૂ ભર્યો હતો, જે વૈષ્ણોદેવીથી બોપલ તરફ જઈ રહી હતી, ત્યારે રાજપથ ક્લબના વળાંક બાજુ એક થાર કારે યુટર્ન મારતાં એ જોરથી ટકરાઈ હતી અને કાર અકસ્માતના સ્થળથી 150 ફૂટ દૂર ફેંકાઈ હતી, જેમાં થારમાં બેઠેલા બે લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે ફોર્ચ્યુનર કાર ઢસડાઈને 300 મીટર દૂર સુધી ફેંકાઈ હતી, જેમાં દારૂ ભર્યો હતો. એમાં પણ બેઠેલી એક વ્યક્તિનું મોત નીપજ્યું છે.

### ફોર્ચ્યુનર દારૂથી ખચોખચ ભરી હતી

વહેલી સવારે ફોર્ચ્યુનર વૈષ્ણોદેવી તરફથી બોપલ તરફ આવી રહી હતી. આ ફોર્ચ્યુનરમાં ઓમ પ્રકાશ ઉર્ફે પપ્પુ(રાજસ્થાન) અને રાજુરામ બિશ્નોઈ(રાજસ્થાન) સવાર હતા. જ્યારે બોપલ બ્રિજ તરફથી થાર આવી રહી હતી. આ થારમાં અજિત કાઠી અને મનીષ ભટ્ટ સવાર હતા. આ દરમિયાન થાર રાજપથ ક્લબ રોડ તરફ એટલે કે જમણી બાજુ ટર્ન લેવા જઈ રહી હતી, બરાબર ત્યારે જ એ સાઈડથી જ આવી રહેલી ફોર્ચ્યુનર અથડાઈ હતી. એમાં મનીષ ભટ્ટ, અજિત કાઠી અને ઓમ પ્રકાશનાં મોત થઈ ગયાં હતાં, જ્યારે રાજુ રામ બિશ્નોઈ સારવાર હેઠળ છે. ઉલ્લેખનીય છે કે ફોર્ચ્યુનર દારૂથી ખચોખચ ભરી હતી.

---

**CRIME NEWS**

### સરસપુરમાં 7 હજાર માટે મિત્રએ માનસિક ત્રાસ અને ધમકી આપતા યુવકે આપઘાત કર્યો

અમદાવાદ | સરસપુરમાં રહેતા યુવકના ચાર મહિના પહેલા લગ્ન થયા હતા, લગ્ન વખતે તેના મિત્ર પાસેથી ઉછીના ૨૬ હજાર રૂપિયા લીધા હતા. જે પૈકી રૂા. ૭,૦૦૦ આપવાના બાકી હતા. આ રૂપિયા માટે મિત્ર અવાર નવાર ફોન કરતો હતો અને રૂબરુ મળીને પણ રૂપિયાની માંગણી કરતો હતો. બે દિવસ પહેલા મિત્રએ ફોન કરીને સાંજ સુધીમાં રૂપિયા નહી આપે તો ઘરે આવીને તકરાર કરીશ તેવી ધમકી આપી હતી. જેથી ડરના માર્યા યુવકે આપઘાત કર્યો હતો. આ બનાવ અંગે શહેરકોટડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સાંજ સુધીમાં રૂપિયા નહી આપે તો ઘરે આવીને તકરાર કરીશ તેવી ધમકી આપી હતી, ડરના માર્યા યુવકે ગળેફાંસો ખાઇ આપઘાતની ફરિયાદ સરસપુર વિસ્તારમાં રહેતા ૨૯ વર્ષના શ્રમજીવી યુવકના ચાર મહિના પહેલા લગ્ન થયા હતા. લગ્ન સમયે યુવકે મિત્ર પાસેથી ઉછીના રૂા. ૨૬,૦૦૦ લીધા હતા. જેમાંથી રૂા. ૧૯ હજાર રૂપિયા પરત આપી દીધા હતા બાકી રૂા. ૭,૦૦૦ હતા જે લેવા માટે મિત્ર યુવકને રૂબરુ મળીને તેમજ અવાર નવાર ફોન કરીને હેરાન પરેશાન કરીને માનસિક ત્રાસ આપતો હતો. પતિએ ગભરાઇશ નહી આવશે તો જોઇ લઇશું તેવી વાત કરીને હિંમત આપી હતી.

### કઇ મહિલા સાથે વિડિયો કોલ પર વાત કરો છો કહેતા પતિએ સગર્ભા પત્નીને પેટ ઉપર લાત મારી

અમદાવાદ | ખોખરામાં પતિ પત્ની ઓર વો ફિલ્મ જેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં પતિ અન્ય મહિલા સાથે વિડિયો કોલ ઉપર વાતચીત કરતો હતો. પત્નીએ કોની સાથે વાત કરો છો તેમ પૂછતાં પતિએ તું તારા કામથી કામ રાખ હું ગમે તેની સાથે વાત કરવી હશે તેની સાથે વાત કરીશ. પતિના કરતૂતની વાત કરતા સાસુ અને પતિ તથા પરણીતાના જેઠના પુત્રે ભેગા થઈને મહિલાને ઢોર માર માર્યો એટલું જ નહી પતિએ સગર્ભા પત્નીના પેટ ઉપર લાત મારી હતી જેથી મહિલાને પેટમાં દુખાવો થતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ બનાવ અંગે ખોખરા પોલીસે પતિ સહિત પરિવારના સભ્યો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પતિએ કહ્યું તું તારા કામથી કામ રાખ બીજી કોઇ પંચાયત કરીશ નહી, મારે જેની સાથે વાત કરવી હશે તેની સાથે વાત કરીશ કહીને મારતા સગર્ભા સારવાર હેઠળ ખોખરામાં પરિવાર સાથે રહેતી ૩૦ વર્ષની મહિલાએ ખોખરા પોલીસ સ્ટેશનમાં પતિ અને સાસુ તથા ભત્રીજા સામે ફરિયાદ નોંધાવી છે કે મહિલા અને પતિના બીજી વખતના લગ્ન છે. તા.૨૭ના રોજ સવારે મહિલા ખરીદી કરીને ઘરે આવી ત્યારે તેના પતિ કોઈ અજાણી મહિલા સાથે વિડીયો કોલમાં વાત કરતા હતા.

### હવામાન વિભાગે આગામી બે દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી

# સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ: બે સિસ્ટમ એક્ટિવ થતાં પાંચ દિવસ મેઘરાજા ભુક્કા બોલાવશે

(એજન્સી) અમદાવાદ । તા.01

હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી પાંચ દિવસ દરમિયાન સમગ્ર ગુજરાત રાજ્યમાં સાર્વત્રિક વરસાદની શક્યતા છે. આ ઉપરાંત આજે ગુજરાતના વિવિધ ભાગોમાં ક્યાંક અત્યંત ભારેથી અતિભારે તો ક્યાંક ભારે વરસાદની શક્યતા છે, જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં તથા દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગે આગામી બે દિવસ સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે, જ્યારે અમદાવાદમાં ભારે વરસાદની આગાહી કરી છે.



### મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદની શક્યતા

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રમાશ્રય યાદવે જણાવ્યું હતું કે હાલમાં ગુજરાત પર સાઈક્લોનિક સર્ક્યુલેશન સક્રિય બન્યું છે. એમાં દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના ભાગોમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન સક્રિય બન્યુ છે. આ સાથે જ એક ટ્રફ મધ્ય ગુજરાતથી લઈને મધ્યપ્રદેશ સુધી લંબાય છે, જેને કારણે ગુજરાતના દક્ષિણ ભાગમાં તથા મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદની શક્યતા છે. અમદાવાદ શહેરમાં ગઈકાલે ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ સાથે જ ફક્ત 4થી 5 કલાકમાં અમદાવાદ શહેરમાં છ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો.

### જૂનમાં 12% વરસાદની ઘટ પડી

આ વર્ષે જૂન મહિનામાં 104 મિમી વરસાદ નોંધાયો જૂન મહિનાના અંત સુધીમાં ગુજરાતમાં 118 મિલીમીટર જેટલો વરસાદ થવો જોઈએ, પરંતુ આ વર્ષે હજુ 104 મિલીમીટર વરસાદ ખાબક્યો છે, જેને કારણે હજુ પણ 12 ટકાની ઘટ છે, જોકે હવામાન વિભાગે અગાઉથી આગાહી કરી હતી કે આ વર્ષે ગુજરાતમાં સારો વરસાદ રહેશે અને 106 ટકા જેટલો પડશે, પરંતુ જૂન મહિનાના અંત સુધીમાં વરસાદની ઘટ નોંધાઈ છે. ગઈકાલે સૌથી વધુ વરસાદ પલસાણામાં નોંધાયો અમદાવાદ સહિત સમગ્ર ગુજરાત રાજ્યના વિવિધ ભાગોમાં છેલ્લા કેટલાક દિવસથી સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે, જેમાં ગઈકાલે સુરતના પલસાણા તાલુકામાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો અને ગુજરાતમાં સૌથી વધુ વરસાદ આ તાલુકામાં નોંધાયો હતો. તેમ છતાં હજુ પણ હવામાન વિભાગ અનુસાર ગુજરાતમાં 30 જૂન સુધી 12% વરસાદની ઘટ છે. નોંધનીય છે કે હવમાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે વધુ વરસાદ પડી શકે છે.

### અમદાવાદમાં બીજા દિવસે મેઘરાજાની બેટિંગ

#### પાલડી, આશ્રમ રોડ, હાટકેશ્વર, નરોડામાં ધોધમાર વરસાદથી રસ્તાઓ પાણી પાણી થયા



(એજન્સી) અમદાવાદ । તા.01

હવામાન વિભાગે આજે પણ મધ્ય ગુજરાતમાં અમદાવાદ શહેરમાં સાંજે વરસાદની આગાહી કરી છે. ત્યારે બપોરે 4 વાગ્યાથી જ અમદાવાદના વિવિધ વિસ્તારોમાં ક્યાંક ધીમી ધારે તો ક્યાંક મધ્યમ વરસાદ તો ક્યાંક ધોધમાર વરસાદ ખાબક્યો છે. બપોરથી જ શહેરના પશ્ચિમ ભાગમાં કાળા ડિબાંગ વાદળો બંધા હતા. જે બાદ ધીમી ધારે વરસાદની શરૂઆત થઈ છે. પાલડી, આશ્રમ રોડ પર ધીમી ધારે વરસાદ શહેરના પાલડી, જમાલપુર, આશ્રમ રોડ, ઈન્કમટેક્સ, સરદારનગર, કોતરપુર સહિતના વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે. ત્યારે હાટકેશ્વર, નરોડા સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો.

### NEET કૌભાંડનો આરોપી 4 દિવસના રિમાન્ડ પર: અમદાવાદ CBI કોર્ટના જજ સમક્ષ દીક્ષિત પટેલને રજૂ કરાયો

(એજન્સી) અમદાવાદ । તા.01

મેડિકલમાં પ્રવેશ મેળવવા સ્પર્ધાત્મક પરીક્ષા નીટમાં ઘણા બધા વિદ્યાર્થીઓને પૂરેપૂરા માર્ક્સ આવતાં સમગ્ર દેશમાં આ પરીક્ષામાં કૌભાંડ આચરાયું હોવાની શક્યતાને લઈને વિદ્યાર્થીઓ દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા. ત્યારે ગુજરાતના ગોધરા ખાતેના પરીક્ષા સેન્ટર પર કૌભાંડ થયું હોવાથી પોલીસ તપાસ હાથ ધરવામાં આવી હતી. એમાં સ્થાનિક પોલીસે ચાર આરોપીને પકડ્યા હતા, જેમના રિમાન્ડ અગાઉ ગોધરા કોર્ટે ગ્રાહ્ય રાખ્યા હતાં. ત્યાર બાદ આ કેસની તપાસ સરકારે CBIને સોંપી છે. CBIએ આ ચાર આરોપીના રિમાન્ડ માગતાં તેમના ચાર દિવસના રિમાન્ડ આપવામાં આવ્યા હતા. કૌભાંડમાં સંડોવાયેલા દીક્ષિત પટેલ નામના વધુ એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જેને ગઈકાલે રાત્રે અમદાવાદની CBI કોર્ટના જજ સમક્ષ સર્કિટહાઉસ ખાતે રજૂ કરવામાં આવ્યો હતો. CBI કોર્ટે આરોપીના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. તમામ આરોપી જ્યુડિશિયલ કસ્ટડીમાં હતા



ઉલ્લેખનીય છે કે આરોપીઓ સામે ગોધરા તાલુકા પોલીસ મથકે IPCની કલમ 406, 409, 420, 120B 34 અને 201 મુજબ તેમજ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ 7(A, 7a અને 13(2) મુજબ ફરિયાદ નોંધવામાં આવી હતી. આરોપીઓમાં આરિફ વોહરાની 12 મેના રોજ પોલીસે ધરપકડ કરી હતી. કોર્ટે પોલીસને ચાર દિવસના રિમાન્ડ આપ્યા હતા. 20 મેના રોજ આરોપી પુરુષોત્તમ શર્માની ધરપકડ કરવામાં આવી હતી. તેના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. આરોપી વિભોર પ્રસાદની 19મીના રોજ ધરપકડ કરવામાં આવી હતી. તેના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા.

### રાજ્ય સરકારે પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરતી નવી યોજના અમલમાં મૂકી

વિશાલ જે હરવરા જામનગર

દેશના નાગરીકોના સ્વાસ્થ્યની ચિંતા કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રાકૃતિક કૃષિને અપનાવવા આહવાન કર્યું છે. વડાપ્રધાનશ્રીના આહવાનને હકારાત્મક પ્રતિસાદ આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરતી વિવિધ પહેલો હાથ ધરવામાં આવી રહી છે. કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ કૃષિ વિભાગે શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવા ખેડૂતોને પ્રોત્સાહન મેળે, તેવા નેક આશયથી આ વર્ષે નવી યોજના અમલમાં મૂકી છે. રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી નવી યોજનાની માહિતી આપતા કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના દરેક નાગરિકને રાસાયણીક ખાતર તેમજ જંતુનાશક દવાના ઉપયોગ કર્યા વિના ઉત્પાદિત કરેલા શાકભાજી પાકો સરળતાથી મળી રહે તે માટે "શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાની યોજના" અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ શાકભાજીની ખેતી પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી કરતા હોય તેવા ખેડૂતોને બિયારણ, પ્રાકૃતિક ઈનપુટ ખેતી ખર્ચ તથા શાકભાજીની પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે તે માટે મહત્તમ રૂ. ૨૦,૦૦૦ પ્રતિ હેકટર સહાય આપવામાં આવશે.

### ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલયને મળ્યું ISO 9001:2015 સર્ટિફિકેશન

(એજન્સી) ગાંધીનગર । તા.01

મુખ્યમંત્રી કાર્યાલયની ઉચ્ચકક્ષાની ગુણવત્તાયુક્ત, સમયબદ્ધ અને પ્રજાલક્ષી સુચારૂ કામગીરીને આંતરરાષ્ટ્રીય માપદંડ મુજબ પ્રમાણિત કરતાં આ ISO ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન એનાયત કરવામાં આવ્યું છે. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી તરીકે રાજ્યની વહીવટી કાર્યસંસ્કૃતિમાં ગુણાત્મક પરિવર્તન લાવવાની પ્રતિબદ્ધતા સાથે ગુણવત્તા અને કાર્યસિદ્ધિના ઉદ્દેશ્યથી મુખ્યમંત્રી કાર્યાલયને ૨૦૦૯માં ISO બેન્ચમાર્કની ક્વોલિટી ઉપર મૂક્યું હતું.




### શહેરમાંથી રૂ.41 હજારની નકલી ચલણી નોટો સાથે 3 લોકો ઝડપાયા

(એજન્સી) અમદાવાદ । તા.01

અમદાવાદ શહેરમાંથી રૂ.41 હજારની નકલી ચલણી નોટો સાથે 3 લોકો ઝડપાયા છે. જેમાં કાલુપુર AMTS ટર્મિનલ પાસેથી આરોપીઓને ઝડપી લેવાયા છે. તેમાં પાંચ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. તેમજ બે આરોપીઓ હજુ ફરાર છે. આરોપીઓ 41 હજારની નકલી નોટની ડીલીવરી આપવા જતા ઝડપાયા હતા. ડુપ્લિકેટ ચલણી નોટો મંગાવનાર રિક્ષા ચાલક સહિત ત્રણ આરોપી ઝડપાયા કાલુપુર એએમટીએસ બસ ટર્મીનલ પાસે ઝોન-3 એલસીબીએ બાતમી આધારે શનિવારે બપોરે વોચ ગોઠવી એમપીથી ડુપ્લિકેટ ચલણી નોટો મંગાવનાર રિક્ષા ચાલક સહિત ત્રણ આરોપીને ઝડપી લીધા છે. આરોપીઓ 41 હજારની નકલી નોટની ડીલીવરી આપવા જતા ઝડપાયા હતા. કાલુપુર પોલીસે પાંચ સામે ગુનો નોંધી ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. આ મામલે સરાફતહુસેન અલ્તાફહુસેન અંસારી (રહે, એમપી), ફરદીનખાન યુનુસખાન પઠાણ (રહે, એમપી), સંજય ઉર્ફે સંજુ ચંદરલાલ ખખરાણી રહે,કૂબેરનગર), મો.હકીમ મો.આમીન અંસારી (રહે, એમપી) અને અમર ઉર્ફે દશરથ નટવરલાલ દંતાણી (રહે,કુબેરનગર) સામે ફરિયાદ નોંધાઈ છે. રૂ.100 અને 200ના દરની નકલી નોટો ઝડપાઈ છે એલસીબીના અધિકારીઓને બાતમીના આધારે વોચ ગોઠવી કાલપુર પાસેથી એએમટીએસ ટર્મિનલ પાસેથી નકલી ચલણી નોટોના જથ્થા સાથે રિક્ષામાં પસાર થતા રિક્ષા ચાલક સંજય ઉર્ફે સંજુ ખખરાણી, સરાફતહુસેન અંસારી અને ફરદીનખાન પઠાણને ઝડપી લીધા હતા.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...